યુસુફે ઝહરા ઈમામ મહદી (અ.સ.)ની ખિદમતમાં

# મજાલીસે અઝા

ભાગ-૧૯

આ કિતાબ ખાતુને જન્નત જ. ઝહરા (સ.અ.)ની
ખિદમતમાં હદીયો કરીએ છીએ.
હદીયો : વકફ

: સંકલન અને પ્રાપ્તિસ્થાન :

## યુસુફે ઝહરા પબ્લીકેશન

૧૦૧/૭, કાઝમૈન સોસાયટી, ફાતેમા સોસાયટી રોડ,
નાયરા પેટ્રોલ પંપ પાસે, મહુવા-૩૬૪૨૯૦
મો. નં. ૭૫૬૭૩૮૨૨૨૦

## અનુક્રમણિકા


| ક્રમ | મજલીસ | પાના |
|---|---|---|
| ૧ | અઝાદારીમાં ખર્ચ કરવું અને હિદાયત | 03 |
| ૨ | મોઅમીનના ગુનાહોને છુપાવવા.. અને જ.હુર (અ.સ.)ના ફરઝંદના મસાયેબ | ૦૯ |
| 3 | હઝરત અલી અસગર (અ.સ.) બાબુલ હવાએજ અને તેમના મસાયેબ | ૧3 |
| ૪ | કાતિલની હિદાયત અને ઈમામ હુસૈન (અ.સ.)ના મસાએબ | ૧૭ |
| ૫ | તબર્રૂકે ઈમામ હુસૈન (અ.સ.) ની અઝમત અને હઝરત અલી અસ્ગર (અ.સ.) ના મસાયેબ | ૧૯ |
| ૬ | એક આંસુની કિંમત અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ઝબાનથી ઈમામ હુસૈન (અ.સ.)ના મસાયેબ | ૨૨ |
| ૭ | નામે ફાતેમા (સ.અ.)થી શિફા અને હિદાયત અને મસાયેબ | ૨૯ |
| ૮ | મૌલા હુસૈન (અ.સ.)એ આયતુલ્લાહને નવી જીંદગી અતા કરી અને ઈમામ હસન (અ.સ.)ના મસાયેબ | 33 |
| ૯ | ઈમામ હુસૈન (અ.સ.)થી તવસ્સુલ અને શિફા તથા જ. જૌનના મસાયેબ | 3૮ |
| ૧૦ | કૈદથી રિહાઈ અને મસાએબ | ૪૧ |
| ૧૧ | સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.)ની નૂરાની કલમ | ૪૫ |
| ૧૨ | મૌલા અબ્બાસ (અ.સ.)થી તવસ્સુલ અને મૌલા અબ્બાસ (અ.સ.)ના મસાયેબ | ૪૯ |
| ૧૩ | ઈમામ રેઝા (અ.સ.)ના ફઝાયેલ અને મસાયેબ | ૫૪ |
| ૧૪ | જ. ઝહરા (સ.અ.) ના નામથી તવસ્સુલ અને જ.મોહસીન (અ.સ.)ના મસાયેબ | ૬૧ |
| ૧૫ | જ સકીના (સ.અ.)થી તવસ્સુલ અને જ સકીના (સ.અ.)ના મસાયેબ | ૬૬ |
| ૧૬ | ઈ. મુસા કાઝીમ (અ.સ.)ના ફઝાયેલ અને મસાયેબ | ૭૦ |
| ૧૭ | અઝા એ હુસૈન (અ.સ.) અને ઈનાયતે ઝહરા (સ.અ.) અને જ. ઝહરા (સ.અ.)ના મસાએબ | ૭3 |
| ૧૮ | ઈમામ સજ્જાદ (અ.સ.)ના ફઝાયેલ અને મસાયેબ | ૭૭ |

## મજલીસ: 01
## અઝાદારીમાં ખર્ચ કરવું અને હિદાયત

બીસ્મીલ્લાહીર્રહમાનીર રહીમ.

ખૂત્બો અને દુઆએ અલ્લાહુમ્મ કૂન્ લે વલીય્યેકલ.......

કાલ રસુલુલ્લાહે((સ.અ.)વ): ઈન્નલ હુસૈન મિસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત.હઝરત રસુલે ખુદા((સ.અ.)વ) મેઅરાજમાં ગયા તો આપે અર્શે ઈલાહી પર લખેલું જોયુ કે: "ઈન્નલ હુસૈન મિસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત".

"બેશક ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે". (સલવાત)

અગર ઈન્સાન નજાત મેળવવા ચાહે છે તો ઈમામ હુસૈન (અ.સ.) નજાતની કશ્તી છે,તેમાં સવાર થઈ જાય તો નજાત પામશે. અગર ઈન્સાન ગુમરાહી અને કુફ્રનાં અંધકારમાંથી પ્રકાશ મેળવવા ચાહે તો બેશક ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનાં ચિરાગ છે.. (સલવાત)

બીજી એક હદીસે મુબારેકામાં હઝરત રસુલે ખુદા((સ.અ.)વ) ફરમાવે છે: મારી એહલેબૈતની મિસાલ કશ્તીએ નુહ (અ.સ.)ની જેવી છે, જે તેમાં સવાર થયો તે નજાત પામ્યો અને જે પાછળ રહી ગયો (એટલે કે કશ્તીમાં સવાર ન થયો) તે ડૂબી ગયો અને ગુમરાહ થઈ ગયો...

વાકેઅન ઈમામ હુસૈન (અ.સ.) અને તેમનાથી મન્સુબ દરેક ચીજો હિદાયતનો સબબ અને નજાતનો વસિલો છે. અઝાદારી, મજલીસે અઝા, નૌહા-મરસીયાનું પઢવું, ગમે હુસૈન (અ.સ.)માં આંસુ વહાવવું, માતમ, સીનાઝની, અઝાદારીમાં ખર્ચ કરવું, મદદ કરવી, આ દરેક બાબત ઈન્સાન માટે હિદાયત અને નજાતનું કારણ બને છે. આપણે એક વાકેઓ સાંભળીએ કે જેથી આપણને આ વાત એકદમ સ્પષ્ટ થઈ જાય. (સલવાત)

વાકેઆને બયાન કરતા પહેલા એક હદીસ બયાન કરી દઉ.

**હઝરત મુસા (અ.સ.)ની મુનાજાતનાં જવાબમાં અલ્લાહ તઆલા ફરમાવે છે: "અય મુસા! જે કોઈ હઝરત મોહમ્મદ મુસ્તુફા ((સ.અ.)વ)નાં**

**ફરઝંદની મોહબ્બતમાં પોતાનો માલ ખર્ચ કરશે તો હું તેમાં બરકત આપીશ ત્યાં સુધી કે તેનો એક દિરહમ, ૭૦ દિરહમની બરાબર થઈ જશે અને તેને ગુનાહોથી પાક સ્થિતીમાં જન્નતમાં દાખલ કરીશ"** (મુસ્તદરકુલ વસાએલઃ ભાગ ૧૦, પેજ નં.૩૧૮)

એક ઈરાની ડોક્ટર કહે છે કે અમે અરબઈન એ હુસૈની માટે ઈરાક ગયા હતા.અમારી પાસે અમારો પોતાનો કાફલો હતો અને અમે સાથે હતા. ચાલતા ચાલતા, એક વૃદ્ધ વ્યક્તિએ અમારા પગ પકડ્યા અને કહ્યુંઃ હું તમને નહી છોડીશ જ્યાં સુધી તમો તમારા કદમ મારા ઘરમાં નહી રાખો અને આમ કહીને રડવા લાગ્યો. અમે ન ચાહતા હોવા છતાં પણ તેની ઈચ્છાને રદ ન કરી શક્યા.

તેણે અમને નજફ અને કરબલાની વચ્ચે તેના ઘરમાં જગ્યા આપી.પરંતુ ત્યાં અજીબ લોકો હતા. સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો, બધા અમને આવકારવા માટે બહાર આવ્યા. જેવી રીતે કે એક રાજાને દરબારમાં લાવવામાં આવે છે તેવી રીતે અમને અંદર લઈ જવામાં આવ્યા.અમે હાથ ધોઈને નમાઝ પઢી, બેહતરીન જમવાનું પેશ કર્યું.અમે જમ્યા પછી થોડો આરામ કર્યો અને તેઓ ચા લેવા માટે ગયા. અમે જોયું કે સામે દીવાલ પર એક મોટો ફોટો લગાડેલો છે. એક બંદાની મય્યત છે. જેને કફન પેહારાવેલું છે અને તેની આજુબાજુ લોકો ઉભા રહીને રડી રહ્યા છે. જ્યારે અમે ધ્યાન આપ્યું તો તે જ વૃદ્ધ શખ્સનું મય્યત હતું. તે અંદર આવ્યા, અમે પૂછ્યું તો  તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તેણે કહ્યું તમે ચા પીવો, હું તમને વાકેઓ સંભળાવું છું.

તે આ રીતે બન્યું કેઃ મૌત પછી મને બીજો મૌકો આપવામાં આવ્યો.

મારી જવાની ખૂબજ ગુનાહોમાં પસાર થયી હતી. શરાબ, શબાબ અને દરેક ગુનાહમાં મારી જેવો બીજો કોઈ ન હતો. મને ઇબાદત, અઝાદારી, આ બધુજ મજાક લાગતું હતું. એક વર્ષે અરબઇન દરમિયાન મશી (ચાલવાનું) શરૂ હતું. હું એમ જ રીફ્રેશમેન્ટ માટે ઘરની બહાર આવ્યો કે જેથી કોઈ સારું ખાણું ખાઈ લઉ. એટલામાં એક 'મવકીબ' પર પોતાનાથી પરિચિત વ્યક્તિને જોયો કે જે ત્યાં ચા આપી રહ્યો હતો. તેણે મને જોયો તો કહ્યુંઃ "અલ્લાહ તારો લાખ

લાખ શુક્ર છે, એક બંદો તો મળી ગયો. તેણે મને કહ્યું: તાત્કાલિક જાઓ અને ફલાણી મવકીબ પર થી બે કિલો ખાંડ લઈ આવો.  ન ચાહતો હોવા છતાં પણ તે મવકીબ પર જતો રહ્યો. ત્યાંથી એક પ્લાસ્ટિકની થેલીમાં ખાંડ લીધી અને મવકીબ તરફ આવવા લાગ્યો. અચાનક ડાબી બાજુ છાતીમાં સખત દુઃખાવો થવા લાગ્યો અને મારી આંખો સામે અંધારું છવાઈ ગયું. મેં જોયું કે  ખૂબજ બદસૂરત અને ખતરનાક શકલો સુરત વાળી  મખ્લુક આવી અને મને બંને હાથથી પકડીને કહ્યું કે તેનાં નામાએ આમાલમાં કંઈ જ સારું નથી. અલ્લાહનો હુકમ છે કે તેને જહન્નમમાં ફેંકી દો. હું જોર જોરથી રડવા લાગ્યો કે મને એક મૌકો આપો.પરંતુ જાણે તેઓ લોખંડના બનેલા હતા, મારા રડવાની તેઓ પર કંઈ પણ અસર થતી ન હતી. મેં દૂરથી જહન્નમ જોઈ લીધી, જેની આગની જ્વાળાઓ  ઝબાનની જેમ બાહર નિકળીને હુમલો કરીને લોકોને શિકાર બનાવીને અંદર લઈને ગળી રહી હતી. મારા પર આ જોઈને કયામત તૂટી પડી.

એટલામાં એક અવાજ આવ્યો, અટકી જાવ , અબા અબ્દીલ્લાહીલ હુસૈન (અ.સ.) આવી રહ્યા છે. અચાનક બન્ને બદસૂરત ફરિશ્તાઓ મારો હાથોને છોડીને અદબની સાથે માથું જુકાવીને ઊભા રહી ગયા.

અલ્લાહો અકબર! એક સુંદર અને ખૂબસૂરત ચહેરા વાળા મૌલા  આવ્યા અને આસપાસની તમામ મખ્લુક તેમના એહતેરામમાં  ઉભી થઈ ગઈ. તેમણે બન્ને ફરિશ્તાઓને કહ્યું: તમે તેને જહન્નમમાં કેમ લઈ જાઓ છો?

તેઓએ કહ્યું: અય અમારા સૈયદ અને મૌલા! આનું નામાએ આમાલ બિલ્કુલ કાળું છે.

મૌલાએ ફરમાવ્યું: એક વાર ફરી જુઓ.

તેણે કહ્યું: તે બિલ્કુલ કાળું છે, ફક્ત બે કિલો ખાંડની નેકી છે, જે તમારા ઝાએરીન માટે લાવી રહ્યો હતો. પણ આ બહુજ ઓછું છે.

મૌલાએ ફરમાવ્યું: દરેક દાણાના બદલામાં  એક એક  ગુનાહ મિટાવી દો.

તેઓએ કહ્યું: હા ,મૌલા! મિટાવી દીધા ,તો પણ હજી તેના પહાડ જેટલા ગુનાહો બાકી રહી જાય છે.

મૌલાએ પોતાની અબા ઉતારીને ફરમાવ્યું: તેને જહન્નમમાં ન નાખો. તેની તરફથી હું એક અબા ખાંડ ભરીને મવકીબ સુધી પહોંચાડી દઈશ. શું તે કાફી રહેશે?

ફરિશ્તાઓએ કહ્યું: અય અમારા મૌલા! તમે તો જન્નત અને જહન્નમનાં માલિક છો. અમારી શું ઔકાત છે કે અમે તમને ખાંડ લાવવા માટે કહીએ. અલ્લાહ તરફથી હુકમ આવ્યો કે મેં આ બંદાને ઈમામ હુસૈન (અ.સ.)ને બક્ષી આપ્યો. હવે ઈમામ હુસૈન (અ.સ.) તેના માટે જે ચાહે તે કરે.

મને મૌલાની સામે ઉભો કરવામાં આવ્યો. પછી મૌલાએ ફરમાવ્યું: તમે શું ચાહો છો?

મેં કહ્યું: મૌલા! મને એક મૌકો આપો કે હું તમારા ઝાએરોની માટીને આંખોમાં લગાવીશ. બધીજ વાજીબાતની કઝા બજાવી લાવીશ.તો મૌલાની આંખમાં આંસુ આવી ગયા, મારા મૌલા રડવા લાગ્યા અને તેમણે મને ફરમાવ્યું: મારા અઝાદારોને કહો કે નેક અમલ કરે, અહીં ફરિશ્તાઓની સામે તમારા લોકોના આમાલના કારણે મને કેટલી શરમીંદગી ઉઠાવવી પડે છે અને તે વૃદ્ધ ઈરાકી માથું જુકાવીને રડવા લાગ્યો. ઈરાની ડૉક્ટર કહે છે કે તે પણ માથું જુકાવીને રડતો હતો અને કાફલા વાળાઓ પણ રડવા લાગ્યા.

અગર આપણે આવા કરીમ મૌલાથી સાચી મોહબ્બત કરીએ છીએ તો બે ચીજને જીંદગીમાં કયારેય ન ભૂલીએ.

1 વાજીબાતની અદાયેગી કરીએ અને ગુનાહોથી દુર રહીએ. 2 હલાલ રીઝક હાંસિલ કરીએ.

ઈમામ હુસૈન (અ.સ.)ની ખુશ્નુદી માટે આવાઝે બુલંદ સલવાત (તરજુમો: ઉસ્તાદ મિસમ સુલૈમાની)

એક દિવસ એક ગરીબ અને અપંગ શિયા, ઈમામ હુસૈન (અ.સ.)થી દુઆ કરતા કહેવા લાગ્યો કે શું અરબઈનની ઝિયારત અમીર લોકો માટે છે, અમારી જેવા ગરીબ અપંગ લોકો માટે નથી? મૌલા આ અદાલત નથી.. તે જ રાત્રે તે માણસ સ્વપ્નમાં ઈમામ હુસૈન (અ.સ.)ને જોવે છે. મૌલા હુસૈન (અ.સ.)ફરમાવે

છે તમે કરબલા આવી શકો તો આવો, અગર નથી આવી શકતા તો તમને તમારા ઘરે બેઠા આજ ઝિયારતનો સવાબ અતા કરીશ. મૌલા હું શું કરું... ઈમામ હુસૈન (અ.સ.) કહ્યું મુજ ગરીબ પર એક સલામ મોકલો..ખુલ્લા આસમાન નીચે જાવ અને કરબલા તરફ ચેહરો કરીને મારા પર સલામ મોકલો. કહો: **"અસ્સલામો અલયક યા અબા અબ્દીલ્લાહીલ હુસૈન (અ.સ.)"**

અગર તમારી આંખમાંથી સલામ મોકલતી વખતે આંસુ નીકળી જાય તો સમજી લો કે આ આંસુ નથી પરંતુ તારા મૌલાએ સલામનો જવાબ મોકલ્યો છે... કેટલા કરીમ  અને સખી ઈમામ હુસૈન (અ.સ.) છે...

(મૌલાના આરીફ હુસૈન કાઝમી સાહેબની મજલીસમાંથી)

ઈમામ હુસૈન (અ.સ.) પોતાના કાફલા સાથે મદીનાથી નીકળે છે.. રસ્તામાં જનાબે મુસ્લિમની શહાદતની ખબર મળે છે... ૯મી ઝીલ્હજ્જ અચાનક સલામના જવાબમાં બોલે છે.... અલયકસ્સલામ....ઈમામ (અ.સ.) કહે છે. જનાબે મુસ્લિમએ મને આખરી સલામ મોકલ્યા છે..કુફામાં જ મુસ્લિમને શહીદ કરી દેવામાં આવ્યા..

આજે ઈમામ હુસૈન (અ.સ.) પોતાના કાફલા સાથે કરબલા પહોંચી ગયા છે.. આજે પહેલી મોહર્રમ છે. અઝાખાનામાં કાળા પરચમ લાગી ગયા છે.. સબીલોમાં રોનક પાછી આવી ગઈ છે. માતમદારોએ કાળા કપડા પહેરી લીધા છે. મૌલા હુસૈન આપ અમારા અઝાખાનામાં તશરીફ લાવો.. કરબલામાં આપ ત્રણ દિવસ ભૂખ્યા અને પ્યાસા રહ્યા. શરબત,પાણી, ન્યાઝ મૌજુદ છે. લાખો માણસો નામે હુસૈન (અ.સ.) પર ન્યાઝે હુસૈનથી સૈરાબ થઈ રહ્યા છે. પહેલી તારીખે એક કરોડ ઝાએરીન કરબલામાં પહોંચી ગયા છે અને કહી રહ્યા છે... લબ્બૈક યા હુસૈન - લબ્બૈક યા હુસૈન... કાલે જ્યારે અબ્બાસ (અ.સ.) શહીદ થઈ ગયા હતા... અલી અકબર પણ સીના પર ભાલાની અણી ખાઈને શહીદ થઈ ગયા હતા. જનાબે કાસિમનાં લાશના ટુકડાઓ પણ આવી ગયા હતા. અલી અસ્ગર પણ ગળામાં તીર ખાઈ ચૂક્યા હતા,તો ઈમામ હુસૈન (અ.સ.) એકલા ઊભા હતા અને કહી રહ્યા હતા...." હલ મીન નાસીર..." છે કોઈ મારો નાસીર, મદદગાર.

આજે દુનિયાના ખૂણે ખૂણેથી આવાઝ આવી રહી છે .. "લબ્બૈક યા હુસૈન". લબ્બૈક યા હુસૈન".. મૌલા અમે આપને પુરસો આપવા આવ્યા છીએ. (મસાએબ: મર્હુમ મૌલાના અત્હર સાહેબની મજલીસમાંથી)

આજે કરબલાના પ્રથમ શહીદ, અબ્દુલ્લાહ બીન ઔમેરની શહાદતનો ઝિક્ર કરીશું.

યઝીદનાં લશ્કરમાંથી ઉમર ઈબ્ને સઅદ મલઉંને જંગની શરૂઆત કરતા પહેલું તીર ઈમામ (અ.સ.)ના લશ્કર તરફ ફેંક્યું, યઝીદી લશ્કરમાંથી યસાર બીન અબિહનો ગુલામ લડવા માટે આવ્યો, જ્યારે હુસૈન (અ.સ.)નાં લશ્કરમાંથી અબ્દુલ્લાહ બિન ઔમેર (અ.સ.) આવ્યા.. ત્રણ દિવસના ભૂખ્યા અને પ્યાસા છે પરંતુ મોહબ્બતે ઈમામ જોશ મારી રહી છે.વક્તના ઇમામની હિફાઝતમાં જંગનાં મેદાનમાં આવ્યા અને કહ્યું ચલાવ તલવાર.. અમે પહેલાં ઘા નથી કરતા, અમે તો અમારો બચાવ કરીએ છીએ. યસારનાં ગુલામે તલવારનો ઘા કર્યો, અબ્દુલ્લાહે તેને ઢાલ પર જીલી લીધો. બીજો ઘા કરવાની તક આપી. દુશ્મને બીજો ઘા કર્યો, અબ્દુલ્લાહે વળતો હુમ્લો એવો કર્યો કે દુશ્મને ખુદાનાં બે ટૂકડા થઈ ગયા અને તે જહન્નમ વાસિલ થઈ ગયો. મલઉન યસારે તેના બીજા ગુલામને જંગ માટે મોકલ્યો, તેણે આવીને અબ્દુલ્લાહ પર હુમલો કર્યો, અબ્દુલ્લાહે સામો વાર કરીને તેને પણ જહન્નમ વાસિલ કરી દીધો.

હવે યસાર પોતે સામે આવ્યો અને અબ્દુલ્લાહ પર હુમલો કર્યો, અબ્દુલ્લાહે તેને પણ જહન્નમ વાસિલ કરી દીધો. આ જોઈને શિમ્ર મલઉને ૨૦૦ સવારોને એકી સાથે હુમલો કરવાનો હુકમ કર્યો. અબ્દુલ્લાહે બહાદુરી પૂર્વક તેનો સામનો કર્યો, લશ્કરમાં ભાગ દોડ થઈ ગઈ. શિમ્ર મલઉને બીજા ૫૦૦ લોકોને હુમલો કરવા મોકલ્યા... ત્રણ દિવસનાં ભૂખ્યા પ્યાસા, અબ્દુલ્લાહ કેટલું લડે... આખરે અબ્દુલ્લાહ શહીદ થઈ ગયા અને જન્નત તરફ આપની રૂહ પરવાઝ થઈ ગઈ.

અલા લઅનતુલ્લાહે અલલ કવ્મીઝ્ઝાલેમીન

## મજલીસ 2

## મોઅમીનના ગુનાહોને છુપાવવા.. અને જ.હુર (અ.સ.)ના ફરઝંદના મસાયેબ

બીસ્મીલ્લાહીર્રહમાનીર રહીમ

કાલ રસુલુલ્લાહે((સ.અ.)વ): " ઝિક્રો અલીય્યુન ઈબાદહ"

હઝરત રસુલે ખુદા((સ.અ.)વ)એ ફરમાવ્યું: "અલી (અ.સ.)નો ઝિક્ર કરવો ઈબાદત છે."

બીજી એક રિવાયતમાં હઝરત રસુલે ખુદા((સ.અ.)વ) ફરમાવે છે: **અલ્લાહે મારા ભાઈ હઝરત અલી (અ.સ.)ને એટલી બધી ફઝીલતો આપી છે જેને કોઈ ગણી ન શકે.અગર કોઈ તેમની ફઝીલત ઉપર ઈમાન રાખીને એક ફઝીલત બયાન કરે તો અલ્લાહ તેના ભૂતકાળ અને ભવિષ્યનાં તમામ ગુનાહોને માફ કરી દેશે. અગર કોઈ એક ફઝીલત લખે તો ફરિશતા તેના માટે ત્યાં સુધી ઈસ્તેગફાર કરશે, જ્યાં સુધી લખાણ બાકી રહે. અગર કોઈ એક ફઝીલતને વાંચે તો અલ્લાહ તઆલા તેના આંખોથી કરેલા ગુનાહને માફ કરી દેશે. (સલવાત)**

હઝરત અલી (અ.સ.) મુશ્કિલકુશા છે. જ્યારે મુશ્કેલી પડે તો ચાહવાવાળાની મદદ કરે છે. એક વાકેઓ સાંભળીએ તો ખબર પડશે કે હઝરત અલી (અ.સ.)નો ચાહવાવાળો કેવો હોય!

સાહેબે કાશેફૂલ ગેતા શેખ જઅફર જેઓ ઈરાકમાં મરજએ વક્ત એટલેકે મુજતહીદ હતા. બહુજ મોટા આલીમે દીન અને મુજતહીદ.. લોકો તેમના પ્રશ્નો લઈને તેમની પાસે આવતા. એક વખત ઈરાકમાં ભયંકર દુષ્કાળ પડ્યો. લોકો પરેશાન થઈ ગયા. મરજએ વક્ત શેખ જઅફર પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે ભયંકર દુષ્કાળ પડ્યો છે, પાણીનું ટીપું વરસતું નથી.. તમે દુઆ કરો...

લોકો તો મુશ્કેલીમાં તેમની પાસે આવ્યા, પણ તેઓ કોની પાસે જાય? શેખ જઅફર, મૌલા મુશ્કીલ કુશા અલી(અ.સ.)ના રોઝામાં નજફે અશરફ આવ્યા..

મૌલા અલી (અ.સ.)થી દુઆ અને ફરિયાદ કરી રહ્યા હતા.. રાતનો ઘણો સમય પસાર થયો હતો. થાકનાં કારણે તેમને ઊંઘ આવી ગઈ. સ્વપ્નમાં જોયું કે મૌલા તશરીફ લાવ્યા છે. ઈમામ (અ.સ.)એ શેખ જઅફરને કહ્યું કે નજફમાં ફલાણી જગ્યાએ એક ચાની દુકાન છે. તે ચા વાળાને કહેજો કે તે દુઆ કરી આપે. અલ્લાહ તેની દુઆ સાંભળશે અને વરસાદ આવશે.. (સલવાત)

શેખ જઅફર તે ચા વાળાની દુકાન શોધતા તેની પાસે પહોંચે છે. પહેલાના જમાનામાં તો લોકોના ઘરે મુજતહીદના ફોટા ન હતા. તેથી ચા વાળો મુજતહીદને ઓળખતો ન હતો. તેઓ તેની દુકાને પહોંચ્યા, સલામ દુઆ કરી અને કહ્યું કે તારે મેહમાન જોવે છે... હું તમારા ઘરે મહેમાન બનીને આવ્યો છું.. તેણે કહ્યું..હા! શેખ જઅફર જોઈ રહ્યા છે કે તેના આમાલ કેવા છે કે ઈમામ (અ.સ.)ની નજરોમાં અને અલ્લાહની નજરોમાં એટલો બધો મોહતરમ છે કે અલ્લાહ તેની દુઆને કબુલ કરવાવાળો છે.. જોયું. સામાન્ય માણસ જેમ ચા બનાવી રહ્યો છે. ચાના કપ ધોવે છે, ચા વેચે છે, ઘરે આવે છે... મગરીબ ઈશાની નમાઝ પઢે છે. થોડીક તઅકીબાત પઢે છે.પછી સૂઈ જાય છે.. શેખ જઅફરને હતું કે મોડી રાત્રે નમાઝે શબ પઢવા માટે ઉઠશે. રાત્રે ઈબાદત કરતો હશે પણ એવું કશું જ જોવા ન મળ્યું. સુબ્હની અઝાન થઈ... નમાઝ માટે તે ઉઠ્યો. સુબ્હની નમાઝ પઢી, થોડી દુઆ પઢી... કોઈ ખાસ અમલ નહિ. શેખ જઅફર ખૂબજ નવાઈ પામ્યા.. તેને પૂછ્યું કે તારો કોઈ ખાસ અમલ છે. કે જેના લીધે ઈમામ અલી (અ.સ.)ની નજરે ઈનાયત તારા પર છે? તેણે કહ્યું કે નહી.. તમે જોયું તે જ. પછી શેખ જઅફરે કહ્યું કે શું તું મને ઓળખે છે? કહ્યુ: નહી.. બસ તમે એક મોઅમીન માણસ છો અને મારા ઘરે મહેમાન થયા છો. ત્યારે શેખ જઅફર પોતાની ઓળખાણ આપે છે કે હું શેખ જઅફર છું..જ્યારે તેણે નામ સાંભળ્યું તો કહેવા લાગ્યો... મરજએ વક્ત... મુજતહીદ શેખ જઅફર...

શેખ જઅફરે કહ્યું કે હું મુજતહીદ છું એટલે લોકો મારી પાસે આવ્યા કે ઈરાકમાં દુકાળ પડ્યો છે. વરસાદ નથી એટલે હું મૌલા અલી (અ.સ.)નાં

હરમમાં દુઆ કરવા ગયો. મૌલા અલી (અ.સ.)એ મને તારી પાસે મોકલ્યો કે અગર તું દુઆ કરીશ તો અલ્લાહ તારી દુઆ કબૂલ કરીને વરસાદ મોકલશે. તું દુઆ તો કરીશ પણ મને એ બતાવ કે તારો એટલો બધો દરજ્જો ક્યાં અમલને લીધે છે? કે જેથી તું અલ્લાહની બારગાહમાં આટલો બધો મુકર્રબ છે?

તે ચા વેચનારે કહ્યું કે ખાસ કાંઈ નથી...પણ કદાચ મારો એક અમલ એવો છે કે જેને કારણે કદાચ અલ્લાહ અને ઈમામ (અ.સ.)ની કુરબત મને હાંસિલ થઈ હશે. હું નાનો  હતો ત્યારે બચપણમાં મારા પિતાનો ઈન્તેકાલ થઈ ગયો. યતીમી અને ગરીબીના કારણે ભણવાનું છૂટી ગયું. મારી કાકાની ચાની દુકાનમાં વાસણ ધોતો અને ચા વહેંચવા જતો. ધીમે ધીમે મોટો થયો. મેં મારી પોતાની ચાની દુકાન કરી. દરેક માતાની તો તમન્ના હોય છે કે જલ્દી પોતાના દીકરાની શાદી થઈ જાય. મારી શાદી નક્કી થઈ. શાદી થઈ ગઈ. અમે ઘરે આવી ગયા. શાદીને રાત્રિએ જ્યારે હું મારી પત્ની પાસે ગયો, મારી પત્નીએ કહ્યું કે મારી પાસે આવતા પહેલા મારી વાત સાંભળી લો અને પછી તમે ચાહો તો મને તલાક આપી દો યા મને મારી નાખો.

પહેલા મારી વાત સાંભળો... મારી પત્નીએ મને કહ્યું... મારાથી એક ભૂલ થઈ ગઈ છે.. જેના કારણે અત્યારે હું પ્રેગનેન્ટ છું (મારા પેટમાં બાળક છે).. હાં, આ ભૂલથી આ ગુનાહથી હું શરમિંદા છું. મેં તૌબા કરી છે અને મારે હવે કોઈની સાથે સંબંધ નથી.. હવે તમે ચાહો તો મને ઝલીલ કરીને કાઢી મૂકો યા તલાક આપી દયો યા મારી નાખો.. જે કરવું હોય તે છુટ છે.. મેં કહ્યું..તે જે કહ્યું તે મેં સાંભળ્યું જ નથી.. આ વાતને રાઝ જ રહેવા દેશું... સમય પસાર થયો. ઔલાદ પણ થઈ.. આજે ૨૦ વર્ષ થયા પરંતુ મેં તેના રાઝને કોઈને બયાન નથી કર્યો... કદાચ આ અમલ અલ્લાહને... ઈમામ (અ.સ.)ને પસંદ આવ્યો હોય...

આ રીતે મોઅમીનોનાં ગુનાહો પર પરદો ઢાંકવો. એ રેહમાની સિફત છે, અલ્લાહ જે સત્તારુલ ઓયુબ છે. મોઅમીનોનાં ગુનાહોને છુપાવે છે.. અલ્લાહની આ અઝીમ સિફત છે..

**અગર કોઈ નમાઝે શબ પઢે, ઈસ્તીગફાર કરે અને પછી ચોકમાં બેસીને ગીબત કરે, બીજા મોઅમીન ભાઈઓનાં ગુનાહો અને ઐબને જાહેર કરે... તો તેને તેના નેક અમલનો શું ફાયદો મળશે? વિચારવા જેવી બાબત છે. બેશક અલ્લાહ તઆલા મુત્તકી અને પરહેઝગાર લોકોના આમાલને કબુલ કરે છે. (મૌલાના વસી હસન ખાન સાહેબની મજલીસમાંથી)**

બસ તમારી ઝહેમત તમામ, આજે આપણે કરબલાનાં ૭૨ શહીદોમાંથી જનાબે હુર (અ.સ.)નાં ફરઝંદની શહાદતનો ઝીક્ર કરીશું. અબ્દુલ્લાહની શહાદત પછી જનાબે હુર (અ.સ.)નાં ફરઝંદે, જનાબે હુર (અ.સ.)ને કહ્યું કે બાબાજાન! ક્યારે આપણે લડવા જઈશું.. ક્યારે આપણે ઈમામ હુસૈન (અ.સ.)ની રાહમાં શહીદ થશું... બેટા જાવ! અને મૌલાથી જંગની ઈજાઝત લઈ લો. જનાબે હુર (અ.સ.) તેના ફરઝંદને ઈમામ હુસૈન (અ.સ.) પાસે મોકલે છે. જંગની રજા મળે છે..

જનાબે હુર (અ.સ.)નાં ફરઝંદ કે જેમનું નામ જનાબે હજર (અ.સ.) હતું. યઝીદી લશ્કરની સામે આવે છે.સામેથી યઝીદી ફૌજનું ૧000 લોકોનું લશ્કર હુમલો કરે છે.. દરેક બાજૂથી તલવાર,તીર, ભાલાનાં હુમલા થઈ રહ્યા છે. જનાબે હજર (અ.સ.) બહાદુરી પૂર્વક લડતા લડતા 30 કાફિરોને જહન્નમ વાસિલ કરી દે છે... પણ આખરે એકલો યુવાન, આટલા મોટા લશ્કર સામે કેટલું લડી શકે? ઝખ્મી થઈને જમીન પર પડે છે.. પોતાના પિતાને મદદ માટે અવાજ આપે છે.. બાબાજાન મારી મદદ કરો... ઝખ્મોનાં વારથી જનાબે હજર (અ.સ.) શહીદ થઈ જાય છે અને જન્નત તરફ ચાલ્યા જાય છે.જનાબે હુર (અ.સ.) પોતાના દિકરાની લાશ પર પહોંચે છે, તો શું જોવે છે? મૌલા હુસૈન (અ.સ.) જનાબે હુર (અ.સ.)નાં ફરઝંદની લાશ પાસે બેઠા છે.. મૌલા તમે શા માટે તકલીફ લીધી? ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે એક જવાન ફરઝંદની લાશને ઉઠાવવું, તેના બાપ માટે કેટલું મુશ્કિલ હોય છે. જનાબે હુરને કહું કે તમે ખુશનસીબ છો કે જ્યારે તમારા ફરઝંદ શહીદ થયા ત્યારે મૌલા હુસૈન

(અ.સ.) મદદ માટે આવ્યા... પરંતુ હાય! જ્યારે જનાબે અલી અકબર (અ.સ.), ઝખ્મી થઈને સીનામાં બરછીનું ઝખ્મ ખાઈને કરબલાની જમીન પર પડ્યા હશે.. મૌલાની મદદ કરનારું કોઈ નહી હોય... જવાન ફરઝંદની લાશ લાવવું વૃદ્ધ પિતા માટે કેટલું મુશ્કિલ હશે.. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન...

## મજલીસ 3

## હઝરત અલી અસગર (અ.સ.) બાબુલ હવાએજ અને તેમના મસાયેબ

ઈરાનમાં એક ગામ છે. તે ગામના વધું પડતા છોકરાઓનાં નામ અલી અસ્ગર છે. આ એક આશ્ચર્ય પમાડે તેવી બાબત છે. એક ઝાકીરે કહ્યું આજે શબે જુમ્અા છે. આજે હું એમ ચાહું છું કે એવા મસાએબ પઢું અને તવસ્સુલ કરું કે જેનાથી આપણા બધાની દુઆ પણ કબૂલ થાય અને આપણા મર્હુમીન પર અલ્લાહ રહેમત નાઝીલ કરે. ઝાકીરે પૂછ્યું હું શું કરું? અને અહીંયાનો તરીકો શું છે? ત્યાંના લોકોએ કહ્યું કે જનાબે અલી અસ્ગર (અ.સ.)નો વસિલો બનાવી લો. ઝાકીરે પૂછ્યું કે જનાબે અલી અસ્ગર (અ.સ.)નો વસિલો શા માટે? તેઓએ કહ્યું કે આ ગામ માટે જનાબે અલી અસ્ગર (અ.સ.) બહુજ ખાસ છે.આ સાંભળીને તે ઝાકીરને પણ નવાઈ લાગી. તે ઝાકીરે પૂછ્યું આની પાછળ શું બાબત છે? તેઓએ એક છોકરાને બોલાવ્યો કે જેનું નામ અલી અસ્ગર હતું અને તેને કહ્યું કે તારા દાદાનો કિસ્સો સંભળાવ.

તે છોકરો પોતાના દાદાનો વાકેઓ બયાન કરે છે:

તે કહે છે કે મારા દાદાનું નામ "અબ્બાસી સક્કા" હતું. મારા પિતા ૨૦ વર્ષનાં હતાં જ્યારે મારા દાદા, તેમને ઝિયારત માટે લઈ ગયા. જ્યારે તેઓ નજફ પહોંચ્યા તો મારા દાદા શદીદ બીમાર થયા. એટલા બીમાર પડી ગયા કે ચાલવાનું ફરવાનું મુશ્કિલ થઈ ગયું. એટલે જે હોટલમાં તેઓ રોકાયેલા હતા તેની બારી ખોલી કે જ્યાંથી અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી (અ.સ.)નો રોઝો દેખાતો હતો. એટલે તે બારી પરથી અરજ કરી: અય મૌલા! હું તમારી

ઝિયારત માટે આવ્યો છું પરંતુ તમારા હુસૈનએ મારાથી એક વાયદો કર્યો છે.મૌલા! તે વાયદો પૂરો કરવા કરબલા તો જવાનું છે ને, તો મૌત કરબલામાં આવે. કહે છે કે બસ તેઓએ આ રીતે તવસ્સુલ કર્યું અને સવાર સૂધીમાં એકદમ સ્વસ્થ થઈ ગયા. સવારે હઝરત અમીરૂલ મોમેનીન (અ.સ.)ની ઝિયારત કરી અને ત્યાંથી કરબલા આવ્યા.જ્યારે તેઓ કરબલા પહોંચ્યા તો ત્યાંના લોકોને મારા દાદાએ કહ્યું કે અગર તમારે મારાથી મુલાકાત કરવી હોય તો મને જનાબે હબીબ ઈબ્ને મઝાહીરની કબ્ર પાસે પગરખાં રાખવાની જગ્યા છે, ત્યાં મળવા આવજો. ત્યાંના લોકો કહે છે આ વૃદ્ધ શખ્સ શું કહે છે? આ લોકો કંઈ સમજ્યા નહી.

હવે તેઓએ કરબલામાં ઝિયારત કરી. ઝિયારત કર્યા પછી હોટલમાં આવ્યા, આરામ કર્યો. હવે સવાર પડી તો મારા પિતાએ મારા દાદાને ઉઠાડ્યા પણ તેઓ જાગ્યા નહી, એટલે મારા દાદા આ દુનિયાથી રૂખ્સત થઈ ગયા. હવે મારા પિતાએ ત્યાંના રહેવાસી એટલે કે 'કાશાની' લોકો હતા (કાશાન એક જગ્યાનું નામ છે)ને બોલાવ્યા અને કહ્યું કે મારા પિતા ગૂજરી ગયા છે તેને ગુસ્લ અને કફન આપો. મારા પિતા કહે છે કે જેવો અમે જનાઝો તૈયાર કર્યો કે એવામાં હરમથી એક શખ્સ આવ્યો અને પૂછ્યું કે આ કોનો જનાઝો છે? કહેવામાં આવ્યું કે ફલાણા શખ્સનો છે. તે આવનાર શખ્સે કહ્યું કે અમારા અને મરનાર શખ્સ વચ્ચે ભાઈચારો હતો. હવે આ જનાઝો અમને સોંપી દો. અમે તેને આ જનાઝો સોંપી દીધો. તેઓ જનાઝાને મૌલાની ઝરીહ પાસે લાવ્યા અને તવાફ કરાવ્યો અને હરમમાં ગયા અને કહ્યું અમારે આ જનાઝાને દફન કરવો છે. હરમનાં લોકોએ કહ્યું કે તમે જ્યાં પણ સહેનમાં ચાહો દફન કરી શકો છો.કબ્ર ખોદવામાં આવી અને તૈયાર પણ થઈ ગઈ કે ત્યાં તો હરમનો મુતવલ્લી (સંરક્ષક) આવ્યો અને કહ્યો કે હું તમને દફન કરવાની શ્રેષ્ઠ જગ્યા બતાવું કે જે જનાબે હબીબ ઈબ્ને મઝાહીરની કબ્ર પાસે છે. જનાઝાને જનાબે હબીબ ઈબ્ને મઝાહીરની કબ્ર પાસે લાવવામાં આવ્યો ત્યાં કબ્ર ખોદી અને દફનવિધિ થઈ.

ત્યાંના લોકો મારા પિતાને કહે છે કે તમારા પિતા ઘણી વખત કહેતા હતા કે જ્યારે તમારે  મને મળવું હોય તો હું જનાબે હબીબ ઈબ્ને મઝાહીરની કબ્ર પાસે મળીશ, આ બાબત શું છે? તો મારા પિતાએ કહ્યું કે અમારા ગામમાં જ્યારે શબે જુમ્આ આવતી હતી ત્યારે જનાબે અલી અસ્ગર (અ.સ.)નાં મસાએબ પઢવામાં આવતા હતા અને મારા પિતાની ફક્ત એક જ તમન્ના હતી કે શહેઝાદા અલી અસ્ગર! અમને એવી કબ્ર આપજો કે જનાબે હબીબ ઈબ્ને મઝાહીરની કબ્ર પાસે હોય.

તે છોકરો કહે છે કે  ઈમામ હુસૈન (અ.સ.)નાં આ શહેઝાદા, જનાબે અલી અસ્ગર (અ.સ.)એ એવી શિફારીશ કરી કે જે જગ્યા પર મારા દાદા કબ્ર ચાહતા હતા ત્યાં તેમને મળી.

રિવાયતોમાં જેવી રીતે હઝરત અબ્બાસ (અ.સ.) અને હઝરત ઈમામ મુસાએ કાઝીમ (અ.સ.)ને "બાબુલ હવાએજ" કહેવામાં આવ્યા છે, તેવી જ રીતે જનાબે અલી અસ્ગર (અ.સ.)ને પણ "બાબુલ હવાએજ" કહેવામાં આવ્યા છે. અલ્લાહની નજરમાં જનાબે અલી અસ્ગર (અ.સ.), "બાબુલ હવાએજ" છે. (મૌલાના ઝુલ્ફીકાર મહદી સાહેબની મજલીસમાંથી)

અસિરીનાં સમયમાં એક બાબત, જનાબે રૂબાબ (સ.અ.) માટે હતી તે સૌથી અજીબ છે. અલ્લાહે જનાબે રૂબાબ (સ.અ.)ને બે ઔલાદ અતા કરી, એક જનાબે અલી અસ્ગર (અ.સ.) અને એક જનાબે સકીના (સ.અ.).આ બન્નેની બહુજ મઝલુમાનાં જીંદગી પસાર થઈ છે કે જનાબે રૂબાબ (સ.અ.) જ્યારે ચહેલુમમાં કરબલા પાછા આવ્યા છે તો તારીખ કહે છે તેઓ ઈમામ હુસૈન (અ.સ.)ની કબ્ર પર બેસીને કહે છે આકા! હવે હું મદીના જઈને શું કરું? મેં મારી આંખોથી મારા આકાની લાશ અહીં વિખરાયેલી જોઈ છે. મેં મારી આંખોથી મારા લાલ અલી અસ્ગરને કત્લ થતાં જોયો છે.

તારીખ કહે છે જનાબે ઝૈનબ (સ.અ.)એ બચ્ચાને ઈમામ હુસૈન (અ.સ.)ને સોંપ્યો. માં એ ખાલી એક નજરે ઈમામને જોયા તો ઈમામ કહી ઉઠ્યા અય

રૂબાબ! તમારો દિકરો લડવા માટે નથી જઈ રહ્યો. સુબ્હથી જે લડવા ગયા છે તે પોતાનાં પગે ગયા છે. રૂબાબ! તમારો દિકરો બહુજ પ્યાસો છે, અગર બે ઘૂંટ પાણી મળી જશે તો તે ઝિંદા રહી જશે અને અગર પાણી ન મળ્યું તો તમારો દિકરો ખુદ આ દુનિયાથી ચાલ્યો જશે.હું બે ઘૂંટ પાણી તેને પીવરાવીને આવું.

અઝાદારો! એક માતાને કેવી રીતે સુકુન મળ્યું હશે એ મને નથી ખબર પણ, થોડાક સમય પછી જ્યારે જનાબે રૂબાબ (સ.અ.)એ સાંભળ્યુ કે અય રૂબાબ! આવો, તમારા દિકરાને લઈ જાવ. અલ્લાહ કોઈ માતાની તમન્ના આ રીતે  ન તૂટે જેવી રીતે જનાબે રૂબાબ (સ.અ.)ની તમન્ના તૂટી. તારીખ કહે છે કે જનાબે સકીના (સ.અ.) પહેલા દોડીને આવ્યા અને કહ્યું બાબા! આખીર હું પણ પ્યાસી હતી, તમે ભાઈ અલી અસ્ગરને પાણી પીવરાવીને લાવ્યા અને હું પ્યાસી રહી ગઈ. ઈમામ હુસૈન (અ.સ.)એ અબાનું દામન ઉલ્ટાવ્યું, અરે હવે જયારે જોયું તે અજબ મંઝર હતો . અલીઅસગરની  ગર્દન કપાઈ ગયેલી હતી એક વાર માતા એ જોયું અને આ જુમ્લો કહ્યો અય મારા લાલ! મને ખબર ન હતી કે કરબલામાં તમારી જેવા માસુમ દૂધ પીતા બાળકને પણ ઝબ્હ કરવામાં આવે છે.

રાવી કહે છે ઈમામ હુસૈન (અ.સ.)એ જલ્દીથી જનાબે અલી અસ્ગર (અ.સ.)ની લાશને લીધી અને ખૈમાની પાછળ લાવ્યા અને ત્યાં દફન કરી દીધા.પછી રાવી કહે છે ખુદાની કસમ! જ્યારે હું શામમાં દરબારે યઝીદ (લ.અ) પર પહોંચ્યો તો તે 'નાના સર' ને બાપનાં સરની બાજુમાં જોયું. હાયે તે માં કેવી રીતે બરદાશ્ત કરી રહી હશે કે જેની નજરોની સામે તે નાનો એવો દિકરો છે. કદાચ રૂબાબ (સ.અ.)એ ફરિયાદ કરી હોય એ મારા લાલ! કરબલામાં જે શહીદ થયા છે તે એક વાર શહીદ થયા છે પરંતુ અય અસ્ગર! તમને કરબલામાં બે વખત ઝબ્હ કરવામાં આવ્યા..... ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન

## મજલીસ: 4

## કાતિલની હિદાયત અને ઈમામ હુસૈન (અ.સ.)ના મસાએબ

ઈન્નલ હુસૈન મિસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત".

"બેશક ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે".

ઈમામ હુસૈન (અ.સ.) કેટલા કરીમ અને રહીમ છે કે ઈમામ હુસૈન (અ.સ.) પોતાને કત્લ કરવા આવનારા દુશ્મનોને પણ હિદાયત કરે છે.. એક વાકેઓ જોઈએ...

મકતલમાં રિવાયત મળે છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.સ.) જંગ કરતા હતા જ્યારે આપ ઘોડા પરથી જમીન પર આવ્યા તો દુશ્મનોમાંથી ૨૧ લોકો એક પછી એક આપના સરને કલમ કરવા અને આપને કત્લ કરી શહીદ કરવા માટે આગળ આવ્યા હતા અને એક પછી એક પાછા ચાલ્યા ગયા... ઈમામ (અ.સ.) ફરમાવતા: તું મારો કાતિલ નથી તો પછી શા માટે મારા કત્લમાં જહન્નમનો અઝાબ લેવા ચાહે છે.. તેમાંથી એક માણસ ઈમામ હુસૈન (અ.સ.)ને કત્લ કરવાના ઈરાદાથી આવે છે.. ઈમામ ઝખ્મોથી ચૂર છે. શરીર તીરોથી છલ્ની થઈ ગયું છે. ઈમામે તેની તરફ જોયું અને કહ્યું મને ખબર છે કે તું મારો કાતિલ નથી તો પછી તું શા માટે મને કત્લ કરીને જહન્નમમાં જવા ઈચ્છે છે..? ઈમામ (અ.સ.)ના આ જુમ્લાએ તેના દિલ ઉપર એટલી અસર કરી કે તે પાછો ફર્યો અને ઉમરે સઆદ મલઉનની પાસે આવીને કહેવા લાગ્યો કે અય ઉમરે સઆદ, તું મને હુસૈનને કત્લ કરાવીને જહન્નમમાં મોકલવા ચાહે છે.. જ્યારે કે હુસૈન (અ.સ.) મને જહન્નમથી બચાવવા માંગે છે. તારા અને હુસૈનમાં કેટલો ફરક છે. હવે તું જંગ કરવા માટે તૈયાર થઈ જા.. હવે હું ઈમામ હુસૈન (અ.સ.)નો ફૌજી બનીને જંગ કરવા માટે આવ્યો છું... પહેલા તો ઉમરે સઆદને લાગ્યું કે તે મજાક કરી રહ્યો છે....પણ જ્યારે તેણે તલવાર કાઢી તો ઉમરે સઆદે તેના સિપાહીઓને હૂકમ કર્યો કે તેની સાથે જંગ કરો. તેણે પાંચ સિપાહીઓને જહન્નમ વાસિલ કરી દીધા...પણ જ્યારે પચાસ લોકોએ એકી સાથે તેના પર હુમલો કર્યો... તલવાર અને નૈઝાઓનાં હુમલાની વચ્ચે તેણે ઈમામ હુસૈન (અ.સ.)ની તરફ અવાજ આપી અને કહેવા લાગ્યો: મૌલા! તમારાં નાનાને

કહેજો કે હું તમારો ચાહવાવાળો છું.... અને તમારી મોહબ્બતમાં જાન આપી રહ્યો છું.... અને તે શહીદ થઈ ગયો અને જન્નત તરફ તેની રૂહ પરવાઝ કરી ગઈ.... ઈમામ હુસૈન (અ.સ.) કેટલાં કરીમ ઈમામ છે કે જે કત્લ કરવા આવનાર કાતીલની પણ હિદાયત કરીને તેને પણ જન્નતી બનાવી દીધો. (રેફરન્સ :મૌલાનાં ઝુલ્ફિકાર સાહેબની મજલીસમાંથી)

આવા કરીમ ઈમામ હુસૈન (અ.સ.)ને શહીદ કરી દેવામાં આવ્યા.. આટલું જ નહીં.. આપના જીસ્મે મુબારક પરથી ઝાલીમોએ લિબાસ પણ છીનવી લીધો.. ઝુલ્મની ઈન્તેહા તો ત્યારે થઈ કે આ પાકીઝા બદન ઉપર ઘોડાઓ દોડાવીને આપની લાશને પામાલ કરી દેવામાં આવી.. જ. ઝયનબ (સ.અ.)એ કેવી રીતે આ મસાયેબ પર સબ્ર કરી હશે..

કુફાના રસ્તા પરથી અસીરોનો કાફલો પસાર થઈ રહ્યો હતો. એક ગામમાં આ કાફલો દાખલ થયો. લોકો તમાશો જોવા માટે આવ્યા અને પૂછવા લાગ્યા કે આ કોણ છે? જવાબ મળ્યો કે યઝીદના સિપાહીઓ છે. ઈમામ હુસૈન (અ.સ.)ને કત્લ કરીને તેના સરોને તથા તેમના એહલે હરમને કૈદી બનાવીને લઈ જાય છે..

એક બુઢીયાએ જ્યારે ઈમામ હુસૈન (અ.સ.)નું નામ સાંભળ્યું તો કહેવા લાગી કે તેમના લીધે જ મારા દીકરા કત્લ થઈ ગયા. આટલું કહીને તેણે એક પથ્થર લીધો અને ઈમામ હુસૈન (અ.સ.)ના સરે મુબારકને માર્યો. ઈમામ હુસૈન (અ.સ.)ના કપાળમાં આ પથ્થર વાગ્યો અને ખૂન વહેવા લાગ્યું, જ્યારે જ.ઝયનબે એ જોયું તો તડપી ઊઠ્યા અને કહેવા લાગ્યા કોણ છે જેણે મારા ભાઈ હુસૈન (અ.સ.) ઉપર નવો ઝુલ્મ કર્યો... જ.ઝયનબે હાથ બુલંદ કર્યા અને કહ્યું કે અય અલ્લાહ! આ બુઢીયાને મારા ભાઈ પર ઝુલ્મ કરવાની સજા આપ. અઝાબે ઈલાહી નાઝીલ થયો.

જ.ઝયનબ, ભાઈના કપાળ પર પથ્થરના ઝખ્મથી આટલા દુઃખી થયા તો જરા વિચારો કે જ્યારે 40 કદમના ફાસલા પરથી શહેઝાદી જ.ઝયનબ જઈને ઊભા હતા અને માં જાયા હુસૈન (અ.સ.) પર ખંજર ચાલી રહ્યું હતું, તો કેવી

રીતે શહેઝાદીએ સબ્ર કરી હશે... અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ્ઝાલેમીન......

## મજલીસ 5

## તબર્રૂકે ઈમામ હુસૈન (અ.સ.) ની અઝમત અને હઝરત અલી અસ્ગર (અ.સ.) ના મસાયેબ

એક આલીમે દીન હતા, 'આગાએ અલી અકબર કવસરી' કે જે બહુજ મોટા ખતીબ હતા. તે ઈરાનમાં મજલીસો પઢતા હતા. આશુરનાં દિવસે તેમની મજલીસની ઘણી બધી બાબતો હતી. એક ૪ થી ૫ વર્ષની દીકરી હાથોને જોડીને આગા કવસરી પાસે આવી અને કહ્યું, અય આગાએ કવસરી! અમે બચ્ચાઓએ એક અશરો રાખ્યો છે, અમારા માટે તમે એક મજલીસ પઢી દયો. આગાએ કવસરીએ બચ્ચીથી મુખાતબ થઈને કહ્યુ: "બેટા, મારી આખા દિવસમાં ઘણી બધી મજલીસો છે અને આજે આશુરાનો દિવસ છે અને મારે ઘણી બધી જગ્યા એ મસાએબ પઢવાના છે. મારી પાસે સમય નથી કે હું તમારે ત્યાં આવી મજલીસ પઢી શકું. હવે, આ ૪ વર્ષની બચ્ચી દર્દો ગમથી તડપવા લાગી અને બચ્ચીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તે બચ્ચી રડીને કહે છે, આગા હું તમને લઈને જરૂર જઈશ, તમારે મજલીસ પઢવી જ પઢશે. ન જાણે આગાએ કવસરીને આ ૪ વર્ષની બચ્ચીનાં આંસુમાં ઈમામ હુસૈન (અ.સ.)ની યતીમ બચ્ચી કેવી રીતે યાદ આવી ગઈ? કરબલાનાં યતીમો કેવી રીતે યાદ આવી ગયા ? આગાએ કવસરી કહે છે મેં બચ્ચીને દિલાસો આપ્યો અને કહ્યું ચાલો ક્યાં છે તમારી મજલીસ? હું મજલીસ પઢવા માટે તૈયાર છું.

લો અઝાદારો બચ્ચાઓનો અશરો થઈ રહ્યો છે બચ્ચાઓ બેઠા છે. એક બચ્ચીએ કહ્યું: આગા મજલીસ શરૂ કરો. આગાએ થોડાક મીનીટ મસાએબ પઢયા. મસાએબ પઢીને જ્યારે મજલીસ પૂરી થઈ ત્યારે આ ૪ વર્ષની બચ્ચીએ આગાએ કવસરીને ન્યાઝમાં એક કપમાં ચા પેશ કરી. આગાએ અર્ધી ચા પીધી અને જોયું કે તે ઠંડી થઈ ગઈ છે એટલે તેમણે અર્ધી ચા જમીન પર નાખી દીધી.

લો અઝાદારો, વાકેઓ ખત્મ થયો. આગાએ કવસરી રાત્રે સૂવે છે, એક નકાબપોશ બીબી ખ્વાબમાં આવે છે. તે કહે છે: અય કવસરી! તે ઘણી બધી મજલીસો પઢી પણ અમે તારી એક પણ મજલીસ કબૂલ નથી કરી. હાં, ફક્ત એક મજલીસ કબૂલ કરી છે કે જે તે નાના નાના બચ્ચાઓમાં પઢી હતી. અરે તે મજલીસ શેહ્ઝાદી ફાતેમા (સ.અ.)એ કબૂલ કરી લીધી, પરંતુ અય કવસરી! તમે શું ગજબ કર્યું કે તમે તે અર્ધી ચા પીયને અર્ધી ચા જમીનમાં નાખી દીધી. અરે તે ચા ફાતેમા એ પોતાના હાથોથી બનાવી હતી. કાશ! તમને એ તબર્રૂકે ઈમામ હુસૈન (અ.સ.)નો અંદાજો હોત!

અય ચાહવા વાળાઓ! તમે નથી જાણતાં કે જે તબર્રૂક તમે મેળવો છો, અરે કેટલાય માસુમો (અ.મુ.સ)એ તેમાં હાથ લગાવ્યો હોય છે. જનાબે ફાતેમા (સ.અ.) કેવી શાનથી તે તબર્રૂકને તૈયાર કર્યો હોય છે. એટલા માટે તે કોઈ આમ તબર્રૂક નથી, તે ઈમામ હુસૈન (અ.સ.)ની મજલીસનો તબર્રૂક છે, ઈમામ હુસૈન (અ.સ.)ની યાદનો તબર્રૂક છે. આ વાકેઆ પછી જ્યારે પણ તબર્રૂક લ્યો ત્યારે તેને એહતેરામની સાથે લ્યો કે કદાચ એવું તો નથી કે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)એ તેને હાથ લગાવ્યો હોય, માસૂમીન (અ.મુ.સ)એ પોતાનો હાથ લગાવ્યો હોય. ન્યાઝ તબર્રુકની અઝ્મત અને એહ્તેરામને સમજીએ. (મૌલાના ગુલ્ઝાર હુસૈન જાફરી સાહેબની મજલીસમાંથી)

બચ્ચાઓને ઈમામ હુસૈન (અ.સ.)નાં આશિક બનાવવાં જોઈએ. અને આ ઈશ્ક કહેવાથી નથી મળતું, તમે ઈમામ હુસૈન (અ.સ.)નાં આશિક બની જાવ તો બચ્ચાઓ ખુદ પોતે પણ ઈમામ હુસૈન (અ.સ.)નાં આશિક બની જશે. તમે ઈમામ હુસૈન (અ.સ.) માટે ફર્શે અઝા બિછાવો, બચ્ચાઓ ખુદ ત્યાં દોડીને આવશે. અને જ્યારે આ બચ્ચાઓ મરસિયા પઢે છે, માતમ કરે છે તો ઈમામ હુસૈન (અ.સ.)ને આવા બચ્ચાઓ ખૂબજ પસંદ છે. આપણે પણ એવી કોશિશ કરવી જોઈએ કે આપણા ઘરોમાં આ બચ્ચાઓનાં દિલોમાં ઈમામ હુસૈન (અ.સ.)ની મોહબ્બતનો જઝ્બો બેદાર કરીએ. અને કદાચ એ જ કારણ છે કે આ બચ્ચાઓનાં દિલોમાં ઈમામ હુસૈન (અ.સ.)ની મોહબ્બતની સ્થિતિ એવી છે

કે જ્યારે આ બચ્ચાઓની સામે ઈમામ હુસૈન (અ.સ.)નાં ઘરના બચ્ચાઓનો ઝિક્ર કરવામાં આવે છે તો તેઓ રડવા લાગે છે. તેઓનાં દિલોમાં ન જાણે કેવી ઈમામ હુસૈન (અ.સ.)ની મોહબ્બત પૈદા થઈ છે. હવે તમે ઈન્સાફથી બતાવો તમે જ્યારે જનાબે અલી અસગરનું નામ સાંભળો છો ત્યારે રડવા લાગો છો જ્યારે કે તમારા માંથી કોઈએ જનાબે અલી અસગરને જોયા તો નથી, તમારામાંથી કોઈએ જનાબે અલી અસગરનાં તે જુલાને નથી જોયો કે જે જુલાને કરબલાનાં મૈદાનમાં સળગાવી દેવામાં આવ્યો હતો, પરંતુ કોઈ તે માતાના દિલને પૂછે કે જેમણે ૬ મહિના સુધી જનાબે અલી અસગરને પોતાની આગોશમાં પાળ્યા હતા,જેમણે ૬ મહિના સુધી જનાબે અલી અસગરને પોતાની છાતીથી લગાવીને રાખ્યા હતા.

અઝાદારો! કરબલાનાં મૈદાનમાં ફક્ત એક બચ્ચું એવું છે કે જેને ઈમામ હુસૈન (અ.સ.)એ દફન કર્યું હતું. તે નાનકડા અલી અસગર હતા. તેને દફન કરવાનું ફક્ત એક જ કારણ હતું કે અગર માતાની નજર સામે તેનો જનાઝો રહેશે, તો મા બરદાસ્ત નહી કરી શકે. અગર બચ્ચાને દફન કરી દેવામાં આવે તો માતાને ઈત્મેનાન થઈ જાય છે, સૂકુન મળી જાય છે. પરંતુ હાય અઝાદારો! શામે ગરીબાથી થોડી વાર પહેલા કરબલાનાં મૈદાનમાં જનાબે ફિઝ્ઝાએ આવીને કહ્યું અય બીબી ઝૈનબ! કરબલાનાં મૈદાનમાં કયામત આવી ગઈ છે.જનાબે ઝૈનબે પૂછ્યું કે મારા ભાઈનાં કત્લ થવા પછી બીજી કંઈ કયામત આવી શકે છે?

જનાબે ફિઝ્ઝાએ કહ્યું કરબલાનાં મૈદાનમાં બધા જનાઝા મૌજુદ છે પરંતુ એક ૬ મહીનાનાં બચ્ચાનો જનાઝો આ કરબલાનાં મૈદાનમાં નથી મળી રહ્યો. આ અવાજ માતા એ પણ સાંભળી. એક બુલંદી પર આવી ચૂકી છે, હવે કરબલાનાં મૈદાનમાં નજર કરી. હાય અજીબ મંઝર છે! ઘોડા પર બેઠેલા ઝાલીમ પોતાના હાથોમાં નૈઝા લઈને કરબલાની જમીનમાં ચૂભાવી રહ્યા છે કે જેથી જ્યાં જમીન નરમ હોય ત્યાં નૈઝો અંદર ચાલ્યો જાય. માં આ બધું એક

બુલંદી પર થી જોઈ રહી છે, અચાનક હવે એક નૈઝો જમીનથી ઉઠ્યો, હવામાં અલી અસગરનું જીસ્મે અત્હર હતું. માં બધું જોઈને તડપી ગઈ.

અઝાદારો! જનાબે અલી અસગરનાં મસાએબ છે. વધું એક જુમ્લો સાંભળી લો.

મુંબઈ શહેરમાં એક મોમીન શખ્સનાં બચ્ચાનો ઈન્તેકાલ થઈ ગયો. તે બચ્ચાને દફનાવ્યા પછી અમે લોકો ત્યાં મૌજુદ હતા. અચાનક તે શખ્સે કહ્યું મારે જલ્દી ઘરે જવું છે. જ્યારે પૂછવામાં આવ્યું કે હજી બચ્ચાની માં તો અહી મૌજુદ છે, તમે અત્યારે ઘરે જઈને શું કરશો? તો તેણે કહ્યું હું બચ્ચાની માં થી પહેલા ઘરે જવા ચાહું છું. પૂછવામાં આવ્યુ શા માટે જવા ચાહો છો? તેણે કહ્યું કે જેથી હું ઘરે પહોંચીને બચ્ચાનાં બધા લિબાસ છુપાવી દઉ કે જેથી જ્યારે માં ઘરે આવે તો બચ્ચાનાં લિબાસ ન જોવે કે ક્યાંક બચ્ચું યાદ આવી જાય. અઝાદારો! દુનિયામાં આવી વ્યવસ્થા કરવામાં આવે છે કે બચ્ચાનાં લિબાસ પણ છુપાવી દેવામાં આવે છે પરંતુ હાય કરબલા! હવે એક માં બુલંદી પરથી નજર કરે છે તો નૈઝામાં એક નાનું એવું સર દેખાય છે. મા એ સરને જોઈને કેટલી વાર તડપતી હશે.

અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ્ઝાલેમીન......

## મજલીસ 6

## એક આંસુની કિંમત અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ઝબાનથી ઈમામ હુસૈન (અ.સ.)ના મસાયેબ

હઝરત રસુલે ખુદા((સ.અ.)વ)એ ફરમાવ્યું:

**1. રોઝે કયામત દરેક આંખ રોતી હશે સિવાય તે આંખ કે જે ઈમામ હુસૈન (અ.સ.)ના ગમમાં રડી હશે. તે આંખ કયામતમાં ખુશખુશાલ હશે અને જન્નતની નેઅમતો ભોગવતી હશે. (બેહારુલ અન્વાર ભાગ ૪૪ પેજ ૨૯૩)**

**2.ઈ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું: જેની પણ આંખો અમારી મુસીબતમાં આંસુનું એક ટીપું પણ વહાવે ખુદાવંદ તેને જન્નતમાં જગ્યા આપશે. (એહ્‌કાકુલ હક ભાગ ૫ પેજ ૫૨૩)**

**૩.ઈમામ સજ્જાદ (અ.સ.) ફરમાવે છે:દરેક તે મોઅમીન કે જે ઈમામ હુસૈન (અ.સ.)ના કત્લ ઉપર આંસુ વહાવે, એટલું રડે કે આંસુ તેમના ચહેરા પર વહે તો ખુદાવંદે આલમ તેને બેહીશ્તના ઘરોમાં જગ્યા આપશે. (યનાબીઉલ મોવદ્દાહ પેજ ૪૨૯)**

**૪. ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે: જેની સામે અમારી મુસીબતો વર્ણવવામાં આવે અને તેની આંખો આંસુઓથી ભરાઈ જાય ખુદાવંદે આલમ તેના ચહેરા પર જહન્નમની આગને હરામ કરી દેશે. (બેહારુલ અન્વાર ભાગ ૪૪ પેજ ૨૮૫)**

**૫.ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે: કોઈ આંખ અમારા માટે રોતી નથી સિવાય કે તે કવસરને જોઈ લે છે અને તેનાથી સયરાબ કરવામાં આવે છે. (જામેઉંલ અહાદિસ અશ શિયા ભાગ 12 પેજ ૫૫૪)**

એક આંસુ જે ગમે હુસૈન અ.સમાં વહે તેનો સવાબ જન્નત છે , જહન્નમથી નજાત છે. એક આંસુ નો સવાબ કૌસરથી સૈરાબ અને શફાઅતે હુસૈન (અ.સ.)નો ઝરીયો છે. એક આંસુના બદલામાં જ ઝહરા (સ.અ.)ની શફાઅત..અને અગણિત સવાબ છે. તેનું કારણ શું ? શા માટે આટલો અઝીમ સવાબ .આ સવાલનો જવાબ ઈ.ઝમાના (અ.સ.)ની મુલાકાતના એક વાકેઆ થકી સમજીએ.

હાજી નાજી સાહેબે એ ‘નુદબતુલ અઝા’ નામની કિતાબમાં વાંચેલી હતી અને બહુજ અજાએબ અને તેમાં ઘણા પ્રશ્નોનો ઉકેલ હતો તેથી અહીંયા છઠ્ઠી કરામત તરીકે લખવામાં આવે છે, એ જનાબ અલ્લામા હિલ્લીએ પોતાની કિતાબ ‘તઝકેરા’માં લખેલ છે કે મેં એક હદીસ જોઈ કે જે કોઈ હ. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબત ઉપર રડે અને તેની આંખમાંથી આંસુનું એક ટીપું નીકળે તો તેના તમામ ગુનાહ માફ થઈ જાય છે. તેથી મને બહુ જ વિચાર

થયો કે આંસુંનું એક ટીપું પડવાથી એટલો બધો સવાબ શા માટે હશે? તેનું કારણ કોઈ રીતે ધ્યાનમાં આવ્યું નહીં. પછી મેં એ હદીસ પણ જોઈ કે જે શખ્સ જુમ્માની 40રાત સુધી હઝરતે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના કુબ્બાની અંદર જાગે અને ઈબાદત કરે તો તેને ઝમાનાના ઈમામ હઝરત મહદી(અ.ત.ફ.શ.)ની ઝિયારત નસીબ થાય છે.

તેથી હું મારા ગામ હિલ્લાથી કરબલાએ મોઅલ્લા જુમ્માની રાત્રે જઈને હઝરત ઈમામ હુસૈન(અલય્હિસ્સલામ)ના કુબ્બાની અંદર ઈબાદત કરવા લાગ્યો, એટલે સુધી કે જુમ્માની ઓગણચાલીસ રાત પસાર થઈ ગઈ, અને છેલ્લી ચાલીસમી રાત્રે ઈબાદત કરવા જવા ઘરેથી ઘોડા ઉપર બેસીને નીકળ્યો, અને ચાલતા ચાલતા એ જ વિચાર કરતો હતો કે એ બે હદીસો કેવી હશે? ત્યાં એકાએક એક શખ્સ મારા ઘોડા પાસે આવ્યો, અને ઘોડાની લગામ પકડીને કહ્યું કે અય શૈખ તમો શું વિચારો છો?

મેં તેને કોઈ ગામડાનો રહેનાર વટેમાર્ગુ ધારીને કહ્યું: તમોને મારા વિચારથી શું કામ છે? તમે તમારા રસ્તે ચાલ્યા જાવ! આ સાંભળીને તેઓએ કહ્યું કે તમો તમારો સવાલ રજૂ કરો. કદાચ એવું બને કે તમને તેનો સંતોષકારક જવાબ મળી જાય.આ સાંભળીને મેં કહ્યું: મેં હદીસમાં જોયું છે કે જે શખ્સ હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબતમાં રડે અને તેની આંખમાંથી આંસુનું એક ટીપું નીકળે તો તેના માટે બેહિશ્ત વાજીબ થાય છે, તો આ બાબત સમજમાં નથી આવતી કે આંસુના એક ટીપામાં આટલો બધો સવાબ હોય ખરો? અને બીજી હદીસ એ જોઈ છે કે જે કોઈ હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના કુબ્બામાં (કબ્ર મુબારક) પાસે જુમ્માની ચાલીસ રાત સુધી ઈબાદત કરે તો તેને ઝમાનાના ઈમામની ઝિયારત નસીબ થાય છે. તો મેં એ હઝરતના કુબ્બામાં જુમ્માની ઓગણ ચાલીસ રાત સુધી ઈબાદત કરી અને દુઆ માંગી પણ હજુ સુધી ઈમામની ઝિયારત નસીબ થઈ નથી. હવે એક રાત બાકી રહી છે તેથી એ માટે જ જાઉં છું કે ઈમામ(અલય્હિસ્સલામ) મળી જાય તો તેમને આ પ્રશ્ન રજૂ કરૂં.

એ શખ્સે આ સાંભળીને કહ્યું કે હું તમારી શંકાનો જવાબ આપું છું, તો સાંભળો. એક મહાન બાદશાહ જે આખી દુન્યા ઉપર હુકુમત કરતો હોય તે શિકાર કરવા લશ્કર લઈને જાય છે અને લશ્કરથી છુટો પડીને એકલો જંગલમાં ચાલ્યો જાય, એટલે સુધી કે કોઈ મેદાનમાં જઈ પહોંચે અને તેને ખુબ ભૂખ અને તરસ લાગી હોય અને ત્યાં ખાવા પીવાનું મળે એમ ન હોય પણ ત્યાં એક ડોશીની ઝૂંપડી દેખાય, બાદશાહ લાચાર થઈને તે ડોશીને કહે કે મને બહુ જ તરસ લાગી છે માટે પાણી પીવરાવ, તે ડોશી પાસે તે વખતે એક બકરી સિવાય બીજું કાંઈ ન હોય, તેથી એ ડોશી તે બકરીને દોઈને દૂધ પીવરાવે છે. પછી બાદશાહે કહ્યું કે હવે ભૂખનો કાંઈ ઈલાજ કર, તો તે ડોશીએ પોતાની તમામ પૂંજી અને જીવન નિર્વાહની ચીજ બકરીને ઝબહ કરીને તેના કબાબ શેકીને તેને ખવરાવે છે, તો હવે કહો કે જ્યારે તે ડોશી બાદશાહના દરબારમાં જાય ત્યારે તેને તેના બદલામાં શું આપે ? તે ડોશીએ બાદશાહની ખુશી માટે પોતાની પાસે જે હતું તે આપી દઈ મુફલીસ થઈ ગઈ. હવે તે બાદશાહ તેના બદલામાં પોતાની આખી બાદશાહત આપી દે તો પણ તે બુઢીયા કરતાં કાંઈ વધારે આપ્યું કહેવાય નહી.

તો એ જ પ્રમાણે હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ પોતાના ઘરબાર અને માલ-ઔલાદ સર્વસ્વ રાહે ખુદામાં આપીને પોતે પણ શહીદ થઈ ગયા, તો ખુદા તેના બદલામાં તેમને પોતાની તમામ ખુદાઈનો ઈખ્તીયાર આપી દે તો પણ તેમના કરતાં કાંઈ વધારે આપ્યું ગણાય નહીં, અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબત ઉપર રડવાનો જે સવાબ છે તે કંઈ એ રડવાની અને તે આંસુની કિંમત નથી, પણ એ હઝરતની શહાદતના કારણથી તેમના પ્રત્યે એટલી લાગણી તથા હમદર્દી ધરાવનારને એવો મહાન બદલો આપવામાં આવશે.

આ તમારી એક શંકાનો જવાબ આપ્યો, હવે બીજી શંકા (કે ઓગણ ચાલીસ જુમ્માની રાત હ. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના કુબ્બામાં ઈબાદત

અને ઝિયારત કરી તો પણ ઝમાનાના ઈમામની ઝિયારત કેમ ન થઈ? તો જાણી લ્યો કે હજુ ચાલીસ જુમ્માની રાત પૂરી થઈ નથી છતાંય તમારા ઈમામ તમારી સાથે છે, અને તમને જવાબ આપી દીધો છે. આ સાંભળીને જનાબ અલ્લામાએ હિલ્લી એકદમ પોતાના ઘોડા ઉપરથી નીચે કુદી પડયા, અને એ ઝમાનાના ઈમામના પગ ચૂમ્યા, ત્યાં તેઓ ગાએબ થઈ ગયા.(સલવાત) (સંદર્ભ: કસસુલ ઓલમા – હાજી નાજી સાહેબ)

એક બદ-અખ્લાક છોકરો કે જેણે બાપને બધી રીતે સતાવ્યો હોય , બાપની કોઈ વાત માની નથી. પણ હવે તે ગંદા અને ફાટેલા કપડાં, વિખરાયેલા વાળ સાથે મોડીરાત્રે ઘરનો દરવાજો ખટખટાવે છે તો બાપ તે દરવાજો ખોલશે કે પછી નહિ ખોલે? બાપે પૂછ્યું: કોણ? તેણે કહ્યું: તમારો દિકરો; હું એટલો લાયક તો નથી કે ઘરે પાછો આવું પરંતુ તમારી સિવાય મારું બીજો કોઈ ઠેકાણું નથી.

હવે તમે સાચે કહો કે તે બાપ દરવાજો ખોલશે કે પછી નહિ ખોલે? દીકરાને પોતાના કલેજાથી લગાવશે કે પછી નહી લગાવશે? પોતાના ઘરમાં જગ્યા આપશે કે પછી નહી આપે? હાં, બાપ જરૂર દરવાજો ખોલશે, તેને કલેજેથી લગાવશે અને ઘરમાં જગ્યા આપશે, તેને ઘરથી કાઢી નહી મુકે.

હું એક જુમ્લો કહીશ મૌલા! જ્યારે એક સામાન્ય મોહબ્બત રાખવાવાળો બાપ પોતાના નાલાયક દિકરાને પોતાના ઘરેથી કાઢી નથી મુકતો તો પછી આપ (અ.સ.) તો બાપ કરતા વધારે મોહબ્બત કરવાવાળા છો. અમે આપનાં હુસૈન (અ.સ.)ની ફર્શે અઝા પર બેઠા છીએ, હઝરત અબ્બાસ (અ.સ.)નું નામ લઈને અહીં આવ્યા છીએ, જનાબે અલી અકબર (અ.સ.)નાં મસાએબ લઈને આવ્યા છીએ, શું આપ અમને અહીંથી બહાર કાઢી મુકશો?

અમે ખરેખર નાલાયક, ગુનાહગાર, ખતાકાર છીએ પરંતુ અય યબ્નઝ્ઝહરા (અ.સ.)! આપનાં સિવાય અમારું કોણ છે?આપણે કરબલાનાં વાકેઆમાં આ દાસ્તાન સાંભળી છે કે જ્યારે હુરનું લશ્કર હઝરત ઈમામ

હુસૈન (અ.સ.)નો રસ્તો રોકવા માટે આવ્યું ત્યારે તે લશ્કર પ્યાસુ હતું. ઈમામ હુસૈન (અ.સ.)એ અવાજ આપી, અબ્બાસ લશ્કરને પાણી પીવરાવો, અલી અકબર લશ્કરને પાણી પીવરાવો અને ત્યાં સુધી પાણી પીવરાવતા રહો જ્યાં સુધી તેઓ ખુદ પોતાનું મોઢું ઉઠાવી ન લે.જાનવરોને પણ પાણી પીવરાવો.

રિવાયતમાં છે કે ઈમામ હુસૈન (અ.સ.)એ એક શખ્સને જોયો કે જે એવી સ્થિતિમાં છે કે પાણી પીય નથી શકતો, તેના હાથમાંથી પાણી ઢોળાઈ જાય છે.ત્યારે ઈમામ હુસૈન (અ.સ.)એ ન અબ્બાસને કહ્યું, ન અલી અકબરને કહ્યું, ખુદ તે શખ્સ પાસે જાય છે અને તે શખ્સને કહે છે મને મશ્ક આપી દે, હું તને પાણી પીવરાવીશ.ઈમામ હુસૈન (અ.સ.)એ તેના હાથમાંથી મશ્ક લીધી અને કહ્યું ત્યાં સુધી પાણી પીતો રહેજે જ્યાં સુધી તું સૈરાબ ન થઈ જા.

અઝીઝો! હવે દિલ ચાહે છે કે હું ઈમામથી ફરિયાદ કરું મૌલા! જેઓએ આપનાં જદ્દ ઈમામ હુસૈન (અ.સ.)નો રસ્તો રોક્યો, જેઓ આપનાં જદ્દ (અ.સ.)ને કત્લ કરવા માટે આવ્યા હતા, જેઓ આપનાં જદ્દ (અ.સ.)નાં મુકાબલામાં આવ્યા હતા, તેઓને આપનાં જદ્દ ઈમામ હુસૈન (અ.સ.)એ પાણીથી સૈરાબ કર્યા. મૌલા! અમે ગુનાહગાર અને ખતાકાર છીએ પરંતુ અમે આપનો રસ્તો તો નથી રોક્યો, અમે આપનાં એહલે હરમ પર તલવારો તો નથી ઉઠાવી. આપને તે ઈમામ હુસૈન (અ.સ.)નો વાસ્તો આપીને સવાલ કરીએ છીએ એક નિગાહે કરમ અમો ગુનાહગારો તરફ કરી દયો, આપનાં સિવાય અમારું કોઈ ચાહવાવાળું નથી, આપનાં સિવાય અમારો કોઈ મદદગાર નથી.

મૌલા! અમે એટલું કહી શકીએ કે માહે મોહર્રમમાં આપનાં અકબરનું માતમ કરીએ છીએ, આપનાં અબ્બાસ પર આંસુ વહાવીએ છીએ, આપની સકીનાને યાદ કરીને રડીએ છીએ. મૌલા! અમે જાણીએ છીએ કે ઈમામ હુસૈન (અ.સ.), આપની નજદીક બહુજ મહત્વ ધરાવે છે અને આપે દર્દનાક મસાએબ પઢયા છે.

મારી તમને ગુજારીશ છે કે આપણે દુઆ કરીએ કે એક મૌકો એવો મળી જાય કે આપણા ઈમામે ઝમાના (અ.સ.) મિમ્બર પર હોય અને આપ કરબલાનાં મસાએબ પઢી રહ્યા હોય અને આપણે તે મસાએબ સાંભળી રહ્યા હોય.અઝાદારો! ઈમામ (અ.સ.)એ ઝિયારતે નાહિયામાં પોતાના જદ્દ ઈમામ હુસૈન (અ.સ.)ને સલામ કરે છે અને રડતા રડતા કહે છે,

**અસ્સલામો અલ્શ શૈબિલ ખઝીબ : સલામ થાય તે દાઢી પર જે ખૂનથી રંગીન કરવામાં આવી.**

પછી બીજો જુમ્લો ફરમાવે છે:

**અસ્સલામો અલ્લ બદનીસ્સલિબ : સલામ તે બદન પર જેના પરથી કપડા ઉતારી લેવામાં આવ્યા.**

અઝીઝો! દુનિયામાં ક્યાંય એવા જોવા નથી મળતું કે કોઈનાં મરવા પછી તેના કપડા ઉતારી લેવામાં આવે. અગર કોઈ હાઈવે પર પણ કોઈ એક્સિડન્ટ થયું હોય તો તમે થોડાક સમય પછી જોશો કે કોઈને કોઈ આવીને તે મય્યત પર ચાદર નાખી દે છે પરંતુ અલ્લાહ અલ્લાહ! તે ઈમામ હુસૈન (અ.સ.) કે જેમના માટે જન્નતથી લિબાસ આવ્યો હોય, તેમની લાશ કરબલાનાં મૈદાનમાં બે ગૌરો કફન પડી છે. પછી ઈમામ (અ.સ.) આગળ ફરમાવે છે: **સલામ તે રુખ્સારો પર જે કરબલાની સળગતી જમીન પર પડ્યા હતા.**

અઝીઝો! ઈમામ હુસૈન (અ.સ.)નો રુખ્સાર, તે રુખ્સાર કે જેનો હઝરત રસૂલે ખુદા ((સ.અ.)વ) બોસો લેતા હતા, જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) બોસો લેતા હતા, તે ઈમામ હુસૈન (અ.સ.)નો રુખ્સાર, કરબલાની સળગતી જમીન પર પડ્યો હતો.

પછી ઈમામ (અ.સ.) આગળ ફરમાવે છે: **સલામ તે હોઠો પર જેમનાં પર ચાબૂક મારવામાં આવ્યા.**

અઝાદારો! રિવાયત કહે છે, રાવીનું બયાન છે કે હું યઝીદનાં દરબારમાં ઉભો હતો, ચારેય તરફ તમાશાઈઓનો મજમો હતો, એહલે હરમ રસન બસ્તા

એક બાજુ ઉભા હતા, જનાબે ઝૈનબ (સ.અ.) ઉભા હતા, જનાબે સકીના (સ.અ.) ઉભા હતા, હઝરત ઝૈનુલ આબેદીન (અ.સ.) ઉભા હતા, યઝીદ તખ્ત પર બેઠો હતો. તખ્તની સામે એક તશ્ત પર ઈમામ હુસૈન (અ.સ.)નું સર રાખેલું હતું. યઝીદનાં હાથમાં એક છડી હતી, તે છડી ઈમામ હુસૈન (અ.સ.)નાં હોઠો પર મારતો હતો. રાવી કહે છે હું આ બધું જોઈને તડપી ગયો, મેં યઝીદને કહ્યું આ હોઠો પર છડી ન માર, મેં મારી આંખે જોયું છે રસૂલે ખુદા ((સ.અ.)વ) આ હોઠોને બોસો આપતા હતા.

અઝાદારો! જ્યારે બીજા લોકોનાં દિલમાં આની એટલી અસર હતી કે તે બરદાસ્ત ન કરી શક્યા તો પછી ઈમામ હુસૈન (અ.સ.)નાં ફરઝંદ ઝૈનુલ આબેદીન (અ.સ.), બહેન જનાબે ઝૈનબ (સ.અ.) અને બેટી જનાબે સકીના (સ.અ.), એહલે હરમ આ મંઝરને જોઈ રહ્યા હતા ત્યારે તેમનાં દિલો પર શું ગુજરી હશે..... (મસાએબ – મૌલાના આબેદી સાહેબની મજલીસમાંથી)

## મજલિસ 7

## નામે ફાતેમા (સ.અ.)થી શિફા અને હિદાયત અને મસાયેબ

જ.ઝહરા (સ.અ.) કે જેમને કોણ નથી જાણતું?... કાએનાતની તમામ ઔરતોની સરદાર છે. તે જ.ફાતેમા ઝહરા (સ.અ.) કે જેમના ફરઝંદો જન્નતના જવાનોનાં સરદાર છે. તે જ.ફાતેમા ઝહરા (સ.અ.) કે જેમના શૌહર અમીરૂલ મોઅમેનીન (અ.સ.) છે, જન્નત અને જહન્નમને તકસીમ કરનારા છે. તે જ.ફાતેમા ઝહરા (સ.અ.) કે જેમના પિતા રહેમતુલ લિલ આલમીન, તમામ અંબિયાનાં સરદાર છે. તે જ.ફાતેમા ઝહરા (સ.અ.) કે જેમના એહતેરામમાં હઝરત રસુલે ખુદા ((સ.અ.)વ) ઊભા થઈ જતા.

તે જ.ફાતેમા ઝહરા (સ.અ.) કે જેમની અઝમત અલ્લાહની નઝદીક એટલી મહાન છે કે ફાતેમા ઝહરા (સ.અ.)નું પવિત્ર નામ બિમારીમાંથી શિફા, નજાત અને હિદાયત માટે અલ્લાહની નજદિક બેહતરીન વસિલો છે. આવો

આપણે એક વાકેઓ જોઈએ કે નામે ફાતેમા (સ.અ.)ની અઝમત અલ્લાહની નજદિક કેટલી મહાન છે, તે આપણને ખ્યાલ આવે.

આયતુલ્લાહ મિલાની પાસે એક જર્મન ફેમિલી આવ્યું.કે જેઓ ખ્રિસ્તી મઝહબનાં હતા. તેમણે આવીને આયતુલ્લાહ મિલાનીને કહ્યું કે અમે ઈસ્લામ કબૂલ કરવા ચાહીએ છીએ.આયતુલ્લાહ મિલાનીએ પૂછ્યું: તમે શા માટે ઈસ્લામ કબૂલ કરવા ચાહો છો? તેમણે જવાબ આપ્યો: નામે ફાતેમા ઝહરા (સ.અ.)નાં સદકામાં.. આયતુલ્લાહ મિલાનીએ પૂછ્યું: એવી કંઈ ચીજ, કોઈ વાકેઓ છે કે જેના લીધે તમે ઈસ્લામ કબૂલ કરવા ચાહો છો? અને ઈસાઈ મઝહબને છોડી દેવા ચાહો છો? તેમણે કહ્યું : અમે કોઈ મોઅજીઝો નથી જોયો, અમે કોઈ કિતાબ નથી વાંચી. ફાતેમા ઝહરા (સ.અ.)ના નામની બરકતથી અને તેના સદકામાં અમે ઈસ્લામ લાવવા ચાહીએ છીએ. પછી પોતાનાં ફેમિલી સાથે થયેલ એક્સિડન્ટનો બનાવ બયાન કરતા કહે છે.

હું અને મારું ફેમિલી કારમાં મુસાફરી કરી રહ્યા હતા. અચાનક શદીદ સખ્ત એક્સિડન્ટ થયો. અમે બચી તો ગયા પરંતુ મારી દિકરીની કમરની પાંસળીઓ ટૂટી ગઈ. અમે એક પછી એક ઘણા ડોક્ટર પાસે ગયા. દરેક ડોક્ટર એમ કહેતા હતા કે જો હાથ પગનું હાડકું ભાંગી ગયું હોય તો અમે પ્લાસટર ઓપરેશન કરીને સારું કરી શકીએ, પરંતુ જેની કમરની પાંસળીઓ-હાડકાં ટૂટી ગયા હોય તેનો કોઈ ઈલાજ નથી. દર્દીને પૂરી જીંદગી બિસ્તરમાં જ પસાર કરવી પડે. તે ઊભી નહિ થઈ શકે.... જરા એહસાસ કરો કે ફાતેમા ઝહરા (સ.અ.) કે જેમની કમરની પાંસળીઓને ઝાલીમોએ તોડી નાખી. કેવી રીતે આપ (સ.અ.)એ તે દિવસો પસાર કર્યા હશે... શેહઝાદી એક હાથમાં લાકડીનો સહારો લેતા અને એક હાથ કમરની પાંસળીઓ પર રાખતા હતા.

મારી દિકરીનો પહલું શિકસ્તા થઈ ગયો. બિસ્તર પર હતી.. જીંદગી ભર એ જ હાલતમાં પસાર કરવું કેટલું દર્દ ભર્યું હતું. ડોક્ટરોએ ઈલાજની ના પાડી

દીધી. અમારા ઘરે એક સૈયદાણી બહેન કામ કરતા હતા. તેણે એક દિવસ મને કહ્યું કે તમે દરેક ડોક્ટરને બતાવી ચૂક્યા પણ સારું ન થયું... મારી પાસે એક તબીબ છે. અગર તમે ચાહો તો તેનાથી ઈલાજ કરાવી લો. અગર અલ્લાહની મસ્લેહત હશે તો જરૂર સારું થઈ જશે. અમે પૂછ્યું તે તબીબ ડોકટર કોણ છે? તેની ફી એટલી છે? તે સૈયદાણીએ કહ્યું... તેની કોઈ ફી નથી.... બસ એટલું છે કે જે રીતે તમારી દીકરીનું પહેલું શિકસ્તા થઈ ગયો છે,તે રીતે તેમની પણ કમરની પાંસળીઓ તૂટી ગઈ હતી. તેના માટે ક્યાંય જવાની જરૂર નથી. તેને ખુલુસતાથી પુકારવામાં આવે તો તે જરૂર મદદ કરે છે..

તે લોકોએ રૂમ ખાલી કરી દીધો. રૂમમાં બીમાર દીકરી બિસ્તર પર હતી અને તે રૂમમાં તે સૈયદાણી ખાતુન હતા. તેમણે તે જવાન દીકરીને કહ્યું: તું આટલું બોલ.. યા ફાતેમા ઝહરા (સ.અ.)...યા ફાતેમા ઝહરા (સ.અ.).. તેણી આ તસ્બીહ કરવાનું શરૂ કર્યું. જબાન પર આ જ નામ હતું યા ફાતેમા ઝહરા (સ.અ.)... તે સૈયદાણી રૂમના ખૂણામાં બેસી ગયા અને દુઆ કરવા લાગ્યા, તમે આ બચ્ચીને શિફા આપી દો. મેં તમારો રસ્તો બતાવ્યો છે. તમે તેમની હિદાયત કરો.. મને રૂસ્વા નહીં કરતા .. અમુક સમય પસાર થયો.. એક પર્દાદાર ખાતુન રૂમમાં આવ્યા અને તે દીકરીને કહ્યું ઊભી થઈ જા. તેણે કહ્યું હું બિસ્તરમાંથી ઉભી નથી થઈ શકતી. બીજી વાર કહ્યું કે હું રસુલે ખુદા ((સ.અ.)વ)ની  દીકરી ફાતેમા ઝહરા (સ.અ.) તને કહું છું કે તું ઊભી થઈ જા. તે ધીમે ધીમે ઊભી થઈ ગઈ. તેની જબાન પર હતું યા ઝહરા...યા ઝહરા....શહેઝાદીએ તે ઈસાઈ દીકરીને શિફા આપી. આ ફેમિલીએ કહ્યું: આ જ કારણે નામે ફાતેમા (સ.અ.) પર અમે ઇસ્લામ લાવવા ચાહીએ છીએ. અલ્લાહો અકબર! તે પૂરું ખ્રિસ્તી ફેમેલી નામે ફાતેમા પર કલમો પડીને મુસલમાન થઈ ગયું... (રેફરન્સ: જનાબ મૌલાના કુમૈલ મહદવી સાહેબની મજલીસમાંથી)

આ જ માઁ કરબલામાં કાફેલાની સાથે હતી.. કરબલામાં જ્યાં તંબુઓ નાખવામાં આવ્યા, ત્યાંથી એક બીબીની રડવાની અવાજ આવી રહી હતી. જનાબે ઝૈનબે પૂછ્યું આ કોણ રડી રહ્યું છે?.. ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું: આ આપણી માઁ ફાતેમા ઝહરા (સ.અ.) છે, જે દરેક મંઝિલ પર આપણી સાથે છે...

જ્યારે ઈમામ હુસૈન (અ.સ.) ઝુલજનાહ પરથી નીચે આવ્યા ત્યારે પણ બીબી દામન ફેલાવીને ઉભા હતા. કાફલો કુફાના રસ્તામાં એક જગ્યાએ રોકી દેવામાં આવ્યો. ઈમામ હુસૈન (અ.સ.)નું સર જે નૈઝા પર હતું તે નૈઝો  જમીન પર ખૂંચી ગયો. તે નૈઝો આગળ નથી વધતો... શિમ્ર મલઉન આવ્યો, હાથમાં એક ચાબુક હતી. તેણે ઈમામ સજ્જાદ (અ.સ.)ને કહ્યું તમારા બાબાનું સર કેમ આગળ વધતું નથી? આટલું કહીને એક ચાબુક ઈમામ સજ્જાદ (અ.સ.)ની પુશ્ત ઉપર માર્યું. ઈમામ સજ્જાદ (અ.સ.)એ કહ્યું: બાબા! તમે આગળ કેમ નથી વધતા. ઈમામ હુસૈન (અ.સ.)એ જવાબ આપ્યો: બેટા સજ્જાદ! સકીના જંગલમાં પડી ગઈ છે. જનાબે ઝયનબ અને જનાબે ઉમ્મે કુલસુમ જનાબે સકીનાની તલાશ કરવા નીકળે છે. અય્ન સકીના...અય્ન સકીના..સકીના બેટા ક્યાં છો તમે ..અચાનક જોયું કે એક નકાબપોશ ખાતુનનાં ખોળામાં નાની બચ્ચી છે. તે ખાતુન કહે છે કે ધીમે બોલો હમણાં જ સુતી છે. જનાબે ઝયનબો ઉમ્મે કૂલસુમ કહે છે કે અય મોઅઝઝ્માં! તમે કોણ  છો? જે આ બચ્ચી ઉપર રહેમ કરી રહ્યા છો, જ્યારે કરબલાથી કુફા સુધી આ બચ્ચીને તમાચાઓ અને ચાબુકો મારવામાં આવતા હતા. બેટા ઝયનબ! બેટા ઉમ્મે કુલસુમ! તમે મને ન ઓળખી. નકાબ ઉઠાવીને કહ્યું હું તમારી માઁ ફાતેમા (સ.અ.) છું. બેટી! સબ્ર કરજો, તમારી દુ:ખીયારી માઁ તમારી સાથે સાથે જ છે....

અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ્ઝાલેમીન.....

## મજલીસ 8

## મૌલા હુસૈન (અ.સ.)એ આયતુલ્લાહને નવી જીંદગી અતા કરી અને ઈમામ હસન (અ.સ.)ના મસાયેબ

'આયતુલ્લાહ શેખ અબ્દુલ કરીમે હાયરી' ની સંબંધિત એક મશહુર વાકેઓ જોવા મળે છે. સન ૧૩૫૫ હીજરીમાં આયતુલ્લાહ શેખ અબ્દુલ કરીમે હાયરીનો ઈન્તેકાલ થયો છે અને આ તે આયતુલ્લાહ છે જેઓએ 'હૌઝએ ઈલ્મીયા' જે 'કુમ' માં છે તેનો પાયો નાખ્યો હતો. તેઓ માસુમએ કુમનાં હરમમાં દફન છે.

'આયતુલ્લાહ શેખ અબ્દુલ કરીમે હાયરી' એ પોતાનું એક ખ્વાબ, આયતુલ્લાહ મુસ્તુફાએ અરાકીને બયાન કર્યો હતો. તેઓ ફરમાવતા હતા કે મેં ખ્વાબમાં જોયું કે ઈરાકમાં એક શખ્સે મને કહ્યું કે અય અબ્દુલ કરીમ! ત્રણ દિવસની અંદર તમે મરી જશો, એટલા માટે તમારા જે કંઈ પણ કામ હોય તેને પુરા કરી લો. તેઓ કહેવા લાગ્યા કે મેં આ ખ્વાબને મારો વહેમ સમજ્યો, કેમકે આવી રીતનાં તો ઘણા ખરા ખ્વાબ આવતાં જ રહેતા હોય છે.

તેઓ કહે છે કે હું ત્રીજા દિવસે પોતાના દોસ્તો સાથે ચાલવા માટે એક બગીચામાં ગયો તો અચાનકથી મારી તબિયત ખરાબ થઈ ગઈ અને એટલી ખરાબ થઈ ગઈ કે હું ત્યાં તરતજ પડી ગયો. મારા દોસ્તોએ મારી અબાને જમીનમાં પાથરી અને મને જમીન પર સુવરાવ્યો. પછી મારા દોસ્તો મને ત્યાંથી ઉઠાવીને ઘર લઈ આવ્યા. મૌતની અલામતો દેખાવવાં લાગી. મેં જોયું કે બે જણા મારી પાસે આવીને બેસી ગયા. હું સમજી ગયો કે મારી મૌત નજીક આવી ગઈ છે. તે બન્ને જણાએ કહ્યું કે અમે તમારી રૂહ કબ્ઝ કરવા માટે ચક્કર લગાવી રહ્યા છીએ.જેવા તેઓએ આ જુમ્લા કહ્યા તો 'આયતુલ્લાહ શેખ અબ્દુલ કરીમે હાયરી' તરત જ ઈમામ હુસૈન (અ.સ.)ની તરફ મુતવસ્સિલ થયા અને કહ્યું કે અય મારા મઝલુમ મૌલા! મારા હાથ તો બિલ્કુલ ખાલી છે, હું ક્યું ભાથું લઈને આ દુનિયાથી જઈ રહ્યો છું. આપને આપની મઝલુમા માતા નો વાસ્તો, મારી શિફારીશ કરી દયો કે મારી ઉમ્રમાં વધારો થાય, કે જેથી હું મૌત

માટેની તૈયારી કરી શકું. તે જ સમયે સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.)નો એક સફીર આવ્યો. અહીં એ જણાવવું જરૂરી છે કે જ્યારે પણ આપણે ઈમામે ઝમાના (અ.સ.)ને યાદ કરીએ છીએ અથવા તો મદદ માટે પુકારીએ છીએ અથવા તો મૌલા એ કાએનાત (અ.સ.)ને પુકારીએ છીએ તો જરૂરી નથી કે આ શખ્સિયતો જ મદદ માટે આવી શકે બલ્કે તેઓ કોઈને પણ મોકલી શકે છે, કોઈના દીલમાં ખ્યાલ પૈદા કરી શકે છે, ત્યાં સુધી કે શક્ય છે કે કોઈના દ્વારા પણ તમને મદદ મળે; તમારી મદદ કરવી એ મકસદ હોય છે ચાહે માધ્યમ કોઈ પણ હોય.

તે સફીર તેઓ બન્ને જણાને કહેવા લાગ્યો કે ઈમામ હુસૈન (અ.સ.)એ આ વાત કહેરાવી છે કે આ શખ્સ! અમારાથી મુતવસ્સિલ થયો છે અને ખુદાવંદે આલમની બારગાહમાં 'આયતુલ્લાહ શેખ અબ્દુલ કરીમે હાયરી' ની શિફારીશ કરી દીધી છે અને અમારી દુઆ, ખુદાવંદે આલમની બારગાહમાં કબૂલ કરવામાં આવી છે. તેથી તમે તેમને છોડી દયો.

તેઓ બન્ને જણા કે જેઓ રૂહ કબ્ઝ કરવા માટે આવ્યા હતા, તેઓએ એક જુમ્લો કહ્યો કે અમે સાંભળ્યુ અને અમે ઈતાઅત કરી.આ જુમ્લા કહીને તેઓ બન્ને ચાલ્યા ગયા.

'આયતુલ્લાહ શેખ અબ્દુલ કરીમે હાયરી' કહે છે તે જ સમયે મેં મારા ઘરમાં રડવાની અવાજો સાંભળી. મારા ઘરવાળાઓ રડી રહ્યા હતા અને શદીદ ગિર્યા કરી રહ્યા હતા. મારા પગ અને પગનાં અંગૂઠા પણ બાંધી નાખવામાં આવ્યા હતા જેવી રીતે એક મુર્દાનાં પગને બાંધવામાં આવે છે. મેં જ્યારે મારા હાથ અને પગને હરકત આપવાનું શરૂ કર્યું અને જ્યારે તેઓએ મારા ચહેરા પરથી ચાદર હટાવી તો તેઓએ જોયું કે હું હરકત કરી રહ્યો છું. તો તેઓએ મારા શરીર પરથી ચાદર હટાવી. હું ઉઠીને ત્યાં બેઠો. આ પછી મને તંદુરસ્ત થવામાં ૧૫ દિવસ લાગી ગયા.

તેઓ ફરમાવે છે કે મૌલા હુસૈન (અ.સ.)એ મને નવી જીંદગી અતા કરી અને આજે જે કંઈ પણ હું છું તે મૌલા હુસૈન (અ.સ.)ની દુઆનાં કારણે છું. આ

પછી જે તેઓ એ વાયદો કર્યો હતો કે મૌલા! મારું આખેરતનું ભાથું બહુજ ઓછું છે, મારે તેને હાંસિલ કરવું છે એટલા માટે મારી ઉમ્રમાં વધારો કરો. તેઓએ આ વાયદા પર ખાલીસ નિય્યતથી અમલ કર્યો કે આ પછી 'હૌઝએ ઈલ્મીયાએ કુમ' કે જ્યાંથી લાખોની સંખ્યામાં ઓલમા અને મુજતહેદીન બનીને નીકળે છે અને હજી પણ નીકળી રહ્યા છે અને ઈન્શાલ્લાહ નીકળતા રહેશે, તે ફક્ત અને ફક્ત 'આયતુલ્લાહ શેખ અબ્દુલ કરીમે હાયરી' નાં ઈખ્લાસ અને કોશિશનું પરિણામ છે.

અહીં કહેવાનો મકસદ એ છે કે આપણે પણ આના પર અમલ કરવો જોઈએ. માની લ્યો કે આપણી મૌતનો સમય આજે આવી પહોંચ્યો હોય પરંતુ આપણે એવું સમજીએ કે આજે આપણી મૌતનો સમય આવીને ટળી ગયો છે અને હવે આપણે આજથી જ નવી જીંદગીની શરુઆત કરવાની છે.

ઉપરોક્ત વાકેઓ જરૂરી નથી કે બધા માટે એવો જ પેશ આવે  કે મૌતનાં ફરિશ્તાઓ સામે આવી જાય અને પછી આપણે તેનાથી વિનંતી કરીએ અને પછી ફરીથી નવી જીંદગી લઈને આખેરત માટે કામ કરવાનું શરૂ કરીએ. આ મૌકો આપણને અત્યારે જ હાંસિલ છે. અત્યારે જ્યારે કે મૌતનાં ફરિશ્તાઓ નથી પણ આવ્યા તો પણ સમજીએ કે તેઓ આવી ગયા, આપણને મોહલત મળી ગઈ છે અને આપણે આખેરતના માટે ખુલુસતાથી અમલ કરીએ. આજે ઈમામ હસન (અ.સ.)ના મસાએબનો ઝીક્ર કરીએ.

અઝીઝો! અય્યામે અઝામાં આપણે ગિર્યા કરીએ છીએ અને કહીએ છીએ કે હુસૈન (અ.સ.)ની શહાદતનાં મસાએબ છે અને હઝરતે હસને મુજતબા (અ.સ.)ને પૂરસો આપવાનો છે; આજે હું શબ્દ બદલી રહ્યો છું, આજે હઝરતે હસને મુજતબા (અ.સ.)નાં મસાએબ છે અને હુસૈન (અ.સ.) કરબલાથી પૂરસો લેવા માટે આવ્યા છે.

તમે ગરીબથી ગરીબનો જનાઝો જોયો હશે પણ કોઈ એવો જનાઝો નહિ જોયો હોય કે જે એક વાર ઘરેથી  નિકળ્યો હોય પરંતુ એટલી ગુરબત હોય કે દફન ન થઈ શકે અને ફરીથી પાછો ઘરે આવી જાય.

હઝરત ઈમામ હસન (અ.સ.)ને ૩ વખત સતત ઝખ્મી કરવામાં આવ્યા હતા. તેમને વારંવાર ઝહેર આપવામાં આવ્યું હતું. અને જ્યારે આજની શબ એટલે ૨૮ મી સફરની શબ આવી તો પાણીમાં ઝહેર આપવામાં આવ્યું. રાત્રીના આપ  ઉઠ્યા અને જ્યારે પ્યાસ લાગી તો પાણીનો જગ લીધો, તે જગમાં પહેલેથી જ ઝહેર મેળવવામાં આવ્યું હતું. જઅદા બિન્તે અશઅશ એ આ કામ કર્યું હતું અને તેણીને આ કામ કરવા માટે યઝીદનાં બાપ તરફથી ૧ લાખ દિરહમ આપવામાં આવ્યા હતા. પાણીમાં ઝહેર મેળવવામાં આવ્યું અને જ્યારે ઈમામ હસન (અ.સ.)એ પાણી પીધું ત્યારે તરત જ કહ્યું કે હાય! મારું જીગર ટૂકડે ટૂકડે થઈ ગયું. ઈમામ(અ.સ.)ની ઉમ્ર ફક્ત ૪૭ વર્ષની હતી. ઈમામની સામે તશ્ત રાખવામાં આવ્યું અને મઝલુમ ઈમામ સતત પોતાનાં જીગરના ટુકડાને તશ્તમાં કાઢી રહ્યા હતા. આજે તે ઈમામ હસન (અ.સ.)નાં મસાએબ છે કે જેની કબ્ર વિરાન અને મિસ્માર છે. મૌલા હસન (અ.સ.) મઝલુમે મદીના અને ગરીબે મદીના છે.

**પૈકા બરસ રહે હૈ તાબૂત પર હસન કે,  ઉમ્મત મીટા રહી હૈ આસાર પંજેતન કે.**

ઈમામ હસન (અ.સ.)નાં તાબૂતથી લિપટીને જનાબે કાસીમ કે જેઓ ફક્ત ૨ વર્ષનાં હતાં, તેમણે પુકાર્યું:

**તાબૂતસે લીપટ કે, કાસીમ પૂકારે બાબા, આંસુ અખી કે દેખો, નૌહા સૂનો બહેન કે.**

**બહેને માતમ કર રહી થી, ભાઈ કે જનાઝે પર,  ઝૈનબ પૂકારી ભાઈ, દિલ ડૂબતા હૈ મેરા**

**ઉગ્લો ન દિલ કે ટૂકડે, સદકે ગઈ દહન કે**

ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)નાં જનાઝામાં ફર્ક છે. તે એ છે કે ઈમામ હસન (અ.સ.)નાં જનાઝામાં તીરો હતા જ્યારે ઈમામ હુસૈન (અ.સ.)નો જનાઝો તીરો પર હતો. એક બીજો ફર્ક એ પણ છે કે ઈમામ હસન

(અ.સ.)ને કફન ઈમામ હુસૈન (અ.સ.)એ આપ્યું પરંતુ ઈમામ હુસૈન (અ.સ.)ને કફન કોણ આપતું?

**તન પર તો હૈ હસન કે, ગો છીદ ગયા હૈ સારા, મોહતાજ હીઁ રહેંગે, શબ્બીર તો કફન કે.**

અય શહેઝાદા કાસીમ! આપને આપનાં બાબાનો પૂરસો પેશ કરીએ છીએ.

**બાબા કે દિલ કે ટૂકડે, તું ને ગીને બહત્તર, ટૂકડે હઝાર હોંગે, કાસીમ તેરે બદન કે.**

કરબલામાં જનાબે કાસીમની લાશ વિખરાયેલી રહી ગઈ. યતીમે હસન પોતાની જીંદગીમાં જ પામાલ થતો રહ્યો. ઈમામ હુસૈન (અ.સ.) કહેતા હતાઃ અય બેટા કાસીમ! તારા કાકા માટે એ બહુજ સખ્ત છે, કરબલામાં તારી લાશને વિખરાયેલી જોવી.

જ્યારે ઈમામ હસન (અ.સ.)ને ઝહેર આપવામાં આવ્યું અને જીગરનાં ટુકડા બાહર કાઢી રહ્યા હતા, ત્યારે ઈમામ હુસૈન (અ.સ.) સતત ગિર્યા કરી રહ્યા હતા. તો ઈમામ હસન (અ.સ.)એ ફરમાવ્યુંઃ અય ભાઈ હુસૈન! આવી રીતે ગિર્યા ન કરો એટલા માટે કે,

**"લા યવ્મક યવ્મેકે યા અબા અબ્દિલ્લાહ" અય ભાઈ! જેવો તમારી મુસીબતનો દિવસ છે, તેવો બીજો કોઈ દિવસ નથી.**

એટલા માટે કે જ્યારે ઈમામ હસન (અ.સ.) શહીદ થયા તો કોઈએ શહેઝાદા કાસીમને તમાચા તો નથી લગાવ્યા. કોઈ તમાચા લગાવતુ પણ કેમ, હજી તો ઈમામ હુસૈન (અ.સ.) મૌજુદ હતા, હઝરત અબ્બાસ (અ.સ.) મૌજુદ હતા. કોની એવી મજાલ હતી કે એહલેબૈત (અ.મુ.સ)નાં ખાનવાદાઓને નજર ઉઠાવીને જોવે. પરંતુ હાય ગુરબતે હુસૈન (અ.સ.)! જનાબે સકીના (સ.અ.), તમાચા ખાતા ખાતા, શામનાં ઝિંદાનમાં શહીદ થઈ ગયા.......(મૌલાના કોમેલ મહ્દવી સાહેબની મજલીસમાંથી)

## મજલીસ 9

## ઈમામ હુસૈન (અ.સ.)થી તવસ્સુલ અને શિફા તથા જ. જૌનના મસાયેબ

હાજ મિર્ઝા અલી (મૃત્યુ: મોહર્રમ હિ.સ.1396), જે હાજ શેખ અબ્બાસ કુમ્મી (અ.ર)નાં ફરઝંદ હતા, તે ફરમાવતા હતા: "હું ગળાની બિમારીમાં એટલી હદે મુબ્તેલા થઈ ગયો હતો કે મારા માટે બોલવું પણ અશક્ય થઈ ગયું હતું. ડોક્ટરની તપાસ બાદ જાણવા મળ્યું કે મારી કેટલીક ગળાની નસ બંધ થઈ ગઈ છે અને ડોક્ટરે કહ્યું કે તમારી આ બિમારીનો કોઈ ઈલાજ નથી. ડોક્ટરે આરામ કરવાનો હુકમ આપ્યો અને કહ્યું કે તમારે થોડા મહિનાઓ સુધી તકરીર ન કરવી અને કોઈની સાથે વાત પણ ન કરવી અને જો તમારે કંઈક જોઈતું હોય તો તમારે તે લખીને જણાવવું. હું બહુજ પરેશાન થઈ ગયો અને અત્યંત લાચારી મહેસુસ કરી રહ્યો હતો.

એક દિવસ ઝોહર અને અસ્રની નમાઝ બાદ, મેં સૈયદુશ્શોહદા (અ.સ.)થી તવસ્સુલ કર્યું અને અરજ કરી: યબ્ન રસુલુલ્લાહ! મારા માટે બોલવાથી રોકાવું ખૂબજ મુશ્કેલ છે. હું મારી જીંદગીની શરૂઆતથી લઈને આજ સુધી મિમ્બર પર જતો રહ્યો છું અને ઘણા વર્ષોથી હું તમો એહલેબૈત(અ.મુ.સ)નો ખાદીમ છું. પરંતુ હવે મારે આ ખાદીમનો લિબાસ તરત જ બાજુએ રાખવો પડશે.આ ઉપરાંત માહે રમઝાન પણ નઝદીક છે.

ઘણી બધી વિનંતી અને દરખાસ્ત અને તવસ્સુલ બાદ મેં મારા ખ્વાબમાં જોયું કે હું એક રોશન (પ્રકાશિત) રૂમમાં બેઠો છું, પરંતુ તેની એક બાજુ અંધારું હતું. મેં ઈમામ હુસૈન (અ.સ.)ને રૂમનાં તે પ્રકાશિત ભાગમાં જોયા. તે જ સમયે, મેં હઝરત (અ.સ.)થી તવસ્સુલ કર્યું અને મારી મુશ્કેલીઓને બયાન કરી અને ખૂબજ આગ્રહ કર્યો.

હઝરત (અ.સ.) મારી તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યું: "જુવો પેલા સૈયદને કહો, જે દરવાજા પાસે બેઠા છે કે મારી બેટી "રુકય્યા ( જ સકીના (સ.અ.))ના મસાયેબ પઢે અને તમે પણ આંસુ વહાવો. ઈન્શાલ્લાહ તમે

તંદુરસ્ત થઈ જશો. જ્યારે મેં રૂમના દરવાજા તરફ જોયું તો મેં મારી બહેનનાં શૌહર, હાજી આકા મુસ્તફા તબાતબાઈ કુમ્મીને જોયા, જેઓ તેહરાનના આલીમોમાનાં એક હતા. તેમણે હઝરત રૂકૈયા (સકીના સ.અ) વિષે મજલીસ પઢી મસાયેબ પઢયા અને હું પણ ગિર્યા કરવામાં વ્યસ્ત થઈ ગયો. એ જ હાલતમાં તેમણે મને ઊંઘમાંથી જગાડ્યો.મને ગળાની બીમારીથી મુકમ્મલ શિફા મળી ગઈ

બીજા દિવસે, હું તે જ નિષ્ણાત ડૉક્ટર પાસે ગયો. તેણે ગળાની તપાસ કર્યા પછી કહ્યું, તમારા ગળામાં બિમારીનાં કોઈ ચિહનો દેખાતા નથી . મેં તેને મારા ખ્વાબ વિશે કહ્યું. જ્યારે તેણે આ સાંભળ્યું તો તેના હાથમાંથી પેન પડી ગઈ અને તેની આંખોમાં આંસુ આવી ગયા. પછી તેણે કહ્યું: "સાહેબ, તમારી આ બિમારી લા ઈલાજ હતી અને એહલેબૈત (અ.સ.)ની શિફા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો.

(કરામાતુલ હુસૈનીયહ, અલી મીર ખલફ ઝાદહ: ભાગ 2, પેજ નં.88)

એક ગુલામ કે જેનું નામ જૌન હતું, તે ઈમામ હુસૈન (અ.સ.)ની ખિદમતમાં આવ્યા અને કહ્યું મૌલા! મને પણ મરવાની ઈજાઝત આપો, હું પણ કુરબાની પેશ કરવા ચાહું છું. ઈમામ હુસૈન (અ.સ.)એ કહ્યું અય જૌન! તમારા માટે હજી સુકુનનો સમય છે. તમે મારા સજ્જાદની સાથે રહો, થોડાક દિવસ સુધી આરામ કરો અને મારા સજ્જાદની ખિદમત કરો. હવે જૌને તડપીને કહ્યું મૌલા! એનાથી વધું શું હોય શકે કે એટલા દિવસોથી મેં એહલેબૈત (અ.મુ.સ) સાથે આરામ કર્યો અને હવે જ્યારે મુસીબતનો સમય છે તો હું મારી જાન બચાવવાનું વિચારું.

મકતલનો અજીબ જુમ્લો છે, હવે જૌન જે ઉભેલા હતા તે ઈમામ હુસૈન (અ.સ.)નાં કદમોમાં પડી ગયા અને એક જુમ્લો કહેતા હતા: અય ફરઝંદે ઝહરા (અ.સ.)! શું હું કાળો છું, શું મારા ખૂનમાંથી બદબુ આવી રહી છે, શું મારા પરસેવામાંથી બદબુ આવી રહી છે એટલે આપ મને મરવાની ઈજાઝત

નથી આપતા? હવે ઈમામ હુસૈન (અ.સ.)એ જૌનનાં બાઝુ પકડ્યા, તેને સીનાથી લગાવ્યો. અરે જૌન! તમે ઝહરાનાં લાલ, ઈમામ હુસૈન (અ.સ.)ને આ શું કહી દીધું. ઝહરાનાં લાલ, જીસ્મ નથી જોતો, તે તમારી નિય્યત જોવે છે.

પછી ઈમામ હુસૈન (અ.સ.)એ કહ્યું જાવ જૌન! મેં તમને સજ્જાદ માટે રાખ્યા હતા. જાવ સજ્જાદ પાસેથી ઈજાઝત લઈ લો. હવે જૌન પુશ્તે ખૈમા પર આવ્યા અને અવાજ આપી અય મૌલા સજ્જાદ! હું આપનો ગુલામ, જૌન છું. મૌલા ગશમાંથી આંખો ખોલો. ઈમામ સજ્જાદ (અ.સ.)એ ગશમાંથી આંખ ખોલી અને કહ્યું જૌન, શું વાત છે?

જૌને કહ્યું આપના બાબાએ એક શર્ત રાખી દીધી છે કે જૌનને અગર મારો સજ્જાદ ઈજાઝત આપશે તો જ તેને મકતલમાં મોકલીશ નહિતર નહી મોકલુ. આ સાંભળીને ઈમામ સજ્જાદ તડપી ગયા અને કહ્યું અય જૌન! આજે હું કુરબાન નથી થઈ શકતો, હું મારા બાબાની દિફા નથી કરી શકતો, તમે જાવ અને મારા બાબાની રાહમાં કુરબાન થઈ જાવ. હવે જનાબે જૌન, ઈમામ હુસૈન (અ.સ.) પાસે આવ્યા અને કહ્યું: મૌલા! મને ઈજાઝત મળી ગઈ છે. તો ઈમામ હુસૈન (અ.સ.)એ કહ્યું જાવ જૌન, મેં પણ તમને ઈજાઝત આપી.

તારીખ કહે છે કે જનાબે જૌન મકતલમાં આવ્યા, પણ અંદાઝ અલગ હતો. પોતાનાં કપડાં ફાડીને મકતલમાં આવ્યા અને એક જુમ્લો કહી રહ્યા હતા કે ઈમામ હુસૈન (અ.સ.)ની મોહબ્બતે મને દીવાનો કરી દીધો છે. આવો તીર, આવો તલવારો, આવો નૈઝાઓ, આ જૌનનાં જીસ્મે મુબારકને છલ્ની કરી દયો. હું હુસૈન (અ.સ.)ની રાહમાં નિકળ્યો છું. પછી જનાબે જૌને અમુક મલઉનોને જહન્નમ વાસિલ કર્યા. પછી અવાજ આપી: આકા હુસૈન (અ.સ.)! મારી મદદે આવો.

હવે મકતલનો જુમ્લો છે, હુસૈન (અ.સ.) બહુજ ઝડપથી આગળ વધ્યા અને જનાબે જૌન પાસે પહોંચ્યા. ત્યારે જનાબે જૌન હોંશમાં હતા.ઈમામ હુસૈન (અ.સ.)એ જનાબે જૌનનું સર, પોતાની આગોશમાં લીધું. તો જનાબે જૌને

તડપીને કહ્યું આકા! આ ગુલામનું સર છે, મને જમીનમાં જ રહેવા દો. ઈમામ હુસૈન (અ.સ.)એ કહ્યું: નહી જૌન, આ તમારો હક બને છે. પછી ઈમામ હુસૈન (અ.સ.)એ હાથોને બુલંદ કર્યા અને ફરમાવ્યું: અય પરવરદિગાર! મારા જૌનનાં ખૂનને ખુશબુમાં બદલાવી દે. અય મારા મઅબુદ! મારા જૌનને ઈઝ્ઝત અને શરફ અતા કરી દે..........

## મજલીસ 10
## કૈદથી રિહાઈ અને મસાએબ

હવે એવું તો શું થયું કે યઝીદે એહલેબૈત (અ.મુ.સ)ને આઝાદ કરી દીધા. અલ્લામા મજલીસી એ કિતાબ 'બેહારૂલ અન્વાર' માં આ બાબતે એક રિવાયતને નકલ કરી છે:

અલ્લામા મજલીસી કહે છે: એક ઈસાઈ પસાર થઈ રહ્યો હતો કે જે પોતાની દિકરી અને પત્ની સાથે દમિશ્ક (શામ) આવ્યો હતો. તેની પાસે જે પૈસા હતા તે ખત્મ થઈ ગયા. તેણે વિચાર્યું કે હવે શું કરું, બાદશાહની સામે તોહફો પેશ કરીશ તો તેના બદલામાં તે મને ઈનામ આપશે, પૈસા આપશે તો મુસલમાનોનાં બાદશાહને તોહફો આપુ, તેણે વિચાર્યું કે જંગલમાં જઈને કોઈ હરણનો શિકાર કરું. ત્યાં ગયો તો જોયું કે એક માદા હરણ હતી જે ખૂબસૂરત હતી, તેના ગળામાં રસ્સી બાંધી અને તેને ઘસીટતો ઘસીટતો જઈ રહ્યો હતો કે અચાનક કૈદ્ખાનું આવ્યું તો તે માદા હરણ ત્યાં ઉભી રહી ગઈ . તેણે ઘણી કોશિશ કરી પણ તે ચાલતી ન હતી. તે ખેંચતો રહ્યો, અચાનક તેણે રસ્સીને ઢીલી કરી તો માદા હરણ બહુજ જલ્દીથી તે કૈદ્ખાનાના દરવાજા પર આવી. તેણે ફસિહ અરબી ભાષામાં કહ્યું: **"અસ્સલામો અલ્યક યબ્ર રસુલલ્લાહ"** તે શખ્સ ઈસાઈ હતો, આ બધું જોઈને નવાઈ પામ્યો અને કહેવા લાગ્યો આ શું કૈફીયત છે, જાનવર પણ ઈન્સાની ઝબાન માં બોલી રહ્યું છે?

તે પરેશાન થઈને આગળ વધ્યો એ જોવા કે કે કૈદ્ખાનામાં  એવું તો કોણ છે જેના માટે આ માદા હરણે સ્પષ્ટ અરબી ભાષામાં સલામ કરી.

હવે તે આગળ વધ્યો તો જોયું કે એક માણસ છે જેના માથા પર  સળગી ગયેલ અમામાનું કપડું છે, અમુક ઔરતો  બેઠેલી છે, અમુક બચ્ચાઓ છે (જ્યારે આલે રસૂલ મદીનાથી કરબલા જઈ રહ્યા હતા ત્યારે ૪૯ બચ્ચાઓ સાથે હતા, પણ જ્યારે પાછા મદીના જઈ રહ્યા હતા ત્યારે ૧૦ બચ્ચાઓ પણ ન હતા).

ઈમામ સજ્જાદ (અ.સ.) તરત જ ઉઠ્યા અને કૈદ્ખાનાના દરવાજા પાસે આવ્યા. તેણે ઈમામ તરફ જોયું અને પૂછ્યું: તમે કોણ છો? શા માટે તમે આ કૈદ્ખાનામાં  છો? આ માદા હરણ શું બોલી રહી છે?

ઈમામે માદા હરણ તરફ જોયું અને કહ્યું કે આ માદા હરણ મને ફક્ત એમ કહી રહી છે કે મને એટલા સમયની મોહલત અપાવી દો કે હું મારા બચ્ચાને દૂધ પીવરાવી દઉ કે જે આ પહાડની પાછળ છે.

ઈમામે તે ઈસાઈને કહ્યું હું તને ઝમાનત આપું છું કે આ માદા હરણ પાછી આવી જશે. બસ તેને એટલી મોહલત આપી દો કે તે પોતાના બચ્ચાને દૂધ પીવરાવી દે. તે ઈસાઈએ તરત જ તેને આઝાદ કરી અને કહ્યું કે મેં આપ (અ.સ.) નાં કારણે તેને આઝાદ કરી દીધી.તેણે પૂછ્યું: આ માદા હરણ તમારાથી રજા માંગી રહી છે, તમને કેવી રીતે ખબર?

ઈમામે કહ્યુ: હું હુજજતે ખુદા છું. તેણે પૂછ્યું: તમે કોણ છો? ઈમામે કહ્યુ: તે મુસલમાનોનાં અંતિમ નબીનું નામ સાંભળ્યુ છે?

તેણે કહ્યું: હા, હઝરત મોહમ્મદ મુસ્તફા ((સ.અ.)વ).

ઈમામે કહ્યુ: તેમના બે નવાસા હતા, ઈમામ હસન (અ.સ ) અને ઈમામ હુસૈન (અ.સ.). હું ઈમામ હુસૈન (અ.સ.)નો દિકરો છું. હવે તે તડપવા લાગ્યો અને કહેવા લાગ્યો કે આ શહેરમાં ઘણાં બધાં મુસલમાન છે, કોઈ પણ આપની હુરમતને નથી જાણતું. કોઈ આપનાં મકામ અને મર્તબાને નથી સમજતું. હવે તે

મુસલમાનોનાં ઘરે ગયો અને દરવાજો ખટખટાવવા લાગ્યો અને કહેવા લાગ્યો: અય મુસલમાનો! બાહર આવી જાવ, આ નબી ((સ.અ.)વ)ની ઝૂર્રિયત છે, જેને કૈદખાનામાં કૈદ કરવામાં છે, આ આલે નબી છે જે કૈદખાનામાં છે. જ્યારે મુસલમાનો બાહર આવ્યા તો પૂછવા લાગ્યો આ ઔરતો  કોણ છે?

તેઓએ કહ્યું: આ નબીની નવાસીઓ છે, આ અલીની બેટીઓ છે.

આ સાંભળીને જ્યારે તેણે જોરથી અવાજ કર્યો તો યઝીદનાં સિપાહીઓએ તેને ગિરફ્તાર કરી લીધો. તેનું સર કલમ કર્યું, તેને મારી નાખ્યો અને દમિશ્કથી બાહર તેને દફનાવી દીધો. જ્યારે તેને દફનાવી દીધો તો તેની દિકરી અને પત્નીએ સાંભળ્યુ કે તેમને કોઈ કૈદીનાં કારણે મારી નાખવામાં આવ્યા છે. તો તેની પત્ની તરત જ તલાશ કરતા કરતા દમિશ્કનાં કૈદ્ખાનાના પાસે પહોંચી.

તેણીએ કહ્યું: આપ કોણ છો? ઈમામ સજ્જાદ (અ.સ.) સમજી ગયા કે આ ઔરત કોણ છે, પછી પૂછ્યું શું વાત છે?

તેણીએ કહ્યું: અમારો એક જ સહારો હતો, તે પણ આપે અમારાથી છીનવી લીધો.

હવે ઈમામે પોતાના એઅજાઝથી  કૈદ્ખાનાના દરવાજા ખોલ્યા.પછી કહ્યું: મારી સાથે ચાલો.

ઈમામ તે જગ્યા પર પહોંચ્યા કે જ્યાં તે ઈસાઈની કબ્ર હતી, પછી કહ્યું: અય પરવરદિગાર! તને મારી 'મઝલુમીય્યત'નો વાસ્તો.

હવે તે કબ્ર ખુલી, તે વ્યક્તિ બાહર આવ્યો, ઈમામનાં કદમોમાં પડી ગયો અને પછી કહ્યું: હું આપ (અ.સ.) પર ઈમાન લાવું છું. હું ગવાહી આપું છું કે આપ હુજ્જતે ખુદા છો.

ઈમામે ફરમાવ્યું: તું તારા ઘરે પાછો ચાલ્યો જા. તારી પત્ની અને દિકરી તારા માટે બહુજ પરેશાન છે.

જ્યારે તેઓ જવા લાગ્યા તો ઈમામે તે ઔરતને કહ્યું: અમે સહારાઓ છીનવી લેતા નથી, અમે સહારાઓ અતા કરીએ છીએ.

આ પછી એવો માહોલ બન્યો કે દમિશ્કનાં દરેક ઘરની અંદર વાત થવા લાગી કે ઝિંદાનમાં આલે રસૂલ છે અને તેઓ કૈદી છે. હવે દરેક જગ્યાએ યઝીદ વિરુદ્ધ વાતો થવા લાગી કે યઝીદે, આલે રસૂલને કૈદી બનાવીને રાખ્યાં છે. તો યઝીદે કહ્યું કે આ લોકોને પાછા મદીના મોકલી દો, હવે તે મારા વિરુદ્ધ કંઈ પણ કરી શકતા નથી. આ બીબીઓ ખત્મ થઈ ગઈ છે, તેઓને કૈદમાં સતત એવી સખ્તીઓ પેશ આવી છે કે તેઓ મારા વિરુદ્ધ કંઈ પણ કરી નહી શકે.

હવે યઝીદે કહ્યું: હું તમને આઝાદ કરવા ચાહું છું.

ઈમામ સજ્જાદ (અ.સ.)એ કહ્યું: અમારી અમુક શર્તો છે. એ શર્તો તું પૂરી કરી દે, અમે પાછા ચાલ્યાં જશું.

(હું આપ લોકોને સવાલ કરવા ચાહું છું. અગર કોઈ બે ગ્રુપ વચ્ચે જંગ થાય તો શર્તો તે રાખે છે જે તે જંગ જીતે છે)

યઝીદે કહ્યું: તમારી શું શર્તો છે?

ઈમામ સજ્જાદ (અ.સ.)એ કહ્યું: પહેલી શર્ત છે કે તું શોહદાનાં સરોને પાછા આપી દે. બીજી શર્ત એ છે કે જે તબર્રૂકાત તે લૂંટ્યા હતા, તે તબર્રૂકાત પાછા આપી દે. ત્રીજી શર્ત એ છે કે અમને અહીં રડવા માટે એક મકાન આપી દે, અમે હજુ પણ ખુલ્લી રીતે રડી નથી શક્યા.

હા અઝાદારો! આપણા પર તો કોઈ પાબંદી નથી, પણ હાય બીબીઓનાં રડવા પર પણ પાબંદી હતી. હવે એક મકાન આપવામાં આવ્યું કે તમે અહીં રડી શકો છો અને ગિર્યા કરી શકો છો. બધીજ બીબીઓ જમીન પર બેસીને ગિર્યા કરતી હતી અને રડતી હતી. ત્યાં મસાએબ પઢવાવાળું કોઈ ન હતું, ફક્ત એક બીબી અવાજ આપતી હતી: વા હુસૈના! બધીજ બીબીઓ રડવા લાગતી હતી, જ્યારે ખામોશ થઈ જતી તો બીજી બીબી કહેતી: વા અબ્બાસા! બધીજ બીબીઓ પાછી રડવા લાગતી હતી, જ્યારે ખામોશ થઈ જતી તો કોઈ બીબી કહેતી: વા અલી અકબરા!  વા અલી અસ્ગરા! વા કાસિમા! કહેતી જતી હતી

અને રડતી રહેતી હતી. બસ  શોહદાનાં નામ આવતાં હતાં અને મસાએબ દિમાગમાં આવી જતા હતા..

## મજલીસ ૧૧

## સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.)ની નૂરાની કલમ

આયતુલ્લાહ તકી જાફરી (અ.ર) નકલ કરે છે કે એક વખત અમીરુલ મોમેનીન અલી (અ.સ.)ના હરમમાં મારી મુલાકાત આયતુલ્લાહ જવાદ અન્સારી હમદાની (અ.ર) સાથે થઈ. જેમાં કેટલાક મુદ્દાઓની ચર્ચા કર્યા બાદ મેં જોયું કે આયતુલ્લાહ અન્સારી હમદાની (અ.ર) ઊંડા વિચારમાં ખોવાઈ ગયા છે તેથી હું નમાઝે જાફરે તૈયાર પઢવા માટે ઉભો થયો. નમાઝ પછી, આયતુલ્લાહ અન્સારી હમદાની (અ.ર)એ મને ફરમાવ્યું:

"મેં હમણાં જ 'હાલતે મુકાશેફા' માં કયામતનો દિવસ જોયો.ત્યાં એક ખૂબ જ ગુનાહગાર વ્યક્તિ હતો અને ફરિશ્તાઓ તેને સજા આપી રહ્યા હતા, પરંતુ તેનો એક સારો અમલ હતો અને તે એ હતો કે તે ઈમામ હુસૈન (અ.સ.)થી ખૂબજ મોહબ્બત કરતો હતો. જ્યારે પણ તે ઈમામ હુસૈન (અ.સ.)થી મન્સુબ અલમને જોતો ત્યારે તે અલમ પરચમને બોસો આપતો.."

તે ફરિશ્તાઓ આ વ્યક્તિને સજા આપી રહ્યા હતા ત્યારે અચાનક સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) મહેશરના મૈદાનમાં દાખલ થયા. જ્યારે આ વ્યક્તિએ ઈમામ હુસૈન (અ.સ.)ને મહશરનાં મૈદાનમાં જોયા તો પુકારી ઉઠ્યો: અય હુસૈન જાન! મને આપ (અ.સ.)થી ખરેખર મોહબ્બત હતી.

આ જુમ્લા સાંભળીને ઈમામ હુસૈન (અ.સ.) તેમની પાસે આવ્યા અને ફરિશ્તાઓ પાસેથી તેમનું નામએ આઅમાલ લીધું અને પોતાની નૂરાની કલમથી તેના અંતમાં એક જુમ્લો લખ્યો અને તે ફરિશ્તાઓને પરત આપી દીધો.

હવે જ્યારે ફરિશ્તાઓએ તે નામએ આઅમાલ વાંચ્યો તો પછી તે વ્યક્તિને અઝાબ આપવાનું બંધ કર્યું અને તેને છોડી દીધો.

આયતુલ્લાહ તકી જાફરી (અ.ર)એ પૂછ્યું: "તે જુમ્લો ક્યો હતો કે જે ઈમામ હુસૈન (અ.સ.)એ આ નામએ આઅમાલનાં અંતમાં લખ્યો?" આયતુલ્લાહ અન્સારી હમદાની (અ.ર)એ ફરમાવ્યું: "ઈમામ હુસૈન (અ.સ.)એ તેમની નૂરાની કલમથી લખ્યું:

"યા મોબદદેલુસ્સય્યેઆતે બિલ હસ્નાત." "અય બુરાઈઓને નેકીઓમાં બદલી દેનાર"

## મસાએબ જનાબે વહબ એ કલ્બી (અ.સ.)

ઈમામ હુસૈન (અ.સ.)નો કાફલો જઈ રહ્યો છે. એક માં છે, તેમની સાથે તેમનો દિકરો છે અને તેમની વહુ છે. તેમના દિકરાની હજુ નવી શાદી થઈ છે. હવે એક અજીબ વાત થઈ કે જ્યારે ઈમામ હુસૈન (અ.સ.)નો કાફલો રોકાતો, ત્યારે તેઓ પણ રોકાતા. આ જોઈને માં કે જેનું નામ કમર હતું, તેણે તેના દિકરા કે જેનું નામ વહબ હતું, તેને કહ્યું જાવ! જરા જોવો તો તે લોકો કોણ છે ? વહબ ત્યાં ગયા અને પાછા ફરીને તેની માં ને કહ્યું: અમ્મા! મુસલમાનોનાં રસૂલ (સ.અ.વ.)નાં નવાસા ઈમામ હુસૈન (અ.સ.) છેઅને તેઓ યઝીદની બયઅતનો ઈન્કાર કરીને કરબલા જઈ રહ્યા છે.

માં એ કહ્યું: બેટા, આ નામ તો બહુજ સાંભળ્યુ છે. ચાલો, આપણે તેમને મળી લઈએ. તેઓ ઈમામ હુસૈન (અ.સ.)ની પાસે આવ્યા. (હવે જે ઈમામ હુસૈન (અ.સ.)ની પાસે આવે તે શું સુધરશે નહિ?) તેઓની ઈસ્લાહ થઈ અને તેઓએ કલેમો પઢયો. માં એ કહ્યું: બેટા! હવે આપણો કાફલો, આ કાફલાથી અલગ નહિ થાય.

મૌલાના તકી હૈદરી સાહેબ, જે બુઝુર્ગ હતા અને અમારા પ્રિન્સિપાલ હતા. તેઓ કહેતા હતા કે આશુરનાં દિવસ, તેઓનાં ઈસ્લામ લાવવાનો ૧૭ મો દિવસ હતો. એટલે કે આશુરનાં ૧૭ દિવસ પહેલા તેઓએ કલેમો પઢયો અને ઈસ્લામ લાવ્યા. આ ૧૭ દિવસમાં ઈમામ હુસૈન (અ.સ.)એ તેઓની એવી તરબિયત કરી કે રિવાયત કહે છે કે જ્યારે આશુરનો દિવસ આવ્યો તો માં એ

દિકરાને બોલાવીને કહ્યું: બેટા! ફાતેમા (સ.અ.)નાં લાલ  ઈમામ હુસૈન (અ.સ.) ઉપર તમારી જાન કુરબાન કરી દો. વહબ જંગ માટે તૈયાર થયા.બીવીએ પૂછ્યું: ક્યાં જાવ છો?

વહબે કહ્યું: ઈમામ હુસૈન (અ.સ.) પર પોતાની જાન કુરબાન કરવા જઈ રહ્યો છું.બીવીએ કહ્યું: તમે તો ત્યાં જઈ રહ્યા છો, પણ પછી મારું શું થશે? (ક્યારેક એવું બને છે કે કોઈ કહે છે કંઈક અને સામે વાળો સમજે છે કંઈક)

વહબે કહ્યું: આ ખૈમા જોઈ રહ્યા છો, જે હાલ તે બીબીઓનો થશે, તે તમારો થશે.

બીવીએ કહ્યું: હું દુનિયાની વાત નથી કરી રહી.વહબે કહ્યું: તો પછી શું બાબત છે?

બીવીએ કહ્યું: તમે તો શહીદ થઈને જન્નતમાં જશો, મારું શું થશે? વહબે કહ્યું: તો પછી હવે શું કરવું?

બીવીએ કહ્યું: જ્યાં સુધી તમે ઈમામ હુસૈન (અ.સ.)થી વાયદો નહી કરો કે મને તમારી સાથે લીધા વગર જન્નતમાં નહી જાવ; હું તમને જવા નહિ દઉ.

ઈમામ હુસૈન (અ.સ.)ની રૂબરૂ વાયદો લીધો કે વહબ તેની પત્નીને સાથે લીધા વગર જન્નતમાં નહી જાય . હવે વહબ મૈદાનમાં લડવા માટે ચાલ્યા ગયા. રિવાયત કહે છે કે વહબ લડતા રહ્યા. લડતા લડતા, એક સમય એવો આવ્યો કે તે ઝખ્મોથી ચૂર ચૂર થઈ ગયા. આ જ હાલતમાં પાછા ફરે છે અને પોતાની માં ને કહે છે: અમ્મા! હવે તો તમે રાજી છો? હવે તો તમે ખુશ છો?  (હવે તમે ઈન્સાફથી બતાવો કે દુનિયામાં જ્યારે કોઈ માં પોતાનાં દિકરાને આવી ઝખ્મી હાલતમાં જોવે છે તો તેમનાં પર શું વીતે છે?)

પરંતુ વહબની માં એ કહ્યું: નહી, જ્યાં સુધી ઈમામ હુસૈન (અ.સ.)ની રાહમાં તારું સર અલગ નહી થાય ત્યાં સુધી હું તારાથી રાજી નથી.વહબ પાછા મૈદાનમાં આવ્યા.લડતા લડતા એક સમય એવો આવ્યો કે ઘોડા પરથી પડી ગયા. કોઈ ઝાલીમે વહબનું સર જુદા કરીને માં ની તરફ ફેંકી દીધું. માં એ સર

હાથમાં લીધું અને કહ્યું: શાબાશ! મારા લાલ, તે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની સામે  ખુશ કરી દીધી. આ કહીને તેના સરને ફેંકી દીધું. અમે જે અલ્લાહની રાહમાં આપી દઈએ છે તે પાછુ નથી લેતા..

અમુક રિવાયતોમાં એમ છે કે વહબનાં પણ બાઝુ કલમ થઈ ગયા હતા. અચાનક વહબે શું જોયું કે તેની બીવી પોતાનાં હાથમાં નૈઝો લઈને યા હુસૈન, યા હુસૈન! કહેતા કહેતા મકતલમાં આવી ગઈ. વહબ દોડીને આવ્યા અને પૂછ્યું: અહી શા માટે આવ્યા છો? બીવીએ કહ્યું: હું મારા મૌલા હુસૈન (અ.સ.)ની હિફાઝત  કરવા માટે આવી છું.

વહબે કહ્યું: જ્યારે હું અહીંયા આવી રહ્યો હતો,ત્યારે તમે મને રોક્યો. હવે તમે અહીંયા કેમ આવી ગયા?

બીવીએ કહ્યું: વહબ! જ્યારે મેં તમને રોક્યા હતા ત્યારે મને એ ન હોતી ખબર કે મારા મૌલા હુસૈન (અ.સ.) એટલા એકલા  એટલા તન્હા છે. હું મારા ખૈમામાં બેઠી હતી એટલામાં આકા હુસૈન (અ.સ.)ની અવાજ આવી:

**હલ મીન નાસેરીન યનસોરોની : છે કોઈ મારી મદદ કરવાવાળું?**

વહબે તેની બીવીને સમજાવ્યું અહીંથી પાછા ચાલ્યા જાવ. તેણીને સમજમાં ન આવ્યું. હવે વહબને હાથ તો હતા નહીં  કેવી રીતે પત્નીને પછી મોકલે , ખૈમાનો રૂખ કરીને કહ્યું: આકા! બધું બરદાશ્ત છે પણ નામુસનું નિકળવું બરદાશ્ત નથી. મૌલા! મારી બીવીને સમજાવીને પાછા મોકલી દો.

દીલ ચાહે છે કે અરજ કરું કે અય વહબ! પોતાની બીવી માટે એટલી ગૈરત. અરે કાશ તમે જીવતા હોતે  તો તમે જોતે કે અસ્રે આશુર પછી અલી (અ.સ.)ની બેટીઓ, નબી ((સ.અ.)વ)ની નવાસીઓ કેવી રીતે કરબલાથી કુફા અને કુફાથી શામ બે મકના વ ચાદર લઈ જવામાં આવી હતી... (મૌલાના વસીહસન ખાન સાહેબની મજલીસમાંથી)

# મજલીસ 12

# મૌલા અબ્બાસ (અ.સ.)થી તવસ્સુલ અને મૌલા અબ્બાસ (અ.સ.)ના મસાયેબ

## હઝરત અબ્બાસ (અ.સ.)નાં વસિલાથી નવી જીંદગીનું મળવું:

મુતવક્કીલ બહુજ ઝુલ્મ કરતો હતો. તેણે કહ્યું કે જે કોઈ પણ ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત માટે જાય તેના પર એટલો ટેક્સ લગાવી દો કે તે ગરીબ થઈ જાય.લોકો પોતાના મકાન વેચીને ઝિયારત માટે જતા હતા.ત્યાં સુધી કે મુતવક્કીલે કહ્યું કે જે કોઈ પણ ઝિયારત માટે જાય તેના હાથ કાપી નાખવા. તેઓ જાતે જ ઝિયારત પર જવાનું બંધ કરી દેશે.

એક વખત એક વૃદ્ધ ઔરત આવી. જેવી તે બગદાદનાં પુલ પાસે પહોંચી તો મુતવક્કીલનાં સિપાહીઓએ કહ્યું કે અય વૃદ્ધ ઔરત! શું તું નથી જાણતી કે જે લોકો ઝિયારત પર જાય છે તેના અમે હાથ કાપી નાખીએ છીએ?

વૃદ્ધ ઔરતે કહ્યું: હા, હું જાણું છું.

મુતવક્કીલનાં સિપાહીઓએ કહ્યું: છતાં પણ તું ઝિયારત પર જઈશ.

વૃદ્ધ ઔરતે કહ્યું: હા, હું જઈશ.

તેઓએ કહ્યું: તો પછી તારો હાથ નીકાળ.

જેવો વૃદ્ધ ઔરતે પોતાનો હાથ રાખ્યો તો તેઓએ કહ્યું કે અમે ડાબો હાથ નથી કાપતા, અમે જમણો હાથ કાપીએ છીએ.

તો તે વૃદ્ધ ઔરતે કહ્યું: અગાઉનાં વર્ષે તમે મારો જમણો હાથ કાપી ચૂક્યાં છો, ફક્ત ડાબો હાથ જ બાકી રહ્યો છે.

ઘણી બધી મુશ્કેલીઓની સાથે લોકોએ ઝિયારત કરી છે. ત્યાં સુધી છે કે કોઈ બે વ્યક્તિ ઝિયારત માટે જતા તો તેઓ એક વ્યક્તિને કત્લ કરી નાખતા.

બગદાદની તારીખમાં આ વાકેઓ દર્જ છે. મુતવક્કીલનો દૌર હતો અને ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત પર પાબંદી હતી. એક વૃદ્ધ આંધળી ઔરત પોતાના દિકરાને કહેવા લાગી, મને એક વખત મારા મૌલા હુસૈન (અ.સ.)ની

ઝિયારત કરાવી દે, ખબર નહિં ક્યારે મારી મૌત આવી જાય. દિકરાએ પોતાની માં ને એક કપડામાં બાંધીને ખંભા પર બેસાડી દીધા. તેઓ બગદાદનાં પૂલ પાસે પહોંચ્યા.

મુતવક્કીલનાં સિપાહીઓએ પૂછયું: ક્યાં જઈ રહ્યા છો?

વૃદ્ધ ઔરતે કહ્યું: અમે મૌલા ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત માટે જઈએ છીએ.

મુતવક્કીલનાં સિપાહીઓએ કહ્યું: અમે એક જણને કત્લ કરી નાખીએ છીએ અને ફક્ત એકને જ જવા દઈએ છીએ.

સિપાહીઓએ તે વૃદ્ધ ઔરતને તેના દિકરાનાં ખંભા પરથી નીચે ઉતારી અને તેના દિકરાનું ગળું કાપીને તેને ફુરાત નદીમાં નાખી દીધો.

તે વૃદ્ધ ઔરતે કહ્યું હું ચાલી નથી શકતી, હું અપંગ છું. મારો દિકરો ક્યાં છે?

સિપાહીઓએ કહ્યું: અમે તારા દિકરાને કત્લ કરીને ફૂરાત નદીમાં નાખી દીધો. તું તેને બોલાવી શકતી હોય તો બોલાવી લે.

હવે એક વૃદ્ધ માતા માટે એક જવાન દિકરાની મૌત બરદાશ્ત કરવી બહુજ મુશ્કિલ કામ છે.જવાન દિકરાની મૌત બરદાશ્ત કરવા માટે જનાબે ઝૈનબ (સ.અ.) જેવું કલેજુ જોઈએ, જનાબે લૈલા (સ.અ.) જેવું દિલ જોઈએ.

તે વૃદ્ધ ઔરત રડવા લાગી. ઘણી વખત જ્યારે કોઈ વ્યક્તિ સખ્ત મૂશ્કેલીમાં હોય છે ત્યારે ગુસ્તાખી કરી બેસે છે.તે વૃદ્ધ ઔરત રડતા રડતા કહેવા લાગી કે હું ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત માટે જઈ રહી હતી પણ હઝરત અબ્બાસ (અ.સ.)એ મારો દિકરો લઈ લીધો. બસ તે વૃદ્ધ ઔરતથી નાદાનીમાં એક ગુનાહ, એક કોતાહી થઈ ગઈ. તે વૃદ્ધ ઔરત રડતી રડતી ઘૂંટણે ચાલતી હતી કે અચાનક પાછળથી તેના દિકરાએ અવાજ આપ્યો: અમ્મા! હું આવી ગયો.તે વૃદ્ધ ઔરતે કહ્યું: કોણ છે? તમારી અવાજ મારા દિકરાથી મળતી આવે છે.

તેના દિકરાએ કહ્યું: અમ્મા! હું તારો દિકરો છું.

તે વૃદ્ધ ઔરતે કહ્યું: પણ બેટા, સિપાહીઓએ તો કહ્યું કે તેઓએ તને કત્લ કરીને ફૂરાત નદીમાં નાખી દીધો હતો.

તેના દિકરાએ કહ્યું: હા અમ્મા, હું મરી ગયો હતો.તે વૃદ્ધ ઔરતે કહ્યું: તો પછી પાછો કંઈ રીતે આવ્યો?

તેના દિકરાએ કહ્યું: અમ્મા! મને મૌલા અબ્બાસ (અ.સ.) લાવ્યા. તે વૃદ્ધ ઔરતે કહ્યું: મૌલા અબ્બાસ! મને માફ કરી દેજો, મેં ગુસ્તાખી કરી હતી.

હઝરત અબ્બાસે કહ્યું: કોઈ વાંધો નહિ, તમે મારા ભાઈનાં ઝાએરા છો. મેં તમને માફ કર્યા.

તે વૃદ્ધ ઔરતે કહ્યું: અગર તમે મને માફ કરી દીધા છે તો મને તમારા હાથનો બોસો લેવા દો.

હઝરત અબ્બાસે કહ્યું:.મારા હાથ તો કરબલા માં કુરબાન થઈ ગયા, અગર મારા હાથ હોત તો સકીનાને તમાચા ન લાગત..મારી બેહનોની ચાદર લુંટવામાં ન આવતે.. (મૌલાના અલી રેઝા રીઝવી સાહેબની મજલીસમાંથી)

એક વખત એવો આવ્યો કે હઝરત અબ્બાસ (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.) પાસે આવ્યા અને કહ્યું આકા! હવે આ સીનામાં મારું દિલ તંગ થઈ રહ્યું છે.ઈમામ હુસૈન (અ.સ.)એ કહ્યું અગર તમે જવા ચાહતો તો પહેલા આ બચ્ચાઓ માટે પાણીની સબિલ કરતા જાવ. કરબલામાં એક ખૈમો મશ્કિઝા માટે મખ્સુસ હતો.હઝરત અબ્બાસ (અ.સ.) તે ખૈમા તરફ ગયા કે જેથી એક મશ્કિઝો લઈ લે. શું જોવે છે, તે ખૈમામાં નાના નાના બચ્ચાઓ ભેગા થયા છે અને મશ્કિઝાને સીનાથી લગાવીને રાખ્યો છે જેથી સુકુન મળી જાય. આ મંઝર જોઈને હઝરત અબ્બાસ (અ.સ.)નાં દીલ પર શું ગુજરી હશે?

હઝરત અબ્બાસ (અ.સ.) એક મશ્કિઝો લઈને ઘોડા પર સવાર થયા અને ફૂરાત પર પહોંચ્યા. ત્યાં મશ્કિઝાને ભર્યો અને હાથમાં પાણી લીધું.

હવે ઈમામ હુસૈન (અ.સ.) અને તેમના બચ્ચાઓની પ્યાસને યાદ કરી.(એટલા માટે કે ઈમામ હુસૈન (અ.સ.)ની પ્યાસને યાદ કરવી એ પણ એક ઈબાદત છે. હું એમ નથી સમજતો  કે હઝરત અબ્બાસ (અ.સ.)એ પાણી પીવાની નિય્યતથી લીધું, નહિ; યાદ કરતા કરતા પાણી ચુલ્લુંમાં લીધું કે જેથી જતા જતા એક ઈબાદત થઈ જાય). પછી પાણીને ફેંકી દીધું અને ત્યાંથી પ્યાસા નિકળી પડ્યા.હજી અમુક કદમ ચાલ્યાં હતા કે કહે છે કે પાછળથી એક એવો વાર થયો કે જમણો બાઝું કલમ થઈ ગયો. છતાં હઝરત અબ્બાસ (અ.સ.), શાને ઈમામ (અ.સ.) પર શેર પઢતા જઈ રહ્યા હતા.

**ખુદાની કસમ! અગર તમે મારો જમણો બાઝું કલમ કર્યો છે તો હું હંમેશા પોતાના દીનની હિમાયત કરતો રહીશ અને તે ઈમામ (અ.સ.)ની હિમાયત કરતો રહીશ કે જેમના પર મારું સાચું યકીન છે અને જે તે નબી ((સ.અ.)વ)ની નસ્લમાંથી છે જે તાહિર છે અને અમીન છે.**

આ શેર પઢતા જઈ રહ્યા હતા કે એટલામાં કોઈએ એક એવો વાર કર્યો કે ડાબો બાઝું પણ કલમ થઈ ગયો. હવે તેમની ફક્ત અને ફક્ત એક જ ખ્વાહિશ છે કે બચ્ચાઓની પ્યાસ બૂજી જાય. હવે મશ્કિઝાને દાંતોથી દબાવ્યો કે અચાનક એક મલઉને એક એવું તીર માર્યું કે મશ્કિઝાને છીદી નાખ્યું. હઝરત અબ્બાસ (અ.સ.)ની આસ તૂટી ગઈ, ઘોડાનો રૂખ ફેરવ્યો કે એટલામાં તેમના પર એક ગુર્ઝ પડ્યો અને હઝરત અબ્બાસ (અ.સ.) ઘોડા પરથી જમીન પર આવ્યા. અવાજ આપી:

**આકા! અદરિક અખા**

જ્યારે ઈમામ હુસૈન (અ.સ.)નાં કાનોમાં હઝરત અબ્બાસ (અ.સ.)ની અવાજ પહોંચી, તો ઝડપથી ત્યાં પહોંચ્યા. હઝરત અબ્બાસ (અ.સ.)નું સર પોતાનાં ઝાનુમાં રાખ્યું અને કહ્યું ભાઈ! કોઈ ખ્વાહિશ હોય તો કહો.અહીં બે મસાએબ એવા છે કે જેને હઝરત અબ્બાસ (અ.સ.)એ ફરમાવ્યા છે, હું તેને બયાન કરવા ચાહું છું. હઝરત અબ્બાસ (અ.સ.)એ ફરમાવ્યું: પહેલું તો એ કે

આકા! મારી લાશ, ખૈમામાં ન લઈ જતા. કારણ કે હું ફૌજનો સરદાર છું અને બીબીઓ ફૌજનાં સરદારની લાશ જોઈને બરદાસ્ત નહી કરી શકે અને મેં બચ્ચાઓથી પાણીનો વાયદો કર્યો હતો, હવે હું નથી ચાહતો કે પાણી વગર મારી લાશ તે બચ્ચાઓ પાસે પહોંચે.

પછી ફરમાવ્યું: બીજું એ કે આકા! એક આંખમાં ખૂન છે, એક આંખમાં તીર છે. અગર આપ ખૂન સાફ કરી દો તો હું જતા જતા આપની ઝિયારત કરી લઉ.

'કુમ' માં કોઈ ઝાકીરે આ રિવાયત પઢી તો એક બુઝુર્ગ આલીમે દીને તે ઝાકીરને ટોક્યા કે આવી રિવાયત ન પઢો કે જેની સનદ કમજોર હોય.તે આલીમે દીન કે જેને ઝાકીરને ટોક્યા હતા, તેઓ કહે છે કે મેં રાત્રે ખ્વાબમાં હઝરત અબ્બાસ (અ.સ.)ને જોયા. પછી મને પૂછયું: શું તમે કરબલા હતા? તમને ખબર છે તીરનો કીસ્સો શું છે? મેં કહ્યું: નહિ.

હઝરત અબ્બાસ (અ.સ.)એ કહ્યું: હું તમને બતાવું કે ખરેખર શું થયું. જ્યારે મારા બન્ને બાઝુઓ કલમ થઈ ગયા તો અચાનક એક તીર આંખમાં લાગ્યું. અગર મારો હાથ હોત તો હું હાથથી તે તીર નિકાળી દેત, પણ હાથ તો કલમ થઈ ગયા હતા તો પહેલાં મેં સરને હલાવ્યું કે કદાચ આનાથી તીર નીકળી જાય છતાં પણ તીર ન નીકળ્યું. પછી મેં સરને જુકાવ્યું કે જેથી ઝાનુંથી દબાવીને સરને ઉપર ઉઠાવું કે જેથી તીર નીકળી જાય કે એટલામાં પાછળથી એક ગુર્ઝ પડ્યો, હઝરત અબ્બાસ (અ.સ.)નું સર ફાટી ગયું.

ઈમામ હુસૈન (અ.સ.) પોતાના ઝાનું પર હઝરત અબ્બાસ (અ.સ.)નું સર રાખીને વાતો કરી રહ્યા હતા એટલામાં મૌતનો પસીનો હઝરત અબ્બાસ (અ.સ.)ની પેશાની પર આવ્યો. એક હિચકી લીધી અને રૂહ નીકળી ગઈ. રિવાયત કહે છે કે જેવી હઝરત અબ્બાસ (અ.સ.)ની રૂહ નીકળી, ઈમામ હુસૈન (અ.સ.) તડપી ગયા. ઈમામ હુસૈન (અ.સ.)એ પોતાનું સર જમીન પર રાખ્યું પછી ઉભા થયા. હવે પોતાની કમર પર હાથ રાખીને આસ્માન તરફ નજર કરી અને ફરમાવતાં હતા:

**અલ આન ઈન કસર ઝહરી, ભાઈ મારી કમર તૂટી ગઈ.**

પછી પોતાને હઝરત અબ્બાસ (અ.સ.)ની લાશ પર પછાડી દે છે. એક વખત નહી, આવું ઘણી વખત થયું. વારંવાર ઉઠે છે, આસ્માન તરફ નજર કરે છે અને પોતાને હઝરત અબ્બાસ (અ.સ.)ની લાશ પર પછાડી દે છે અને કહે છે:

**ભાઈ, કમર તૂટી ગઈ.... ભાઈ, કમર તૂટી ગઈ.....**

**વ સયઅલમુલ્લઝીન ઝલમું અય્ય મુન કલ્બી યન કલેબુન ,ઈન્નાં લિલ્લાહે વ ઈન્નાં ઈલયહે રાજેઉન**

## મજલીસ 13

## ઈમામ રેઝા (અ.સ.)ના ફઝાયેલ અને મસાયેબ

અબૂ સલ્ત હેરવીથી રિવાયત છે કે મેં હ. ઈમામ અલી રઝા અલય્હિસ્સલામની સેવામાં અરજ કરી :

હઝરત આદમ (અ.સ.) અને જનાબે હવ્વાને જે વૃક્ષથી રોક્વામાં આવ્યા હતા, તે ક્યું વૃક્ષ હતું ? કેમકે કેટલાક કહે છે કે તે ઘઉંનું વૃક્ષ હતુ અને કેટલાક લોકો તેને દ્રાક્ષનું ઝાડ બતાવે છે અને કેટલાક લોકો તેને ઈર્ષાનું ઝાડ કહે છે. મૂળ હકીક્તથી મને પરિચિત કરો.

હ. ઈમામ અલી રઝા અલય્હિસ્સલામએ ફરમાવ્યું : આ બધી વાતો સાચી છે.અબુ સલ્ત કહે છે, મેં અરજ કરી : મૌલા ! બધી વાતો કઈ રીતે સાચી છે.તો આપે ફરમાવ્યું : અબુ સલ્ત ! જન્નતના ઝાડ દુનિયાના ઝાડ જેવા નથી. બલ્કે તેમાં એવા ઝાડ પણ છે જેના પર બબ્બે પ્રકારના ફળો લાગે છે. જન્નતમાં એવા વૃક્ષ છે જેના પર એક જ સમયમાં ઘઉંના ડુંડા અને દ્રાક્ષની લૂમો લાગે છે. જયારે અલ્લાહ તઆલાએ હઝરતઆદમ (અ.સ.) ને મહત્તા અર્પણ કરી અને તેમને ફરિશ્તાઓના મસ્જૂદનું માન આપ્યું તો તેમના દિલમાં વિચાર આવ્યો કે મારાથી શ્રેષ્ઠ કોઈને પૈદા જ નથી ક્ર્યો. અલ્લાહે હઝરત આદમ (અ.સ.) ના

વિચારો જાણી તેને સંબોધન કહ્યું : હઝરત આદમ (અ.સ.)! પોતાનું મસ્તક ઊંચુ કરી અર્શના પટ પર નજર કરો. જયારે હઝરત આદમ (અ.સ.) નજર કરી તો અર્શના મથાળે આ વાક્યો લખેલા હતા. "લાએલાહ ઈલ્લલ્લાહો મોહમ્મદુર રસુલુલ્લાહ. અલી બિન અબી તાલિબ અમીરીલ મોઅમેનીન, ફાતેમતો સય્યદતો નેસાઈલ આલમીન વલ હસનો વલ હુસઅ્નો સય્યદા શબાબે અહલિલ જન્નતે મેનલ ખલ્કે અજમઈન."

“અલ્લાહની સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી. મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અલ્લાહના રસૂલ છે. અલી બિન અબી તાલિબ અલય્હેમુસ્સલામ મોઅમિનોના અમીર છે, અને ફાતેમા સલામુલ્લાહે અલય્હા બધા જહાનોની ઔરતોની સરદાર છે અને હસન અને હુસૈન અલય્હેમુસ્સલામ જન્નતના જવાનોના સરદાર છે.”

આદમ અલય્હિસ્સલામએ પૂછ્યું : અય ખુદા ! આ કોણ છે?

તો કુદરતની અવાજ આવી. આ તમારા વંશમાંથી છે, પરંતુ તેઓ તમારાથી અને બધા સર્જનોથી શ્રેષ્ઠ છે. જો તેઓ ન હોત તો હું તમને પૈદા ન કરત અને જન્નત, દોઝખ, ધરતી આકાશની રચના ન કરત. ખબરદાર ! તેમને ઈર્ષાની નજરે ન જોતા. અને તેમના સ્થાન અને મોભાની આકાક્ષા ન કરજો.

હ. ઈમામ અલી રઝા અલય્હિસ્સલામએ ફરમાવ્યું : પછી હઝરત આદમ (અ.સ.) એ તેઓને એ દ્રષ્ટિએ જોયા જે દ્રષ્ટિએ જોવા ન જોઈએ. અને પોતાના માટે એમના સ્થાનની આરઝુ કરી એટલે શયતાન તેમના પર ફાવી ગયો. અને તેમને પ્રતિબંધિત વૃક્ષ પાસે લઈ આવ્યો. અને તેઓએ તેનું ફળ ખાધુ. ઈબ્લિસ જ. હવ્વા પર પણ ફાવી ગયો. એટલે તેમણે ખાતૂને તેમના મકામને ઈર્ષાની નજરે જોયો અને તેમના સ્થાનની આરઝુ કરી. એટલે અલ્લાહ તઆલાએ બન્નેને જન્નતમાંથી કાઢી મુક્યા અને જમીન પર તેમને વસાવ્યા.

(વીણેલા મોતી ભાગ 2 , ઓયુને અખ્બારે રેઝા)

જે ઈમામે રેઝા (અ.સ.) થી તવસ્સુલ કરે અને ઈમામે રેઝા (અ.સ.)ના હરમમાં દુઆ કરે તો અલ્લાહ ઝવ્વારની દુઆને કબુલ કરે છે ..એક વાકેઓ સાંભળીયે.

બલ્ખનો એક માણસ તેના ગુલામની સાથે મશહદમાં હાજર થયો, તેણે અને તેના ગુલામે હઝરત ઈમામ અલી રેઝા (અ.સ.) ની ઝીયારત કરી . તે માણસ ઈમામ (અ.સ.) ના સર મુબારકની પાસે ઉભો રહ્યો અને નમાઝ અદા કરી અને ગુલામ ઈમામ (અ.સ.)ના પગની દિશામાં ઉભો રહ્યો. જયારે બંને નમાઝ થી ફારિગ થયા તો બંને સજદામાં ચાલ્યા ગયા અને બંનેએ લાંબો સજદો કર્યો . પછી તે માણસે ગુલામની પહેલા સજદામાંથી સર ઉઠાવ્યું અને પછી તેને ગુલામને પુકાર્યો. ગુલામે સજદામાંથી સર ઉઠાવીને કહ્યું : "લબ્બયક મારા આકા !"

તે માણસે કહ્યું : " શું તું આઝાદ થવા ચાહે છે ?" ગુલામ : "હા".

તે માણસ : " તું અલ્લાહનાં માટે આઝાદ છે અને બલ્ખમાં મારી ફલાણી કનીઝ પણ અલ્લાહના માટે આઝાદ છે. હું આટલી આટલી રકમ પર તેના નિકાહ તારી સાથે કરાવું છું અને તેના માટે ઝમાનત લઉં છું અને મારી ફલાણી જમીન તમારા અને તમારી ઔલાદ અને તમારી ઔલાદની ઔલાદ અને જ્યાં સુધી તમારી નસ્લ પહોચે ત્યાં સુધી માટે વકફ કરું છું. અને આ ઈમામ અલી રેઝા (અ.સ.) તેના ઉપર ગવાહ છે."

ગુલામ રડવા લાગ્યો અને અલ્લાહની અને ઈમામની કસમ ખાઈને કહ્યું : "મેં સજદામાં અલ્લાહની પાસે આ જ હાજત માંગી હતી. અને ઈમામ રેઝા (અ.સ.)ના વસીલાથી અલ્લાહ તરફથી આટલી ઝડપથી મારી હાજત કબુલ થઈ (પૂર્ણ) થઈ ગઈ."(સલવાત) ( બેહારુલ અન્વાર ભાગ ૪૯ પા ૩૩૦ હ ૭ )

ઈમામ કે જે આપણા દિલની વાતોને પણ જાણે છે. આપણા આમાલને પણ જોવે છે.

રાવી હિશામ અલ અબ્બાસી કહે છે : “હું હઝરત ઈમામ અલી રેઝા (અ.સ.) ની ખિદમતમાં હાજર થયો અને હું ચાહતો હતો કે ઈમામ (અ.સ.) પાસે સવાલ કરું કે તેઓ મને માથાના દુખાવાની બીમારીનો ઈલાજ આપે અને મને તેમના કપડાઓમાંથી બે કપડા આપે જેનો હું એહરામ તરીકે ઉપયોગ કરું.”

હું જયારે ઈમામ પાસે ગયો ત્યારે મેં ઈમામને મારે જે પ્રશ્નો પૂછવાના હતા તે પૂછ્યા અને ઈમામ (અ.સ.) એ મને જવાબ આપ્યા. પછી હું ઈમામ પાસે મારે જે માગવાનું હતું તે ભૂલી ગયો.

જયારે હું ત્યાંથી નીકળવા માટે ઉભો થયો અને ચાહતો હતો કે ઈમામથી વિદાય લઉં. ત્યારે ઈમામે રેઝા (અ.સ.) એ મને ફરમાવ્યું :“બેસી જા”. હું ઈમામ (અ.સ.)ની સામે બેસી ગયો. ઈમામ (અ.સ.)એ તેમનો હાથ મારા માથા ઉપર રાખ્યો અને દુઆના કલામ પઢી દીધા પછી તેમના કપડાઓમાંથી મારા માટે બે કપડા મંગાવ્યા અને તે મને સોંપ્યા અને મને ફરમાવ્યું : “આ કપડાથી તું તારો એહરામ બનાવજે.” ( મદીનતુલ મઆજીઝ ભાગ ૭ પા ૮૬ )

એક શખ્સ ઈમામ અલી ઈબ્ને મૂસા (અ.સ.) પાસે આવ્યો અને કહ્યું મૌલા! એક જગ્યા કે જ્યાંથી જ્યારે લોકો પસાર થાય છે તો એક ડાકુ છે, તે લોકોને લૂંટી લે છે. ઈમામ (અ.સ.)એ કહ્યું: હવે તે નહિ લૂટશે. તે જે ડાકુ હોય છે તેના ખ્વાબમાં ઈમામ (અ.સ.) આવે છે અને કહે છે કે બધા મારી ઝિયારત માટે આવે છે, હવે તું કયારે મારી ઝિયારત માટે આવીશ?

સવારે ઉઠ્યો અને પોતાના ખ્વાબ વિશે લોકોને જણાવ્યું. પછી લોકોને પૂછ્યું: હું તો ગુનેહગાર છું, ખતા કાર છું, ડાકુ છું, મારા ખ્વાબમાં ઈમામ શા માટે આવ્યા? લોકોએ કહ્યું ખબર નહિ, કદાચ આ ખ્વાબ સાચું ન હોય. હવે એક મોમીન શખ્સ તેની પાસે આવે છે અને કહે છે કે મને ઈમામ રેઝા (અ.સ.)એ મોકલ્યો છે. મને તમારૂ નામ આપીને કહેરાવ્યું છે કે તમે ક્યારે તેમની બારગાહમાં જશો. તેણે તે મોમીન શખ્સને કહ્યું જઈને મૌલાથી કહેજો કે હું ચોર છું, ડાકુ છું, હું ગુનેહગાર છું એટલે નથી આવતો. તે શખ્સ ઈમામની

ખિદમતમાં આવીને તે ડાકુની આ બધી બાબત બયાન કરે છે. આ સાંભળીને મૌલાએ કહ્યું મારી પાસે ફક્ત કોઈ એક જ પ્રકારનો માણસ નથી આવતો, દરેક પ્રકારનાં લોકો આવે છે. તેને કહો કે મારી બારગાહમાં આવે તો ખરી પછી ભલેને કેટલો પણ ગુનેહગાર હોય. તે મોમીન શખ્સ આ બધી વાત તે ડાકુને કહે છે. હવે તે ડાકુ વિચારે છે કે મને ઈમામ (અ.સ.)એ બોલાવ્યો છે, હું આવા કિરદારથી કેવી રીતે જાવ? અંતે વિચાર્યું કે હું તૌબા કરી લવ કે જેથી ઈમામ (અ.સ.)ની ઝિયારત કરી શકું. હવે તે લૂટેલો માલ, બધાને પાછો આપવા લાગ્યો.લોકોએ પૂછ્યું કે જ્યારે તે અમારો માલ લૂંટી જ લીધો છે તો પછી પાછો આપવા કેમ આવ્યો? તેણે કહ્યું કે હું પાછો આપવાનો ન હતો પણ જ્યારે મને ઈમામ (અ.સ.)એ બોલાવ્યો તો પછી આવા ગુનાહની હાલતમાં તેમની બારગાહમાં કંઈ રીતે જાવ? હવે તે રડતો રડતો ઈમામ (અ.સ.)ની બારગાહમાં પહોંચી તો ગયો પણ હજી શરમિંદા હતો કે મેં લૂટેલો માલ બધાને આપી તો દીધો પણ ખબર નહિ કે મારી તૌબા કબૂલ થઈ છે કે નહિ. હવે તે આ બધું વિચારીને રડી રહ્યો હતો કે ઈમામ (અ.સ.)એ ખુદ દરવાજો ખોલ્યો અને કહ્યું: મારી બારગાહમાં આવી જા, જ્યારે અમે તને અમારી બારગાહમાં આવવાની તૌફીક આપી છે તો પછી અમે જ તેને કબૂલ કરીએ છીએ. (મૌલાના અલી રેઝા રીઝવી સાહેબની મજલીસ માંથી..)

**હઝરત ઈમામ રેઝા (અ.સ.)એ ખુદ પોતાની ઝિયારતની ફઝીલત બયાન કરી છે. આપ (અ.સ.)એ ફરમાવ્યું: હું ઝમાનત આપું છું જે મારી જીંદગીમાં મારી ઝિયારત માટે આવે અથવા મારી મૌત પછી પણ ઝિયારત માટે આવે તો હું ત્રણ જગ્યા પર તેની મદદ કરીશ. (૧) જ્યારે મુન્કીર અને નકીર સવાલ કરવા માટે આવશે. (૨) જ્યારે નામાએ આઅમાલ હાથમાં આપવામાં આવશે. (૩) પુલે સિરાત પરથી પસાર થવાનાં સમયે..ઉપરોક્ત બાબતે ઈમામ રેઝા (અ.સ.)એ ખુદ ઝમાનત આપી છે, એટલાં માટે જ આપ (અ.સ.)નો એક લકબ છે, "ઈમામે ઝામીન".**

ખરેખર ઝિયારતનો નિઝામ, ઈમામ રેઝા (અ.સ.)નાં સમયમાં બન્યો. કારણ કે ઈમામ રેઝા (અ.સ.)એ પોતાની જીંદગીમાં જ મોમીનોની આંખોથી એટલા દૂર ચાલ્યા ગયા હતા, ક્યાં મદીના હતું અને ક્યાં મર્વ હતું. મદીનાથી લોકો કાફલા બનાવીને ઘણી સહુલિયતની સાથે ઈમામ રેઝા (અ.સ.)ની ઝિયારત માટે જતા હતા. જ્યારે કે લોકો કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત માટે જાય છે તો તેઓનાં હાથ અને પગ કાપવામાં આવે છે. લોકો કરબલા તો પહોંચે છે પણ એટલી બધી રુકાવટો અને મુશ્કેલીઓનો સામનો કરીને પહોંચે છે. તેથી ઈમામ રેઝા (અ.સ.)ની ઝિયારત, તેમની જીંદગીમાં વારંવાર અને સહુલિયતની સાથે થતી રહી. જાએરો ત્યાં જાતા રહ્યા અને ઝિયારત કરીને પાછા આવતા રહ્યા. હા, એ વાત અલગ છે કે ખુદ ઈમામ રેઝા (અ.સ.)નાં ઘરવાળા, આપ (અ.સ.)ની ઝિયારત ન કરી શક્યા. એક બહેન હતા કે જેમને રસ્તામાં 'કુમ' માં શહીદ કરવામાં આવ્યા અને એક દિકરો હતો કે પોતાના બાપની ઝિયારત માટે કયારેય પણ ન જઈ શક્યો.

ઈમામ રેઝા (અ.સ.)ની શહાદત પર આપણે તેમના ફરઝંદ ઈમામ મોહમ્મદ તકી (અ.સ.)ને પૂરસો પેશ કરીએ.

તારીખમાં છે કે દરેક ઈમામ જ્યારે મદીનાથી નીકળતા તો છેલ્લું કામ એ કરતા કે કબ્રે રસૂલે ખુદા ((સ.અ.)વ)નો તવાફ કરતા.ઈમામ રેઝા (અ.સ.) પણ પોતાનાં જદ્દનો તવાફ કરીને બાહર નીકળ્યા તો જોયું કે તેમના ફરઝંદ ઈમામ મોહમ્મદ તકી (અ.સ.) કે જે હજી પાંચ વર્ષના છે, જમીન પર બેઠા છે અને પોતાનાં સર પર અમામો ઉતારી દીધો છે અને ખાક ઉઠાવી ઉઠાવીને પોતાનાં સર પર નાખી રહ્યા છે. આ જોઈને ઈમામ રેઝા (અ.સ.)એ પૂછ્યું: બેટા! આ શું કરી રહ્યા છો? ઈમામ મોહમ્મદ તકી (અ.સ.)એ કહ્યું: બાબા! જે દિકરાને અત્યારથી જ પોતાની યતીમીનું યકીન થઈ જાય તે સર પર ખાક ન નાખે તો શું કરે? અને બીબી સકીના (સ.અ.) છે કે જે ઝુલ્ઝનાહનાં પગોથી લિપટીને આવનારી યતીમીને યાદ કરે છે: અય ઝુલ્ઝનાહ! મારા બાબાને મકતલમાં ન લઈ જા.

એક ગુલામ કહે છે કે આજની રાત્રે (ઈમામની શહાદતની રાત્રે) ઈમામ મામુનનાં મહેલમાં હોય છે. ઈમામને દ્રાક્ષ ખવરાવવામાં આવે છે. ઈમામ દ્રાક્ષનાં બે દાણા ખાઈને ઉભા થઇ ગયા. મામુને પૂછ્યું: કયાં જઈ રહ્યા છો? ઈમામે કહ્યું: હું ત્યાં જઈ રહ્યો છું જ્યાં તું મને મોકલવા ચાહો છો. હવે ઈમામ પોતાના હુજરા (રૂમ)માં ગયા અને ગુલામને કહ્યું કે હવે મારાથી વાત નહી કરતા અને મારા ગુસ્લો કફનની પણ ચિંતા નહી કરતા. આમ કહીને ઈમામે પોતાનાં રૂમનો દરવાજો બંધ કર્યો. ગુલામ કહે છે કે મને એવું લાગ્યું કે રૂમમાં કોઈ બીજો શખ્સ પણ છે. થોડીક વાર પછી દરવાજો ખુલ્યો તો મેં જોયું કે ઈમામ રેઝા (અ.સ.)ની ગુસ્લ અને કફનવાળી તૈયાર લાશ રાખી તો છે પણ તેમની બાજુમાં એક શખ્સ આંસુ વહાવીને કહી રહ્યા હતાઃ હાય મારા બાબા! હાય મારા બાબા! મેં ગભરાઈને પૂછયું આપ કોણ છો? તેણે કહ્યું: હું તમારો મૌજુદા ઈમામ, ઈમામ મોહમ્મદ તકી (અ.સ.) છું.

અય ઈમામ રેઝા (અ.સ.)! હું આ તમામ મોમીનો તરફથી એક જુમ્લો કહીને આપને ફરીથી પૂરસો દઈ રહ્યું છું કે મૌલા! હું આપની તૌહિન નથી કરવા ચાહતો, હું આપનાં મસાએબનું મહત્વ ઓછું કરવા નથી ચાહતો પરંતુ મૌલા! તમે પોતાના દિકરાથી ઘણા દૂર હતા છતાં આપનાં દિકરા, ઈમામ મોહમ્મદ તકી (અ.સ.) આપને ગુસ્લો કફન આપવા માટે તો આવી ગયા, બાપનો જનાઝો તો તૈયાર કરી નાખ્યો. પણ હાય એક દિકરો એ પણ છે કે જે પોતાની સામે પોતાના બાબાની લાશ જોવે છે પણ ગુસ્લો કફન નથી આપી શકતો.

અય માસુમાએ કુમ! આપ ઘણા દૂર હતા જ્યારે આપને ખબર પડી કે આપનાં ભાઈ ઈમામ રેઝા (અ.સ.) માર્યા ગયા છે. આપને આ ખબર કેટલા એહતેરામની સાથે આપવામાં આવી. કુમનો સરદાર હાથ જોડીને આવ્યો અને કહ્યું: અય શહેઝાદી! હમણાં જ ખબર આવી છે કે આપનાં ભાઈ અને આપણા ઈમામ માર્યા ગયા છે. આ સાંભળીને બહેન ચીખ મારીને પડી ગઈ અને કહ્યું:

હાય મારા ભાઈ! હું તમારી ઝિયારત પણ ન કરી શકી અને દુનિયાથી રૂખ્સત થઈ ગઈ. હવે જરા કરબલાની બહેનને તો જોવો, એક ભાઈને એક બહેનની સામે મારવામાં આવે છે અને પૂરસો કોડાઓ વરસાવીને, ચાદરો છિનવીને અને ખૈમાઓ સળગાવીને આપવામાં આવે છે.

એક બાજુ એક દિકરો, એક બહેન ઘણા દૂર છે પણ કેવી શાનો શૌકતથી તેમનાં વારીસનો જનાઝો ઉઠ્યો. અને બીજી બાજું એક દિકરો સામે છે, એક બહેન સામે છે અને શું અજીબ મંઝર જોઈ રહ્યા છે?

હું ઈમામ સજ્જાદ (અ.સ.)થી સવાલ કરું કે મૌલા! હું માનું છું કે આ ઝાલીમો, આપને ગુસ્લો કફન આપવાની ઈજાઝત નથી આપતા અને અલ્લાહનો હુકમ છે કે તમે ખામોશ રહો પણ મૌલા! આપ ફક્ત એક મુઠ્ઠી ખાક તો નાખી દેત કારણ કે ઈમામ હુસૈન (અ.સ.)ને આની બહુજ તમન્ના હતી અને બની અસદનાં કબીલા વાળાને કહ્યું હતું કે અગર મારી લાશ દફન ન થાય તો ફક્ત એક મુઠ્ઠી ખાક નાખી દેજો. તો ઈમામ સજ્જાદ (અ.સ.) પોતાનો હાથ દેખાડશે અને કહેશે: અરે તે બેટાને પૂછો કે જેના ગળામાં તૌક છે અને હાથોમાં હથકડી છે અને પગોમાં બેડીઓ છે, તે એક મુઠ્ઠી ખાક પણ નાખી નથી શકતો... ઈન્નાલીલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન.

## મજલીસ 14

### જ. ઝહરા (સ.અ.) ના નામથી તવસ્સુલ અને જ.મોહસીન (અ.સ.)ના મસાયેબ

હઝરત અલી (અ.સ.)એ જનાબે ઝહરા (સ.અ.)ને ફરમાવ્યું: તમે નેકીમાં સૌથી બહેતર છો.

આપણે મૌલાને પુછશું કે મૌલા! આ તમે કંઈ રીતે કહ્યું?

તો મૌલા ફરમાવશે: શાદીનો હજી પહેલો જ દિવસ હતો. ઝહરા (સ.અ.) નવો લિબાસ પહેરીને ઘરમાં બેઠા છે. એટલામાં ત્યાં એક માંગનાર ઔરત આવે છે. ઝહરા (સ.અ.) પાસે બે લિબાસ છે એક જૂનો છે અને એક નવો છે.જ્યારે જૂનો લિબાસ આપવા ચાહ્યો તો આપ(સ.અ.)ને હયા આવી કે

ખુદાની બારગાહમાં આ જૂનો લિબાસ હું કેમ આપી શકું?પછી આપ (સ.અ.) પોતાના રૂમમાં ગયા, નવો લિબાસ ઉતાર્યો અને જૂનો લિબાસ પહેર્યો અને નવો શાદીની જોડ તેણીને આપી દીધી આ મંઝર હઝરત અલી (અ.સ.)એ જોયો ત્યારે આપે જનાબે ઝહરા (સ.અ.)ને ફરમાવ્યું: તમે નેકીમાં સૌથી બહેતર છો.

અગર કોઈ શખ્સ જનાબે ઝહરા (સ.અ.)નાં નામનાં વસિલાથી તવસ્સુલ કરે તો અલ્લાહ તેની મુસીબતને દુર કરે છે. તેની હાજતને પૂરી કરે છે. મૌલાના સાદિક હસન સાહેબની મજલીસમાંથી હું આ વાકેઆને બયાન કરું છું. તેઓ ફરમાવે છે: 'હમદાન' નાં એક મહાન આલીમે દીન, મરજએ વક્ત આ વાકેઆને બયાન કરે છે:

એક વખત એક માણસ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે ફલાણા વ્યક્તિને મેં એક મોટી રકમ કર્ઝ તરીકે આપી હતી. મારી પાસે તેની રસીદ પણ છે. તે વ્યક્તિ મૃત્યુ પામ્યો છે. હું તેના વારસદાર પાસે જાવ છું અને કહું છું કે મારા પૈસા પાછા આપો. તો તેઓ મારી રકમ પાછી આપતા નથી અને એમ કહે છે કે મારા શૌહરે તે રકમ તમને પાછી આપી દીધી છે. એમ કહીને પૈસા પાછા આપતા નથી.તેની પાસે કર્ઝ ચૂકવી દીધાની કોઈ રસીદ પણ નથી. કોઈ ગવાહ કે સાબિતી પણ નથી. તે માણસે કહ્યું કે તમે હમદાનનાં મોટા આલીમે દીન છો. તમે મારી મદદ કરો. તમે શહેરનાં ચીફ જસ્ટિસ (કે જે પણ આલીમે દીન છે) તેની પાસે જઈને મારી ભલામણ કરાવો કે જેથી મારા પૈસા મને પાછા મળી જાય.

હમદાનનાં આલીમે દીન તે માણસને લઈને ચીફ જસ્ટિસ કાઝી પાસે જાય છે.જ્યારે તે ચીફ જસ્ટિસ કે જેનું નામ અબ્દુલ કરીમ હતું. તેણે જ્યારે હમદાનનાં આલીમે દીનને જોયા તો એહતેરામમાં ઉભા થઈ ગયા અને તેમને બેસાડ્યા. તે આલીમે દીને  હમદાનનાં આ માણસનાં કર્ઝની વાત કરી કે ફલાણા મર્હુમનાં વારસદાર આ માણસનાં કર્ઝની રકમ અદા નથી કરતા. આ માણસ પાસે કર્ઝ આપ્યાની રસીદ છે જ્યારે કે તે લોકો આમ જ કહે છે કે પૈસા

પાછા આપી દીધા છે. તેની પાસે કર્ઝ ચૂકવ્યાની કોઈ રસીદ પણ નથી. તેની પાસે ગવાહ પણ નથી કે તેણે આ રકમ પાછી આપી દીધી છે. તમે આ કેસમાં મદદ કરો તો આ માણસને તેની રકમ પાછી મળી જાય.

તે ચીફ જસ્ટિસ કહે છે કે તે ખાનદાનને હું ઓળખું છું. તેની બેવા ઔરત દીનદાર, મુતક્કી અને પરહેઝગાર છે.તે કહી રહી છે કે તેના શૌહરે તેના પૈસા પાછા આપી દીધા છે તો તે ૧00% સાચું કહી રહી છે.મને તેના પર પુરો ભરોસો છે કે તે પૈસા માટે ક્યારેય જૂઠ નહી બોલે.તે ઔરત કહે છે કે તેના શૌહરે કર્ઝ ચૂકવ્યું છે.તેની રસીદ હતી પરંતુ તે રસીદ ખોવાઈ ગઈ છે. હું તે બેવા દીનદાર ઔરત પર કેસ નહી કરું,તેની વિરુધ્ધ ફેંસલો નહિ આપું. ભલે તેની પાસે ગવાહ ન હોય.

અમુક દિવસો પછી તે ચીફ જસ્ટિસ કાઝી હમદાનનાં આ આલીમે દીનનાં ઘરે આવ્યા અને કહેવા લાગ્યા કે ચાલો આપણે તે કર્ઝ આપનાર શખ્સનાં ઘરે જઈએ અને તેના પર થૂંકીએ. તેણે તે બેવા ઔરત પર જુઠો આરોપ મૂક્યો અને કર્ઝની ઉઘરાણી કરી.તે બેવા ઔરતને તેના મોહલ્લામાં ઝલીલ - રૂસ્વા કરી. તે આલીમે દીને પૂછ્યુંઃ શું થયું? તે ચીફ જસ્ટિસે તે રસીદ બતાવી કે જેમાં તે ઔરતનાં શૌહરે તે માણસને કર્ઝની રકમ ચૂકવ્યાની પહોંચ હતી. તેની રસીદ તો ખોવાઈ ગઈ હતી તો તે કેવી રીતે મળી...?

તે ઔરત કહે છે કે આ માણસ દરરોજ મારાથી કર્ઝની ઉઘરાણી કરવા માટે મારા ઘરે આવતો. મોહલ્લામાં શૌર બકોર કરતો અને મારી બેઈઝ્ઝતી કરતો. મારા શૌહરે તેના પૈસા પાછા આપી દીધા હતા પરંતુ તેની રસીદ મળતી ન હતી.હું શરીફ દીનદાર ઔરત, પરેશાન હતી.મારી પાસે પૈસા પણ ન હતા કે તેને પાછા આપું.

અંતે મેં શહેઝાદીએ કૌનેન જનાબે ઝહરા (સ.અ.)નાં વસિલાથી તવસ્સુલ કરવાનું શરૂ કર્યું. મેં અલ્લાહથી દુઆ કરી, દરરોજ હું ૧૩૫ વખત "યા ઝહરા" કહેતી હતી. ૩ દિવસ મેં આ અમલ કર્યો. (જનાબે ફાતેમા (સ.અ.) નાં નામનાં

અદદ ૧૩૫ છે). મેં અલ્લાહથી દુઆ કરી કે યા અલ્લાહ, તને જનાબે ઝહરા (સ.અ.)નાં બાઅઝમત નામનો વાસ્તો, મારી હાજતને પૂરી કરી દે... ત્રીજા દિવસે રાત્રે મેં ખ્વાબમાં મારા શૌહરને જોયા... મેં તેમને ફરિયાદ કરી કે આ કર્ઝ આપનાર, મને બેઈઝ્ઝત અને ઝલીલ કરે છે. રસીદ ખોવાઈ ગઈ છે.. તેનો શૌહર કહે છે જનાબે ઝહરા (સ.અ.)ની દુઆથી હું તને બતાવવાં આવ્યો છું.. મારા મૃત્યુ પછી તમે વધારાની વસ્તુઓ વહેંચવાનું શરૂ કર્યું. તમે મારી ફલાણી કિતાબ વહેંચી દીધી. આ કિતાબમાં મેં આ કર્ઝ ચૂકવ્યાની રસીદ મૂકી હતી. આ કિતાબ તમે વહેંચી દીધી, તેની પાસેથી ફલાણા આલીમે તે કિતાબને ખરીદી છે. તેના ઘરમાં લાઈબ્રરી છે.તેમાં કબાટમાં ચૌથી લાઈનમાં આઠમી કિતાબ છે અને તેના ફલાણા પેજમાં આ રસીદ રાખેલી છે. કિતાબનાં સરનામા અને પેજ નં. સાથે બતાવ્યું. તે ઔરત કહે છે કે સવાર પડી એટલે હું તે આલીમે દીનનાં ઘરે ગઈ.. મેં તેમને વાત કરી.. તેણે કહ્યું કે અગર કિતાબમાં રસીદ હોય તો તમે લઈ લો... ખ્વાબમાં બતાવ્યાં પ્રમાણે કબાટમાં ચૌથી લાઈનમાં આઠમી કિતાબ ખોલી તો બતાવેલા પેજની વચ્ચે તે રસીદ મૌજુદ હતી. તે રસીદ તે ઔરતે લીધી અને ઘરે પાછી આવી ગઈ. તે ઔરત મારી પાસે આવીને મને આ રસીદ આપી ગઈ. જુઓ આ રસીદ.

નામે ઝહરા (સ.અ.)નાં વસિલાથી બીજી દુનિયામાં ચાલ્યા ગયેલ શૌહરે ખ્વાબમાં આવીને આ રીતે પોતાની બેવા ઔરતની મદદ કરી.અમુક આલીમો ૧૧૦ વખત આ વિર્દ "યા ઝહરા" પઢવાનું કહે છે. કારણ કે મૌલા અલી (અ.સ.)નાં નામનાં અદદ ૧૧૦ છે. વાકેઅન જનાબે ઝહરા (સ.અ.)નો અલ્લાહની બારગાહમાં અઝીમ મકામ છે....(જનાબ મૌલાના સાદિક હસન સાહેબની મજલીસમાંથી)

અઝાદારો! આપની ઝહેમત તમામ... આ જ શહેઝાદી તેમનાં મઝલુમ અને પ્યાસા દિકરા ઈમામ હુસૈન (અ.સ.)નો પુરસો લેવા માટે અઝાખાનામાં આવે છે અને અઝાદારોનાં આંસુને પોતાના રૂમાલમાં જમા કરે છે... આવો

શહેઝાદીને આપના ફરઝંદ, જનાબે મોહસીન (અ.સ.)ની શહાદતનો પુરસો આપીએ.

ઈમામ સાદિક (અ.સ.)એ ફરમાવ્યું :

‘પછી (કયામતના દિવસે) ફાતેમા (સ.અ.) રસુલુલ્લાહ ((સ.અ.)વ.)ના દુખ્તર ઉભા થશે અને આપ (સ.અ.) ફરમાવશે: અય અલ્લાહ! જેમણે મારા ઉપર ઝુલ્મ કર્યો, મારો હક્ક છીનવી લીધો, મને ઈજા પહોચાડી અને મારા બધા ફરઝંદો બાબતે મને બેચૈન કરનારાઓ અંગેના તારા વાયદાને પુરો કર.’

ત્યારબાદ સાતેય આસમાનના ફરિશ્તાઓ, ઈલાહી અર્શના ઉપાડનારાઓ, વાતાવરણમાં વસનારાઓ, ધરતીની ઉપર અને તેની માટીની નીચે વસનારી તમામ મખ્લુક અલ્લાહ (તઆલા)ને મુખાતબ થઈને તેમના (સ.અ.) માટે નૌહા અને ગીર્યા કરશે. ત્યારબાદ અમારા કાતિલો અને અમારી ઉપર ઝુલ્મો કરનાર અને એ લોકો જેઓ અમારા ઉપર કરવામાં આવેલ ઝુલ્મોથી રાજી હતા તેઓમાંથી કોઈ બચશે નહિ સિવાય કે તેઓને તે દિવસે 1000 વખત કત્લ કરવામાં આવશે...

આજે જ .મોહસીન (અ.સ.)ના મસાયેબનો ઝીક્ર કરીશું.

બિસ્મિલ્લાહ હિરરહમા નિરરહીમ.

હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે,

અમારા માટે કરબલા કરતા કોઈ મોટો ગમ નથી પરંતુ સકીફામાં જે થયું તે, અને પછી મૌલા અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ના ઘરને સળગાવવામાં આવ્યું તે ગમ અમારી માટે મોટો ગમ છે, કેમકે તે ઘરમાં ઈમામ હસન અ. ઈમામ  હુસૈન અ. જનાબે ઝયનબ સ. અને જનાબે ઉમ્મે કુલ્સુમ સ. જનાબે ફીઝઝા સ. પણ હતા. અને તે લાનતી લોકોએ જયારે જનાબે ફાતેમા ઝહરા સ. ઉપર હુમલો કર્યો ત્યારે જનાબે મોહસિન (અ.સ.) કે જે જનાબે ફાતેમા ઝહરા સ. ના પેટમાં હતા, તે પણ શહીદ થઈ ગયા, અને અમારી ઉપર ઝુલ્મ કરવાની શરૂઆત અહીથી જ કરવામાં આવી હતી.

(હવાલો :અલ્હિદાયતુલ કુબ્રા પેજ-૪૧૭)

## મજલીસ 15

## જ સકીના (સ.અ.)થી તવસ્સુલ અને જ સકીના (સ.અ.)ના મસાયેબ

હુજ્જતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન આકાય હાજ મહમુદ શરીઅત ઝાદેહ ખુરાસાની વર્ણવે છે કે :

“એક દિવસ હું જ. રુકય્યાહ બીન્તુલ હુસૈન (જ. સકીના) સલામુલ્લાહે અલયહાના હરમ મુબારકમાં દાખલ થયો ત્યારે એક સમૂહ ઝરીહની સામે ઝીયારત પઢવામાં અને અઝાદારી કરવામાં મશગુલ હતો. મુખ્લીસ મદ્દાહ નિકુઈથી મેં સાંભળ્યું કે : “જ. સકીના (સ.અ.)ના હરમને વિશાળ બનાવવા માટે હરમની આજુબાજુના મકાનોને ખરીદવામાં આવી રહ્યા હતા. એક મકાન માલિક યહુદી અથવા ઈસાઈ હતો તે પોતાના મકાનને વેચવા માટે તૈયાર નહોતો. ખરીદનારા તેના મકાનની અઢી ગણી કીમત આપવા તૈયાર હતા. પરંતુ તેમ છતા તે વેચવા માટે તૈયાર નહોતો.

અમુક મુદ્દત પછી તે મકાન માલિકની પત્ની હામેલા થઈ. બાળકનાં જન્મનો સમય નજીક હતો. તેણીને ઈલાજ માટે ડોક્ટર પાસે લઈ ગયા. ડોક્ટરે દર્દીને તપાસ કરીને પછી કહ્યું કે : “માતા અને બાળકની હાલત ખતરામાં છે. માટે જરૂરી છે કે માતા અમારી દેખરેખ હેઠળ રહે. તેઓ એ ડોક્ટરની વાતને કબુલ રાખી.

મકાન માલિક કહે છે કે : “જયારે વિલાદતનું દર્દ શરુ થયું તો હું મારી પત્નીને દવાખાના પર લઈ ગયો અને પછી હું ત્યાંથી પરત ફર્યો અને જ. સકીના (સ.અ.)ના હરમની ચોખટ પર હાજર થયો અને જ. સકીના (સ.અ.)થી તવસ્સુલ કર્યું . મેં કહ્યું : “અગર આપ મારી પત્ની અને બાળકને નજાત આપશો અને તેમના માટે ખુદા પાસેથી શફા અપાવશો તો હું મારું મકાન આપને હદીયો કરી દઈશ.” અમુક સમય સુધી મેં તવસ્સુલ કર્યું અને ત્યાર બાદ દવાખાને પરત આવ્યો તો મેં જોયું કે મારી પત્ની અને બાળક પથારી ઉપર સહીહ સલામત સુતા હતા.

મારી પત્ની એ મને પૂછ્યું : “તમે ક્યાં ગયા હતા ?”મેં કહ્યું : “એક કામ હોવાથી ગયો હતો.”

મારી પત્ની એ કહ્યું : “તમે હ.ઈ. હુસૈન (અ.સ.)ની દુખ્તરથી તવસ્સુલ કરવા ગયા હતા?”

મેં કહ્યું : “તને કેવી રીતે ખબર પડી ?” મારી પત્ની એ કહ્યું : “હું એ સ્થિતિમાં સખત દર્દને લીધે થોડી વાર બેહોશ થઈ ગઈ હતી અને તે બેહોશીની હાલતમાં મેં જોયું કે એક નાની બાળકી દવાખાનાનાં ઓરડામાં દાખલ થઈ અને મને કહ્યું :“બેચૈન ન થશો. અમે તમારી  અને તારા બચ્ચાની સલામતી માટે અલ્લાહ તઆલા પાસે દુઆ કરી છે. તમારું બાળક એક દીકરો છે. મારા સલામ તમારા પતિને આપશો અને તેમને  કહેજો કે દીકરાનું નામ હુસૈન રાખે.”

મેં કહ્યું : “આપ કોણ છો ?” તો તે બાળકીએ કહ્યું :  “હું રુકય્યા (સકીના) બીન્તુલ હુસૈન અ.સ  છું.”

આકાય હાજ મહમૂદ શરીઅત ઝાદેહ ખુરાસાની કહે છે કે  “મેં મદ્દાહ નિકુઈને પૂછ્યું કે તેઓ એ આ બનાવ કોના સંદર્ભથી નકલ કર્યો છે તો તેમણે કહ્યું : "મે આ બનાવ જ. સકીના (સ.અ.)ના હરમના ખાદિમથી  સાંભળ્યો છે કે જે ખુદ એહલે સુન્નતથી છે અને તે દુખ્તરે ઈમામ હુસૈન (અ.સ.)ના હરમની ખિદમત ગુઝારીનો ફખ્ર ધરાવે છે. તેના પિતા પણ જ. સકીના (સ.અ.)ના હરમના ખાદીમોમાંથી હતા.”

(સીતારાએ દરખ્શાને શામ : રુકય્યા દુખ્તરે ઈ. હુસૈન (અ.સ.) પા ૩૫૬ )

બીજો એક વાકેઓ સાંભળીયે :

હુજ્જતુલ ઈસ્લામ આકાય હાજ શેખ અલી રબ્બાની ખલ્ખાલીના મોટા ભાઈ વર્ણવે છે કે :

એક દિવસ હું ( જ. સકીના બીન્તુલ હુસૈન (સ.અ.) ના હરમમાં ) તકરીર કરી રહ્યો હતો અને જ. સકીના (સ.અ.)ના મસાએબ પઢી રહ્યો હતો. લોકોના ગીર્યા અને ચીખ પુકારના સખત અવાજમાં મારા કાન સુધી એક ખાતુનના

બેહોશ થઈ જવાની અવાજ પહોચી. તે ખાતુનને મજલીસ ખત્મ થવા પછી હોશ આવ્યો.

તે ખાતુનને મારી પાસે લાવ્યા તો તેણી એ મને કહ્યું :"હું એક ખાતુન છું અને મારે ત્રણ ફરઝંદ છે. હું હ્રદયની બીમારીમાં સપડાએલી છું. ત્યાં સુધી કે તમામ ડોક્ટર નાઉમ્મીદ થઈ ગયા છે. મેં મારા શોહરને કહ્યું કે : "મને જનાબે સકીના (સ.અ.)ના હરમમાં લઈ જાઓ." આજે ત્રણ દિવસથી હું આ હરમમાં છું. ગઈ રાત્રે મેં સ્વપ્ન જોયું કે એક નાની બાળકી એ મને લીલા રંગનું પાંદડું આપ્યું અને કહ્યું કે : "આ પાંદડાને ખાઈ લો, તમોને સારું થઈ જશે." મેં તેણીને પૂછ્યું કે : "આપ કોણ છો ?"તેણી એ કહ્યું : "હું હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની દુખ્તર રુકય્યા (જ.સકીના) છું." હું ઊંઘ માંથી જાગી અને હરમમાં આવી તો મેં જોયું કે આપ મસાએબ પઢવામાં મશગુલ હતા. ત્યારે તે જ બાળકી જાગૃત અવસ્થામાં મારી પાસે આવી અને આજુબાજુના બધા લોકો જોઈ રહ્યા હતા તેમ એક લીલું પાંદડું મને આપ્યું.

આ જોઈને હું બરદાશ્ત ન કરી શકી અને બેઈખ્તેયાર બેહોશ થઈ ગઈ. અલહમ્દોલિલ્લાહ અત્યારે મારી તબિયત ખૂબ જ સારી છે."

(સીતારાએ દરખ્શાને શામ: રુકય્યા દુખ્તરે ઈ. હુસૈન (અ.સ.) પા ૩૫૮)

આવો આજે જ. સકીના(સ.અ.)ના મસાએબનો ઝિક્ર કરીશું.

કૈદખાનાના અંધકારમાં ઘણા દિવસો અને રાતો પસાર થયા પછી, એક દિવસ ઈમામ હુસૈનની વ્હાલી દીકરી જનાબે સકીના તેના ભાઈ ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) પાસે ગઈ અને એક સવાલ પૂછ્યો કે ભાઈ સજ્જાદ તમે ઈમામ છો અને ઈમામનો મકામ એ છે કે દરેક ઇલ્મથી કામિલ છો., હું તમને એક પ્રશ્ન પૂછું છું કે તમે મને કહો "પ્યાસની કેટલી મંજિલ (તબક્કા) છે ?

જનાબે સકીનાનો આ સવાલ સાંભળીને જનાબે ઝૈનબ ગમગીન થયી ગયા, સકીનાની આગળ આવીને તેમને પોતાના ખોળામાં બેસાડી દીધા. ઈમામ સજ્જાદે કહ્યું : ફુફી અમ્મા સકીનાએ આ સવાલ તેમના ઝમાનાના ઈમામને

પૂછ્યો છે અને આ સવાલનો જવાબ આપતા ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: બહેન સકીના, પ્યાસની પ્રથમ મંઝીલ એ છે કે જ્યારે વ્યક્તિ એટલો તરસ્યો હોય કે તેની આંખોની સામે ધુમાડો દેખાય અને તેને જમીન અને આસમાન બધું જ એક દેખાય.

જનાબે સકીનાએ કહ્યું હા, મેં મારા ભાઈ કાસિમને બાબાને કહેતા સાંભળ્યા હતા,કે ચચા જાન, મને એટલી તરસ લાગી છે કે મને જમીનથી આસમાન સુધી માત્ર ધુમાડો જ દેખાય છે.

ઈમામે ફરી કહ્યું : સખ્ત પ્યાસની બીજી મંઝીલ એ છે કે જ્યારે વ્યક્તિની જીભ સુકાઈ જાય અને તાળવા પર ચોંટી જાય. જનાબે સકીના કહે છે કે હા, જ્યારે ભાઈ અકબરે બાબાના નજીક પોતાની સુકી ઝબાન કાઢી અને પીતાના મો સુધી લાવ્યા અને કહ્યું, "બાબા, તમારી ઝબાન તો મારી ઝબાન કરતાં વધુ સુકાઈ ગઈ છે, ત્યારે કદાચ મારા બાબા સખ્ત પ્યાસની બીજી મંઝીલ પર હતા .ઈમામ એ પછી કહ્યું : તરસનો ત્રીજો તબક્કો એ છે કે જ્યારે માછલીને પાણીમાંથી બહાર કાઢીને રેતી પર ફેંકવામાં આવે છે અને તે માછલી થોડીવાર પછી પ્યાસની શીદ્દતના લીધે તેનું મોં ખોલે છે અને ફરીથી બંધ કરે છે. જનાબે સકીના કહે છે કે હા, જ્યારે મારા બાબાએ ભાઈ અલી અસગરને કરબલાની જમીન પર રાખી દીધા, ત્યારે જનાબે અલી અસગરની હાલત એક તડપતી માછલી જેવી હતી, તે સખત પ્યાસના લીધે મોઢું ખોલીને બંધ કરી દેતો હતો, કદાચ મારા ભાઈની તરસની ત્રીજી મંઝીલ હતી. તે સમયે આ હાલ હતો. ત્યારે ઈમામે કહ્યું : તરસની ચોથી અને છેલ્લી મંઝિલ એ છે કે જ્યારે માનવ શરીરમાથી પાણી પૂરી રીતે ખતમ થઈ જાય છે અને તેનું માંસ હાડકાઓમાંથી નીકળી જાય છે, ત્યારે તેનું મૃત્યુ થાય છે. આ સાંભળીને જનાબે સકીનાએ ઈમામ સામે હાથ જોડીને કહ્યું : ભાઈ, હું કદાચ પ્યાસની સખત મંઝીલના છેલ્લા મકામ પર છું . જુઓ મારા શરીરનું માંસ મારા હાડકાં છોડીને સુકાઈ ગયું છે, હવે હું મારા બાબા પાસે જવાની છું. સકીનાના આ શબ્દો સાંભળીને કોહરામ મચી ગયો..ખબર નથી કે સકીનાની પ્યાસ ક્યારે બુજાણી હશે.

જ્યારે ઈમામ હુસૈન (અ.સ.)નું મુબારક સર, ઝિંદાને શામમાં ૪ વર્ષની બચ્ચી જનાબે સકીના (સ.અ.)ને આપવામાં આવ્યું તો આપ (સ.અ.)એ તશ્ત પર થી મુબારક સર ઉઠાવ્યું અને આ રીતે ગિર્યા કર્યું:

અય બાબા! કોણે આપની (મુબારક દાઢી)ને ખૂનથી રંગીન કરી દીધી ?

અય બાબા! કોણે આપની ગરદનની નસો કાપી નાખી?

અય બાબા! કોણે મને આ કમસિનીમાં યતીમ કરી?

અય બાબા! તમારા પછી મારો સહારો કોણ છે?...રડતા રડતા આપની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ .

## મજલીસ 16

## ઈ. મુસા કાઝીમ (અ.સ.)ના ફઝાયેલ અને મસાયેબ

શોએબ અકર કૂતી ઈમામ કાઝિમ અલય્હિસ્સલામના વિશ્વાસુ સાથીઓમાંથી છે. તેઓ વર્ણન કરે છે કે હજના દિવસો હતા અને અમો હજના માટે ગયેલા હતા. એક દિવસ હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામએ મને ફરમાવ્યું: શોએબ ! કાલે તમને એક શખ્સ મળશે, જેનો સબંધ મોરક્કોના પ્રદેશથી હશે અને તે તમારાથી મારા વિશે પૂછપરછ કરશે તો તમે તેને જવાબમાં કહેજો, ખુદાની કસમ મૂસા બિન જાફર ઈમામ છે અને ઈમામ સાદિક અલય્હિસ્સલામ એ તેમની ઈમામતની નસ (પ્રમાણ) ફરમાવી છે. અને જો તેઓ તમારાથી હલાલ અને હરામના મસઅલા પૂછે તો મારા તરફથી તેમને જવાબ આપજો.મેં અરજ કરી, મૌલા ! હું આપ પર કુરબાન થાઉં. આ પશ્ચિમી શખ્સની શું નિશાની છે? આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: તે લાંબો અને જાડી ચામડીનો માલિક હશે. તેનું નામ યાકૂબ છે અને જયારે તમારી તેની સાથે મુલાકાત થાય તો જરાય ગભરાતા નહીં અને તમને જે કંઈ પણ પૂછે તેનો જવાબ આપજો અને જો તે મારી પાસે આવવા માંગે તો તેને મારી પાસે લઈ આવજો.

શોએબ કહે છે ખુદાની કસમ આ વાત થઈ તેના બીજા દિવસે હું તવાફ કરતો હતો કે એક ખડતલ શખ્સે મારી તરફ મોં કર્યુ અને કહ્યું: હું તારાથી તારા આકા અને મૌલા વિશે પૂછવા માંગુ છું.મેં કહ્યું: આપ મારા ક્યા આકા અને મૌલાની વાત પૂછવા માંગો છો? તેણે કહ્યું: મૂસા બિન જાફરના વિશે પૂછવા માંગુ છું?

મેં કહ્યું: તમારૂં નામ શું છે? અને ક્યાંના રહેવાસી છો અને તમે મને કેવી રીતે ઓળખ્યો?

તેણે કહ્યું: મારૂં નામ યાકૂબ છે. અને હું પશ્ચિમનો રહેવાવાળો છું અને મને સ્વપ્નાની હાલતમાં એક શખ્સે હુકમ આપ્યો હતો કે શોએબથી મુલાકાત કરો અને જે કંઈ પૂછવું હોય તે તેનાથી પૂછો અને જયારે હું જાગ્યો તો મેં તમારી શોધખોળ કરવી શરૂ કરી અને તમને શોધી કાઢયા.

મેં કહ્યું: હું તવાફ પુરો કરી લઉં પછી આપથી વાતચીત કરીશ. તવાફ પુરો કર્યા પછી મેં તેનાથી મુલાકાત કરી અને તેનાથી વાતો થઈ તો તે શખ્સ મને શાણો અને બુધ્ધિશાળી દેખાયો. તેણે ઈમામ મૂસા કાઝિમથી મળવાની ઈચ્છા વ્યક્ત કરી હું તેને ઈમામ અલય્હિસ્સલામની ખિદમતમાં લઈ આવ્યો.ઈમામ અલય્હિસ્સલામએ તેને જોઈને ફરમાવ્યું: તું કાલે મક્કાની આ જગ્યા એ ઊતર્યો અને ફલાણા ઠેકાણે તારા અને તારા ભાઈ વચ્ચે ઝઘડો થયો અને તમે એક બીજાને ગાળો આપી. યાદ રાખો આ અમારૂ ચારિત્ર્ય નથી. મારા બાપદાદાઓ અને મારો દીન આ વસ્તુનો વિરોધી છે અને આપણો દીન આપણને આવું કરવાની કયારેય છૂટ નથી દેતો. ખુદાથી ડરો અને પરહેઝગારી ઈખ્તિયાર કરો અને નજીકમાં જ મૌત તમારી અને તમારા ભાઈ વચ્ચે જુદાઈ નાખી દેશે. અને તમારો ભાઈ આ મુસાફરીમાં મરી જશે. અને તે વતનનું મોં જોવા નહીં પામે. તમે કત્એ રહેમ કરી છે એટલે અલ્લાહે તમારી વય ટૂંકાવી નાખી છે. એ શખ્સે પૂછ્યું: તો મૌલા હું ક્યારે મરીશ?

ઈમામ અલચ્હિસ્સલામ એ ફરમાવ્યું: તને પણ મૌત આવવાની હતી. પણ તે ફલાણે ઠેકાણે તારી ફૂફી પર મહેરબાની કરી અને સિલે રહેમી કરી એટલા માટે અલ્લાહે તારી ઉમ્રમાં વીસ વર્ષનો વધારો કરી દીધો છે.

શોએબ અકર કૂતી બયાન કરે છે કે એક વર્ષ પછી મક્કાના રસ્તામાં મારી યાકૂબથી મુલાકાત થઈ અને મેં તેનાથી પાછલા વર્ષની વિતક પૂછી તો તેણે બતાવ્યું કે પાછલા વર્ષે મારો ભાઈ વતન પહોંચવા પહેલા જ મરી ગયો હતો રસ્તામાં મેં તેને દફન કરી દીધો હતો.

**સાતમાં ઈમામના મસાયેબ**

ઈમામ મૂસાએ કાઝીમ (અ.સ.) કે જેમની લાશ, બગદાદનાં પૂલ પર છોડી દેવામાં આવી હતી. આપે ૧૪ વર્ષ કૈદમાં પસાર કર્યા. હું ઈમામ સજ્જાદ (અ.સ.)ને  એમ કહેવા ચાહીશ કે મૌલા! તમે કૈદમાં રહ્યા પણ અંતે તમારી હથકડી ખોલવામાં આવી, બેડીયા ઉતારવામાં આવી પરંતુ હાય ઈમામ મૂસાએ કાઝીમ (અ.સ.)નો જનાઝો, બગદાદનાં પૂલમાં એવી રીતે પડ્યો હતો કે જંજીરોમાં જકડાયેલો હતો.હારુન રશીદ મલઉનનો એવો ઈરાદો હતો કે મૌલાનો જનાઝો, રાતની તારીકીમાં છોડી દેવામાં આવે કે જેથી મુસાફરો ત્યાંથી પસાર થાય તો ઈમામની લાશ પામાલ થઈ જાય અને કોઈને ખબર પણ ન રહે. પરંતુ રાતની તારીકીમાં બગદાદનાં પૂલ પર બન્ને બાજુએ કતાર બનવા લાગી.જ્યારે ઘણી કોશિશ કરવામાં આવી તો જાનવરોએ આગળ વધવાનો ઈન્કાર કરી દીધો એ એલાન સાથે કે અય ઈન્સાન! તું તેમની અઝમતને જાણતો નથી પરંતુ અમે તેમની અઝમતને જાણીએ છીએ.લોકો ત્યાંથી પસાર થયા તો જોયું કે એક સૈયદ, મઝલુમ, બે ગૌરો કફનની જંજીરોમાં જકડાયેલી લાશ પડી છે. હારુન નઉઝોબિલ્લાહ એમ ચાહતો હતો કે ઈમામની લાશ, ઝિલ્લતની સાથે ખત્મ થઈ જાય. પરંતુ પરવરદીગારે  મૌલાની લાશને એ શાન અને એજાઝ અતા ફરમાવ્યો કે આખા બગદાદમાં તેનું એલાન

થઈ ગયું અને પૂરી શાન અને શૌકતની સાથે મૌલાની લાશ, બગદાદમાં દફન થઈ.

હું કહીશ મૌલા! આપે કૈદ જરૂર બરદાસ્ત કરી, આપે મસાએબ જરૂર બરદાસ્ત કર્યા પરંતુ આપની લાશને પામાલીથી બચાવી લેવામાં આવી. પરંતુ હાય જ્યારે કરબલામાં શોહદાની લાશ પડી હતી તો ઉમરે સાદે કહ્યું હવે બધી લાશોને પામાલ કરી દેવામાં આવશે તો અમુક લોકો આવ્યા અને જનાબે હબીબ ઈબ્ને મઝાહિરની લાશ લઈ ગયા, અમુક લોકો આવ્યા અને જનાબે મુસ્લીમ ઈબ્ને અવસજાની લાશ લઈ ગયા ત્યાં સૂધી કે લોકો પોત પોતાના શોહદાની લાશ લઈ ગયા. પરંતુ તેઓની દરમીયાન એક એવી લાશ મૌજુદ હતી કે જેને ઉઠાવવા વાળું કોઈ ન હતું. એક બહેન પોતાનાં ભાઈની લાશને પામાલ થતા જોવે છે અને મદીના તરફ રૂખ કરીને કહે છે અય નાના! હુસૈનને પોતાનાં સીના પર સુવરાવવા વાળા, નાના! આજે તમારા પ્યારા હુસૈનની લાશ પામાલ થઈ રહી છે, તેની લાશ ઉઠાવનારું કોઈ મૌજુદ નથી..

(મૌલાના કુમૈલ મહ્દાવી સાહેબની મજલીસમાંથી )

## મજલીસ 17

## અઝા એ હુસૈન (અ.સ.) અને ઈનાયતે ઝહરા (સ.અ.) અને જ. ઝહરા (સ.અ.)ના મસાએબ

હુજ્જતુલ ઈસ્લામ "ઈમામી સયલી" કહે છે કે: "હુજ્જતુલ ઈસ્લામ "હાજ મિર્ઝા અલી મોહદ્દીસ ઝાદહ"એ મસ્જીદે સાહેબુઝ્ઝમાન (અ.ત.ફ.શ)માં મીમ્બર પરથી ફરમાવ્યું:

માહે ઝિલ્હજના છેલ્લા દિવસે સાંજે, તેહરાનના એક પ્રખ્યાત ખતીબે, તેની પહેલી મોહર્રમની મજલીસ માટે જવા ચાહ્યું તો શેરીની વચ્ચે એક વૃદ્ધ ઔરતે તેને કહ્યું: " મૌલાનાં સાહેબ, મેં આજ રાત્રિથી દસમી રાત્રિ સુધી મારા ઘરે મજલીસ રાખી છે, મહેરબાની કરીને અમારે ત્યાં આવો અને અમારા માટે

મજલીસ પઢો. ખતીબે કહ્યું: મારી પાસે સમય નથી, હું નહીં આપી શકું. તે ઔરતે કહ્યું: જ્યારે પણ તમે રાત્રે પાછા આવો તો અમારે ત્યાં તશરીફ લાવો પછી ભલે તે થોડી મિનિટો માટે કેમ ન હોય. ખતીબ સંકોચની સાથે સંમત થયા. મોહર્રમની પહેલી રાત્રે જ્યારે ખતીબ તેની મજલીસમાંથી પાછા ફર્યા તો તેણે જોયું કે એક નાનકડું ઘર, અઝાદારી માટે તૈયાર કરવામાં આવ્યું હતું અને તેઓએ કેટલીક ઇંટોમાંથી એક મીમ્બર બનાવ્યું હતું અને કાળા લિબાસ પહેરેલી ત્રણ કે ચાર ઔરતો, અઝાદારી માટે બેઠી. તે ખતીબે ઘણી શિદ્દતની સાથે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની ફઝીલત બયાન કરી અને મુખ્તસર ઈશારા સાથે મજલીસ ખત્મ કરી અને ઔરતો પણ આંસુ વહાવી રહી હતી. તેમનો આ મજલીસનો પ્રોગ્રામ દરરોજ રાત્રે રહેતો ત્યાં સુધી કે પાંચમી કે છઠ્ઠી રાત આવી અને ખતીબ શહેરની મુખ્ય મજલીસમાંથી પાછો આવી રહ્યો હતો ત્યારે તેણે પોતાની જાતને કહ્યું: "હું આજે રાત્રે વૃદ્ધ ઔરતના ઘરે જવાનો નથી." જ્યારે તે પોતાના ઘરે પહોંચ્યા, તેમણે ખાવાનું ખાધું અને આરામ કર્યો ત્યાં સૂધી કે તે સુઈ ગયા. તેમણે હઝરત ઝહરા (સ.અ.)એ ખ્વાબમાં જોયા. ખતીબે અર્ઝે અદબ કરી પરંતુ તેણે જોયું કે હઝરત ઝહરા (સ.અ.)એ તેને નઝરઅંદાઝ કર્યો તો તે ખતીબ હચમચી ગયો. તેણે પૂછ્યું: શું મારાથી કોઈ ભૂલ થઈ ગઈ છે? બીબીએ ફરમાવ્યું: તમે તે વૃદ્ધ ઔરતને ઇન્તેઝાર કરાવ્યો અને ત્યાં કેમ ન ગયા?! ખતીબ તરત જ ખ્વાબમાંથી બેદાર થયા અને વૃદ્ધ ઔરતનાં અઝાખાના તરફ દોડયા. તેણે જોયું કે તે ઔરત ઘરની સામે ઉભી હતી અને રસ્તા તરફ જોઈ રહી હતી. તેણે ખતીબને જોયો ત્યારે તેણે કહ્યું: તમે આટલો મોડા કેમ આવ્યા?! ખતીબ ધ્રૂજતા દિલ અને આંસુ ભરેલી આંખો સાથે ઘરમાં દાખલ થયા અને ઈંટો પર બેસીને બીજી બધી રાત્રો કરતા સૌથી બહેતર મજલીસ પઢી અને તે રાત્રે તેને સમજાયું કે જ્યાં પણ સૈયદુશ્શોહદા (અ.સ.)ની મજલીસ હશે ત્યાં આપ (અ.સ.)ની વાલેદા જનાબે ઝહરા (સ.અ.) જે સાહેબે અઝા છે તે આ મજલીસની ખાસ સંભાળ રાખશે અને તેમાં શિરકત પણ

કરશે. (કરામાતે હુસૈનીયાહ: ભાગ 2, પેજ નં. 261; આપણો દીન આપણા આલીમો: 183)

અઝીઝો! અગર આપણે તારીખ પર નજર કરીએ તો એહલેબૈત (અ.મુ.સ) પર મસાએબની શરૂઆત ત્યારથી થઈ જ્યારથી હઝરત રસૂલે ખુદા ((સ.અ.)વ), આ દુનિયાથી રૂખ્સત થયા. કરબલાનો વાકેઓ તે મસાએબનો ઉરૂજ છે. એટલા માટે જ હઝરત રસૂલે ખુદા ((સ.અ.)વ) પોતાના આખરી સમયમાં એહલેબૈત (અ.મુ.સ)ને જોઈને રડતા હતા.

હજી હઝરત રસૂલે ખુદા ((સ.અ.)વ)નું કફન મેલું થયું ન હતું કે લોકોએ તે ઘર પર હુમ્લો કર્યો કે જે ઘર પર હઝરત રસૂલે ખુદા ((સ.અ.)વ), આયતે તત્હીરનાં નાઝીલ થવા પછી સતત સલામ કરતા હતા. હઝરત અલી (અ.સ.)ની બયઅતને ખાતિર, હઝરત અલી (અ.સ.)નાં ઘર પર હુમ્લો કર્યો અને તેમાં આગ લગાડી દીધી. તે લોકોએ એક આદમીને હઝરત અલી (અ.સ.)નાં ઘરે મોકલ્યો. તે આદમીએ કહ્યું કે તમને હઝરત રસૂલે ખુદા ((સ.અ.)વ)નાં ખલીફા બોલાવે છે.હઝરત અલી (અ.સ.)એ કહ્યું ખરેખર તે હઝરત રસૂલે ખુદા ((સ.અ.)વ)નો ખલીફા નથી, હું આપ ((સ.અ.)વ)નો ખલીફા છું. લોકોનાં ઘણા બધા ઈસ્રાર કરવા છતાં પણ હઝરત અલી (અ.સ.) ત્યાં ન ગયા. ત્યાં સુધી કે લોકોએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નાં ઘરનો ઘેરાવ કર્યો છતાં પણ હઝરત અલી (અ.સ.) ત્યાં ન ગયા તો લોકોએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નાં ઘરમાં આગ લગાડી દીધી.જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પર સળગતો દરવાજો ગીરાવી દીધો. ન ફક્ત સળગતો દરવાજો ગીરાવ્યો પરંતુ આપ (સ.અ.)નાં બત્ને મુબારકમાં જે જનાબે મોહસીન (અ.સ.) હતા તેમને પણ શહીદ કરી દીધા.

જનાબે મોહસીન ઈબ્ને અલી (અ.સ.)ની શહાદત, સકિફા પછી થઈ. આ તે શહાદત છે જે અઝીમ તરીન શહાદત છે. ઘણાં લોકો ઈન્કાર કરે છે મોહસીન નામનો કોઈ દિકરો જ નથી પરંતુ આ અલ્લાહનો કરમ છે કે તમે જ્યારે જિદ્દામાં

જશો તો ખરેખર તમે જોશો કે ત્યાં એક રસ્તો છે કે જેનું નામ મોહસીન ઈબ્ને અલી ઈબ્ને અબીતાલિબ (અ.સ.) છે.

તમે સૌ જાણો છો કે જ્યારે કોઈ બચ્ચું પેટમાં હોય છે તો ફક્ત એક હાથ પણ જો પેટમાં લાગે છે તો તે બચ્ચાની માં ને કેટલી તકલીફ થાય છે, ખાસ કરીને ત્યારે કે જ્યારે ગર્ભાશયનો સમય નજદીક આવી ગયો હોય ત્યારે ખૂબજ તકલીફ થાય છે. હવે તમે વિચારો તે સમયે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની શું હાલત થઈ હશે જ્યારે એક લઈને આપ (સ.અ.)નાં પેટ પર તલવાર લગાવી હશે અને પગોથી હુમ્લો કર્યો હશે ? અને આ બધું એટલા માટે કે જેથી પેટમાં રહેલું બચ્ચું પડી જાય. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને દર અને દિવાર વચ્ચે એવી રીતે પિસ્વામાં આવ્યા કે ત્યાં જ જનાબે મોહસીન (અ.સ.)ની શહાદત થઈ ગઈ.

ખરેખર આ બનાવ પાછળ કોણ જવાબદાર છે? શું તે શખ્સ જવાબદાર નથી કે જેણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નો દરવાજો સળગાવ્વાનો હુકમ આપ્યો? શું તે લોકો જવાબદાર નથી કે જેઓ આ બધું જોઈ રહ્યા હતા? શું તે લોકો જવાબદાર નથી કે જેઓએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) દર અને દિવાર વચ્ચે પીસી નાખ્યા હતા?

જનાબે મોહસીન ઈબ્ને અલી (અ.સ.)ની શહાદત એક મન્સુબાની સાથે કરવામાં આવી હતી. આ શહાદતનાં કારણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નાં દીલ પર જે અસર થઈ છે તેને ખરેખર કોણ બયાન કરી શકે છે? જરા જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ દર્દને જોવો. એક તરફ પોતાનાં બાબાની જુદાઈનો સદમો, બીજું પોતાનાં શૌહરની ગરદનમાં રસ્સી જોવાનો સદમો, ત્રીજું પોતાનાં નાના દિકરાઓ હસન અને હુસૈનનાં રડવાનો સદમો, ચોથું પોતાની સામે જ પોતાનાં દિકરા જનાબે મોહસીન (અ.સ.)ની મૈયતને જોવી, ખરેખર આ બધું કોણ બરદાસ્ત કરી શકે છે? આ તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નું જીગર હતું કે એટલી બધી મુસીબતો પડવા છતાં પણ આપ (સ.અ.) સબ્ર કરતા

રહ્યા... આ ઝુલ્મોને સહન કરતા કરતા ૧૮ વર્ષની વયે આપની શહાદત થઈ, અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ કે જ.ઝહરા(સ.અ.)ના કાતીલોના અઝાબમાં વધારો કરે..

## મજલીસ 18

## ઈમામ સજ્જાદ (અ.સ.)ના ફઝાયેલ અને મસાયેબ

અબુ નમીર અલી ઈબ્ને યઝીદ કહે છે કે :

“જયારે હઝરત ઈમામ ઝય્નુલ આબેદીન, અલી ઈબ્ને હુસૈન (અ.સ.) શામથી મદીના પરત ફરી રહ્યા હતા ત્યારે હું તેમની સાથે હતો અને તેમના ઘરની મોહતરમ ખાતુનો સાથે હું ખૂબ સારો વ્યવહાર કરતો હતો. જયારે તેઓ સવારી પરથી ઉતરતા ત્યારે હું પાછળ ચાલ્યો જતો અને જયારે તેઓ સવારી ઉપર સવાર થતા ત્યારે હું દુર ચાલ્યો જતો. જયારે તેઓ મદીના ઉતરી ગયા ત્યારે મોહતરમ ખાતુનોએ તેમના અમુક લિબાસ મને હદિયા તરીકે મોકલ્યા. મેં તેનો સ્વીકાર ન કર્યો અને કહ્યું કે : ‘મેં અલ્લાહના ખાતિર આપની સાથે આ વ્યવહાર કર્યો છે.’આથી હ.ઈ.ઝય્નુલ આબેદીન (અ.સ.) એ એક કાળો પત્થર લીધો અને તેના ઉપર તેમની અંગુઠીથી મહોર લગાવી દીધી. અને મને કહ્યું કે : ‘આ પત્થર લઈ જા અને તારી તમામ હાજત તેની પાસેથી માંગજે.’

રાવી કહે છે: તે અલ્લાહની કસમ ! કે જેણે હઝરત મોહમ્મદ (સ.અ.)વ.ને હક પૂર્વક મબઉસ કર્યા છે, હું તે પથ્થરને અંધારા ઘરમાં રાખતો તો તે પ્રકાશિત થઈ જતું અને તાળા ઉપર રાખતો તો તે ખુલી જતું. હું મારા હાથ મેં તેને લઈને સુલતાનો – હકીમો પાસે જતો તો હું જે પસંદ કરતો તે જ બાબત ને તેમની પાસેથી પામતો. (મદીનતુલ મઆજીઝ ભાગ ૪ પા ૨૫૯ હ ૧૨૯૩ )

અબ્દુલ મલિકે હિ.સ. ૭૧માં ઈરાક પર સેના મોકલી અને મુસ્અબ બિન ઝુબેરનો ખાત્મો કર્યો અને પછી અબદુલ્લાહ બિન ઝુબેરનો ખાત્મો કરવા માટે હજ્જાજ બિન યુસુફને એક જંગી સેના સાથે મક્કા હિ.સ. ૭૨માં મોકલ્યો. ઈબ્ને

ઝુબેરે હજ્જાજનો સખ્ત મુકાબલો કર્યો. ઘણી લડાઈઓ થઈ, અંતે ઝુબેર ઘેરાયો અને કાઅબામાં પનાહ લીધી.

હજ્જાજે તેને બહાર કાઢવા માટે કાઅબા પર પથ્થરોનો મારો ચલાવ્યો. એટલું જ નહિ બલ્કે, કાઅબાને જમીનદોસ્ત કરી દીધો. અને તેનો કાટમાળ વગેરે રસ્તા પર ફેંકાવી દીધો. તેને લોકો લૂંટી કે ઉપાડી ગયા.

ઈબ્ને ઝુબેર હિ.સ. ૭૨માં જમાદિઉલ આખરમા માર્યો ત્યાર પછી કાઅબાને ફરીથી ચણાવવા તરફ હજ્જાજે ધ્યાન આપ્યું. યોજના ઘડાઈ તે મુજબ કામ કરવાનું શરૂ કરી દેવાયું. પણ હજી તો કામની શરૂઆત કરવામાં આવી ત્યાં તો એક અજગર આવીને એ જગ્યા પર બેસી ગયો તેને હટાવ્યા વગર પાયો ખોદાય તેમ નહોતું અને તેને હટાવવાની કોઈ યુક્તિ કારીગરોને ન સૂઝવાથી તેઓ હજ્જાજ પાસે ગયા.

હજ્જાજ ગભરાયો અને લોકોને બોલાવીને મશવેરો કર્યો કે, હવે શું કરવું ? લોકોને કાંઈ સૂઝ પડી નહિ પણ તેમાંના એક માણસને વિચાર આવ્યો કે હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) હાલ મક્કામાં છે અને એ જરૂર કોઈ રસ્તો બતાવી શકશે, એટલે તેણે પોતાનો વિચાર લોકોને જણાવ્યો. બધાને લાગ્યું કે તે જ ઠીક છે અને હજ્જાજને પણ ઠીક લાગ્યું એટલે તેણે ઈમામ (અ.સ.)ને સમસ્યાના ઉકેલ માટે આમંત્રણ આપ્યું.

આપ (અ.સ.) તશરીફ લાવ્યા એટલે હજ્જાજે વાત કરી અને સામે આવેલી સમસ્યાનો ઉકેલ માંગ્યો. આપ (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું કે હજ્જાજ તમે લોકોએ કાઅબાને પોતાની મિરાસ સમજી લીધી છે, બિનાએ ઈબ્રાહીમ (કાઅબા)ને ઉખેડીને તેનો કાટમાળ રસ્તા પર ફગાવી દીધો અને લોકો તેને લૂંટી કે ઉપાડી ગયા, હવે જ્યાં સુધી એ માલ લોકો પાછો આપી ન જાય ત્યાં સુધી અલ્લાહ તઆલા તને કાઅબાનું નવેસરથી ચણતર કરવા દેશે નહી.

હજ્જાજે આપ (અ.સ.)નો જવાબ સાંભળીને જાહેરાત કરી કે જે માણસ પાસે કાઅબાનો જે કંઈ માલ સામાન હોય તે તેણે પાછા આપી જવું અને તેના

ફરમાન પછી લોકો માલ પાછો લાવ્યા બધો માલ માટી વગેરે પાછો આવી જતાં, આપ (અ.સ.) અજગર પાસે ગયા. અજગર હટી ગયો અને આપ (અ.સ.)એ કાઅબાનો પાયો ઠીક કર્યો અને તેના પર ચણતર કરવાનું કારીગરોને કહ્યું. ચણતર કામ જયારે એ તબકકે પહોંચ્યું કે હજરે અસ્વદની સ્થાપના કરવામાં આવે ત્યારે એ મુશ્કેલી પેશ આવી કે કોઈ આલિમ, ઝાહીદ કે કાઝી તેને સ્થાપવા જતો તો પોતાના સ્થાને સ્થિર રહેવાને બદલે હલતો રહેતો હતો. આખરે હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને બોલાવવામાં આવ્યા આપ (અ.સ.)એ “બિસ્મિલ્લાહ”કહીને તેને સ્થાપિત કરી દીધો અને લોકોએ “અલ્લાહો અકબર”ના નારા બુલંદ કર્યા.

(દમ્અતુસ્સા સાકેબા ભાગ ૨, પા.૪૩૭)

ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને પૂછવામાં આવ્યું : કરબલાના સફરમાં તમને સૌથી સખ્ત મસાએબ ક્યાં પડયા ?

જવાબમાં ઈમામ (અ.સ.) એ ૩ વખત ફરમાવ્યું : અશ્શામ, અશ્શામ, અશ્શામ

એક રીવાયતમાં ઈમામ સજ્જાદ (અ.સ.) એ નોઅમાન બિન મુન્ઝીર મદાએનીને ફરમાવ્યું :

શામમાં અમારા ઉપર ૭ મુસીબતો એવી પડી કે અસીરીની શરૂઆતથી અંત સુધી આવી મુસીબત ક્યારેય પડી ન હતી :

૧, શામમાં ઝાલીમોએ ખુલ્લી તલ્વારો અને નેઝાઓ સાથે અમને ઘેરી લીધા હતા અને અમારા ઉપર હુમલો કરતા હતા અને કઅ્બે મને નેઝો માર્યો અને ખુબ મોટો મજમો અમને જોઈ રહયો હતો અને ઢોલ અને તબલા વગાડી રહ્યો હતો.

૨, શહીદોના સરોને અમારી સ્ત્રીઓની મેહમીલની સામે રાખવામાં આવ્યા હતા. મારા પિતાનું અને મારા કાકા અબ્બાસ (અ.સ.) નું સર મારા ફુઈ જ. ઝયનબ (સ.અ.) અને જ. ઉમ્મે કુલ્સુમ (સ.અ.) ની સામે રાખવામાં આવ્યું હતું

અને મારા ભાઈ અલી અકબર (અ.સ.) અને કાસીમ (અ.સ.) નું સર સકીના અને ફાતેમા (મારે બહેનો)ની સામે રાખવામાં આવ્યું હતું અને તેઓ સરોની બેહુરમતી કરતા હતા. ક્યારેક તેને ઝમીન ઉપર ફેંકતા અને પોતાના ઘોડાઓના પગોથી તેને મારતા હતા.

૩, શામની ઔરતો અમારા ઉપર ઘરોની છતો ઉપરથી અમારા માથા ઉપર પાણી અને આગ ફેંકતી હતી. આગ મારા અમામા ઉપર પડી, કારણકે મારા હાથ ગરદન પાછળ બંધાયેલા હતા અને હું તે આગ બુજાવી શકતો ન હતો જેના કારણે મારો અમામો બળી ગયો અને આગ મારા માથા સુધી પહોંચી અને તે પણ બળવા લાગ્યું હતું.

૪, સૂર્યોદયથી લઈને સુરજ ડૂબવા સુધી ઢોલ અને ત્રાંસા સાથે અમને ગલીઓ અને બજારોમાં ફેરવવામાં આવ્યા, અમને તમાશાઈઓની દરમ્યાન ગલીઓ અને બજારોમાં ફેરવતા અને કેહતા : અય લોકો આમને મારી નાખો કારણકે ઈસ્લામમાં તેઓ જરા પણ માનને લાયક નથી.

૫, અમને બધાને એકજ રસ્સીમાં બાંધવામાં આવ્યા હતા અને આ હાલતમાં અમોને યહૂદી અને ઈસાઈઓના ઘરો પાસેથી પસાર કરતા અને તેઓને કેહતા : આ તેજ લોકો છે કે જેમના બાપ દાદાઓએ ખય્બર અને ખંદકમાં તમારા બાપ દાદાઓને કતલ કર્યા હતા.

૬, અમને જ્યાં ગુલામો વહેંચાતાં હોય તે બજારમાં લઈ ગયા અને તેઓએ ચાહ્યું કે અમને ગુલામ અને કનીઝ તરીકે વહેંચી દે પરંતુ અલ્લાહે તેમને આ કાર્ય કરવા દીધું નહી.

૭, અમને એવા મકાનમાં રાખ્યા હતા કે જેને છત ન હતી, દિવસમાં અમને ગરમી અને રાત્રે ઠંડીના કારણે આરામ મળતો ન હતો.

(સોગનામાએ આલે મોહમ્મદ, લેખક મોહમ્મદ ઈશ્તેહારદી પાનું ૪૫૯ મુલ્લા હબીબ કાશાનીની તઝ્કેરતુશ શોહદામાંથી નકલ કરતા)